بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૦**

**મુહર્રમુલ હરામ-સફરુલ્ મુઝફ્ફર**

**હિજરી સન : ૧૪૩૧**

**વર્ષ : ૦૭, અંક : ૦૧, સળંગ અંક : ૭૩**

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | સફર મહિનો ''મન્હૂસ'' નહીં ! પણ ''બરકતોવાળો મહીનો'' | ૦૨ |
| ૦૨ | **ઈમામ અહમદ રઝા અને તસવ્વુફ (સૂફીપણા)ની હકીકત** *(તંત્રી લેખ....)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૦ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૩ |
| ૦૬ | કાનૂને શરીઅત | ૧૫ |
| ૦૭ | સાદાતે કિરામની ફઝીલત તથા અન્ય જરૂરી મસાઈલ | ૧૭ |
| ૦૮ | નજદી વહાબીઓએ બનાવેલા નવા મસ્આ (સઈના સ્થાન)માં સઈનો હુકમ | ૨૨ |
| ૦૯ | તક્લીદનો ઈન્કાર એટલે સવાદે આ'ઝમથી વિદ્રોહ ! | ૨૬ |
| ૧૦ | હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પિતા 'આઝર' કે 'તારુખ' ?! | ૩૧ |
| ૧૧ | ચિંચનિયામાં નવી મસ્જિદો તથા નમાઝીઓની ભીડ ! | ૩૬ |
| ૧૨ | આ'લા હઝરત શા માટે ? | ૩૮ |
| ૧૩ | રામ જેઠમલાનીના કથન ''વહાબી ચળવળ આતંકવાદી ચળવળ !''ની ભીતરમાં | ૪૦ |
| ૧૪ | ''બરકાતે ખ્વાજા''ના લેખના આઘાત પ્રત્યાઘાત | ૪૩ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


**શોહદાએ કરબલા કી બારગાહ મેં સલામ**

મુર્તઝા કે દુલારોં પે લાખોં સલામ
ચશ્મે ઝેહરા કે તારોં પે લાખોં સલામ

નૂરે, ઐને મૌલા અલી પર દુરૂદ
હાશેમી નામદારોં પે લાખોં સલામ

ભુકે પ્યાસે, ગરીબુલ-વતન, ખસ્તાજાં
બાખુદા રોઝદારોં પે લાખોં સલામ

સર હથેલી પર રખ કર જો સાથી હુએ
ઉન બહત્તર સવારોં પે લાખોં સલામ

કત્લ કી શબ જો મેહવે ઈબાદત રહે
ઉન તહજ્જુદ ગુઝારોં પે લાખોં સલામ.

કુવ્વતે બેકસાં, દસ્તગીરે જહાં
બે બસોં કે સહારોં પે લાખોં સલામ

જિન કે ઈમાં સે ઈમાંને પાયા ફરોગ
ઐસે ઈમાનદારોં પે લાખોં સલામ.

# સફર મહિનો "મન્હૂસ" નહીં ! પણ "બરકતોવાળો મહીનો"

★★★ કાર્યાલય ★★★

ઈસ્લામી બીજા મહિનાનું નામ "સફર" છે, જેનો અર્થ "ખાલી" છે. આ મહિનો માહે મુહર્રમ પછી આવે છે. મહબૂબે ખુદા ﷺના આગમન પહેલાં મુહર્રમ મહિનામાં જંગ હરામ હતી, પણ જ્યારે સફરનો મહિનો આવતો તો અરબ જંગના માટે જતા અને ઘરોને "ખાલી" છોડી જતા હતા, એટલા માટે એને સફર કહે છે.

## ★ એક ગલત માન્યતા ★

અલ્લાહના બનાવેલ સર્વ મહિના તથા દિવસો બરકતી છે, મનહૂસ કોઈ નથી. સફર મહિનાને લોકો મનહૂસ સમજે છે, એમાં શાદી વિવાહ નથી કરતા અને પુત્રીઓની વિદાયગીરી નથી કરતા. અન્ય પણ એ પ્રકારનાં કામ કરવાથી પરહેઝ કરે છે અને મુસાફરી કરવાથી દૂર રહે છે. ખાસ કરીને માહે સફરની શરૂઆતની તેર તારીખોને સખત વધારે મનહૂસ માનવામાં આવે છે અને તેને તેરમી તેઝી કહે છે. આ સર્વ **જહાલત** છે.

માહે સફરના છેલ્લા બુધના રોજને કેટલીક જગાએ લોકો ખૂબ મનાવે છે અને પોતાના કારોબાર બંધ કરી આપે છે, હરવા ફરવા માટે જાય છે, પૂરીઓ પકાવે છે, નહાય ધૂએ છે, ખુશીઓ મનાવે છે અને કહે છે કે સરકારે દો જહાં ﷺએ આ દિવસ તંદુરસ્ત થવાનુ ગુસ્લ કર્યું હતું અને મદીના પાકની બહાર તશરીફ લઈ ગયા હતા. આ સર્વ વાતો પાયા વિનાની છે, બલ્કે એ દિવસોમાં સૈયદે અરબો અજમ ﷺનું દર્દ સખ્તીની સાથે હતું, જેથી ઉપરોક્ત વાતો હક઼ીક઼તથી વિરુદ્ધની છે.

અને અમુક લોકો કહે છે કે એ દિવસે બલાઓ આવે છે, આવા પ્રકારની વિવિધ વાતો કરવામાં આવે છે. આ સર્વ ગલત વાતોને નીચેની હદીષો રદ કરે છે :–

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે આપે ફર્માવ્યું, "સફરમાં ન બીમારી છે, ન નહૂસત અને ન ભૂત શયતાન." *(ઈસ્લામી મહિનોં કે ફઝાઈલ મસાઈલ, અઝ : શયખ અબ્દુલ હક઼ મુહદ્દિષ દહેલ્વી)*

સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ન "મુતઅદ્દી" (એકની બીમારી બીજાને થવી) બીમારી છે, અને ન "હામા" અને ન ચંદ્રની મંઝિલ અને ન સફર. *(રિવાયત કરી મુસ્લિમે, મિશ્કાત, પેજ–૩૯૧, બહવાલા બારા માહકે ફઝાઈલ)*

જ્યારે ઉપરોક્ત તથા અન્ય હદીષોમાં આપણા નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે **સફરને મનહૂસ માનવું તથા તેમાં બલાઓનું ઉતરવું એ માન્યતા ખોટી છે.** જેથી જેઓ એવું માનતા હોય તેમણે એ માન્યતાને દૂર કરવી જોઈએ.

## ★ માહે સફરની પ્રથમ રાતના નફ્લ ★

ઈશાની નમાઝ બાદ ચાર રકાત નમાઝ પઢે. પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા પછી સૂરએ કાફિરૂન ૧૫ વાર પઢે. બીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી કુલ્હુવલ્લાહ શરીફ ૧૫ વાર. અને ત્રીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી સૂરએ ફલક ૧૫ વાર અને ચોથી રકાતમાં સૂરએ ફાતિહા પછી સૂરએ નાસ ૧૫ વાર પઢે. પછી સલામ ફેરવ્યા બાદ اِیَّاکَ نَعْبُدُ وَاِیَّاکَ نَسْتَعِیْنَ અમુકવાર પઢે પછી ૭૦ વાર દુરૂદ શરીફ પઢે તો અલ્લાહ તઆલા તેને મહાન સવાબ અતા કરશે અને તેને દરેક બલાથી બચાવશે. *(રાહતુલ કુલૂબ)* વધુ પેજ નં. ૪૨.....પર☞



(ઉર્સ : ૨૫-સફર)

# ઈમામ અહમદ રઝા અને તસવ્વુફ (સૂફીપણા)ની હકીકત

તંત્રી લેખ.....

કેટલાક અજાણ લોકો ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ વિશે એવું જાણતા તથા સમજતા હોય છે કે આપ જાહેરી ઈલ્મોમાં ખૂબ પારંગત હતા, મહાન મુફતી હતા, બહુ મોટા આલિમ હતા વગેરે, પણ આપ કેટલા મહાન સૂફી તથા વલી હતા તે વિશે અંધારામાં છે, તેઓ જાણી લે કે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એક તરફ ઈલ્મ તથા અમલના ક્ષેત્રે અતિ કમાલ ધરાવનારી શખ્સિયત છે તો સાથોસાથ આપ વલીએ કામિલ તથા સૂફીઓના ઈમામ પણ છે, તેના વિશે વિગતો રજૂ કરતાં પહેલાં અત્રે તસવ્વુફના બારામાં ચર્ચા છેડવી છે જેથી **સૌ પ્રથમ "સૂફી" કોને કહેવાય** અને **તસવ્વુફ (સૂફીઈઝમ) શું છે ?** તેના સંબંધે સંક્ષિપ્ત ચર્ચા જોઈ લઈએ. આજે અતિશ્યોક્તિના દૌરમાં મહાન મહાન લક઼બોનું મહત્વ જ જાણે ખતમ થઈ ગયું છે, જેને ને તેને "સૂફીએ બાસફા, સૂફીએ મિલ્લત, બક઼ીયતુસ્સલફ, શયખે તરીક઼ત, શયખે વક્ત, પીરે તરીક઼ત, રહબરે શરીઅત......વગેરે" લક઼બોથી નવાઝવાની ઉદારતા ખાસ કરીને મુરીદો તથા એનાઉન્સરો થકી સ્ટેજો પરથી ખૂબ જ ધૂમથી ચાલે છે ! તથા અમુક ઉદાર ક઼લમકારો પણ છૂટથી આવા લક઼બો નવાઝતી વખતે પાછુ ફરીને જોતા જ નથી ! પણ હક઼ીક઼તમાં "સૂફી" તથા "સૂફીપણુ" શું છે તેના વિશે મશહૂર સાચા વલીઓ તથા સૂફીઓની ઝબાની જ જાણી લઈએ.

## ★ તસવ્વુફ તથા તરીક઼ત એટલે શું ? ★

**આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલવહહાબ શઅરાની** رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"તસવ્વુફ શું છે ? બસ ! શરીઅતના હુકમો પર બંદાઓના અમલનો ખુલાસો છે." *(તબ્ક઼ાતુશ્શાફઈય્યતુલ્ કુબરા, પેજ–૪)*

**સૈયદી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ખફીફ ઝબ્બી** رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"તસવ્વુફ એનું નામ છે કે દિલ સાફ કરવામાં આવે અને શરીઅતમાં નબી ﷺની પયરવી થાય." *(તબક઼ાતુલ કુબરા લિલ્ ઈમામ શઅરાની, પેજ–૧૮)*

'તસવ્વુફ' એ તરીક઼તનું જ બીજુ નામ છે અને **'તરીક઼ત'** એ માર્ગનું નામ છે" **જે ખુદા સુધી પહોંચાડનાર"** હોય. હવે ખુદા સુધી પહોંચાડનાર માર્ગ કયો છે ? એને સૈયિદિના **ગ઼ૌષે આ'ઝમ શયખ અબ્દુલક઼ાદિર જીલાની** رضی اللہ عنہની ફયઝવાળી ઝબાનથી સાંભળીએ :–

"અલ્લાહની પ્રતિ સૌથી અધિક નજીકનો માર્ગ બંદગીના ક઼ાનૂનને અનિવાર્યપણે પકડવો અને **શરીઅતની ગાંઠને પકડેલા રહેવું.**" *(બેહજતુલ અસ્રાર–અલ્લામા અબુલ હસન અલી શતનૂફી, પેજ–૫૦, બહવાલા ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ)*

## ★ કરામતોના પ્રકાર કયા કયા ? ★

દરેક 'સૂફીએ કામિલ' વિલાયતના દરજ્જા પર બિરાજમાન હોય છે અને દરેક વલી અવશ્ય ''કામિલ સૂફી'' હોય છે. વલી કોણ છે ? એની વ્યાખ્યામાં પણ ઘણા બધાં કથનો (અક્વાલ) છે પરંતુ કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે : "અલ્લાહના **વલીઓ** તે છે જે **ઈમાન તથા તક્વા**ના કમાલથી સજ્જ હોય છે." બીજી વાત એ છે કે **વિલાયતના માટે કરામત અનિવાર્ય છે, પણ એ બે પ્રકારની છે,** એક એ જેમાં કોઈ ધોકાને અવકાશ નથી હોઈ શક્તો. બીજી તે જેમાં 'ઈસ્તેદરાજ' તથા હાથ ચાલાકી (ધોકા)ની શંકા થઈ શકે છે. જેથી **અસલ કરામત** એ જ છે જે શંકાથી પાક હોય. એટલા માટે **સૈયેદના ગ઼ૌષે આ'ઝમ** رضی اللہ عنہ ફર્માવે છે :

"વલીની કરામત એ છે કે તેનું કાર્ય (અમલ) નબીના ક઼ૌલના ક઼ાનૂન પર બરાબર ઉતરે." *(બેહજતુલ અસ્રાર, પેજ–૩૧, પ્રિન્ટ : મિસર)*

હઝરત શયખ અકબર મુહયુદ્દીન મુહમ્મદ ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **એક કરામત તો 'હિસ્સી'** હોય છે જેને સામાન્ય પબ્લિક પણ જાણે છે, જેમ કે હવામાં ઉડવું, પાણી પર ચાલવું, ભૂતકાળ તથા ભવિષ્યકાળની હાલતોની ખબર આપવી, સેંકડો માઈલ એક ક઼દમમાં પાર પાડવા. **બીજી કરામત 'મઅનવી'** હોય છે જેને કેવળ ખાસ લોકો જ ઓળખે છે તે એ છે કે :–

## ★ અસલ કરામત શરીઅત પર અડગતા ! ★

"પોતાના નફસ પર શરીઅતના નિયમોની રક્ષા રાખે, ઉમદા ટેવો હાંસલ કરવા તથા બુરી આદતોથી બચવાની તૌફીક઼ પામે, સર્વ વાજિબ સમયસર અદા કરવાની કાળજી રાખે.

આ કરામતોમાં પ્રપંચ ધોકા કે ઈસ્તેદરાજને દખલ નથી. અને તે કરામતો જેને આમ લોકો ઓળખે છે એ સૌમાં છુપા ધોકાની દખલ હોય શકે છે. મઅનવી કરામતમાં ધોકા તથા ઈસ્તેદરાજની દખલ નથી." *(ફુતૂહાતે મક્કિયા, ૨/૪૮૭)*

ઉલમાએ બાતિનના આ ઈર્શાદોની રોશનીમાં તસવ્વુફ, તસવ્વુફવાળો (સૂફી), કરામત, સાહિબે કરામત (કરામતવાળો) તથા વલીની સંક્ષિપ્તપણે ઓળખ દિમાગમાં આવી જાય છે કે **અસલ તસવ્વુફ** એ **દિલની સફાઈ** તથા **શરીઅતની પાબંદી** છે. હક઼ીક઼ી તથા **આ'લા કરામત** એ **શરીઅત પર અડગતા** છે. સાચો **વલી તે જ હશે** જે સૈયદુલ કૌનેન ﷺની **ઈતાઅત (આજ્ઞાપાલન)** તથા **અનુસરણમાં સાચો હોય.**

હઝરત અબુલ ક઼ાસિમ કુશૈરી رضی اللہ عنہ કિતાબ કુશૈરિયહ્ (પેજ–૩૦)માં સૈયદના જુનેદ બગદાદી رحمۃ اللہ علیہનું ફર્માન નકલ કરે છે :

"જે પોતાના પર શરીઅતના નિયમો લાઝિમ ઠરાવે તેના દિલને અલ્લાહ તઆલા મઅરેફતના નૂરથી રોશન કરી આપશે. અને કોઈ મક઼ામ એનાથી વધીને ઈજ્જતવાળુ નથી કે હુકમો, કાર્યો, આદતો સર્વમાં હુઝૂરની પયરવી (અનુસરણ) કરવામાં આવે. *(મક઼ાલુલ ઓરફા–૨૦)*

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જો તમે કોઈને જુઓ કે એવી કરામત દેખાડે છે કે **હવા પર પલાઠી વાળી બેસી શકે તો તેનાથી ધોકો ન ખાશો** જ્યાં સુધી એ ન જુઓ કે ફર્ઝ તથા વાજિબ, મકરૂહ તથા હરામ અને હદોની રક્ષા તથા શરીઅતના નિયમોમાં તેનો હાલ કેવો છે ? *(કુશૈરિયહ્–૧૮)*

**હે વલીઓ સૂફીઓના ચાહકો !** હજી ફરીવાર વલી તથા સૂફી કોને કહેવાય તે ઉપરોક્ત મહાન બુઝુર્ગોના કથનો પરથી જાણી લો અને સમજી લો કે એ પ્રમાણેના જે હોય તે જ સૂફી તથા વલી કહેવાશે, એમના સિવાયના જે સૂફી કે વલી હોવાનો ઢોંગ રચે તો તે ધોકાબાઝ સિવાય અન્ય કાંઈ જ નથી તે સમજી લેજો.

હવે આવો ! એ જ બુઝુર્ગોના કથનોની રોશનીમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું સાહિબે તસવ્વુફ, હામિલે તરીક઼ત, સાહિબે કરામત તથા વલીએ કામિલ હોવું જોઈ લઈએ.

## ★ આ'લા હઝરત શરૂથી જ બાકમાલ સૂફી હતા ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જિંદગી પર એક ઉડતી નજર નાખતાં એ હકી઼ક઼ત ઉઘાડા દિવસની જેમ રોશન થઈને સામે આવે છે કે તેમણે પૂરી જિંદગી શરીઅત પર સખ્તીથી અમલ કર્યો. દરેક ફર્ઝ તથા વાજિબની રક્ષા તથા સુન્નતોના તથા શરીઅતના અનુસરણમાં કોઈ ઉણપ ન થવા દીધી જેના પરિણામે તેમનું દિલ મુબારક એવું પાકીઝા તથા સાફ સુથરુ થઈ ચૂક્યુ હતું તથા નૂરે મઅરેફત એવું ઝમઝમી ઉઠયું હતું કે જિંદગીના પ્રારંભમાં જ દેખાવા લાગ્યું હતું.

ઈમામ અહમદ રઝા હિ.સ. ૧૨૯૪ માં જ્યારે મુહિબ્બે રસૂલ મૌલાના અબ્દુલક઼ાદિર બદાયૂની رحمۃ اللہ علیہના નિર્દેશ પર પોતાના વાલિદે ગિરામી ઉમ્દતુલ મુહક્કિ઼ક઼ીન મૌલાના નક઼ી અલીખાં رحمۃ اللہ علیہની સંગાથમાં મારહરા શરીફ સૈયદના શાહ આલે રસૂલ મારહરવી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થઈને બયઅતથી ફૈઝયાબ થયા તો તે જ વખતે વાલિદે ગિરામીની સાથે ઈજાઝત તથા ખિલાફતથી પણ સરફરાઝ કરવામાં આવ્યા.

હઝરત ખાતિમુલ અકાબિર સૈયદના શાહ આલે રસૂલ મારહરવી رحمۃ اللہ علیہના વલીઅહદ પૌત્ર તથા બાકમાલ ખલીફા સૈયદના અબુલ હુસૈન અહમદ નૂરી رحمۃ اللہ علیہએ અર્ઝ કરી, "હુઝૂર ! આપને ત્યાં ખૂબ જ રિયાઝત તથા મુજાહિદા પછી ખિલાફત આપવામાં આવે છે ! તો આમને અત્યારે (તરત જ) કઈ રીતે આપી દેવામાં આવી ? ફર્માવ્યું : "અન્ય લોકો મેલુ ઘેલુ, કાટવાળુ દિલ લઈને આવે છે, એની સફાઈના માટે રિયાઝત તથા મુજાહિદાની જરૂરત હોય છે. પણ આ સાફ સુથરુ દિલ લઈને આવ્યા જેથી એમને રિયાઝત તથા મુજાહિદાની શું જરૂરત હતી ? કેવળ નિસ્બતની જરૂરત હતી જે બયઅત સાથે જ પ્રાપ્ત થઈ ગઈ.

વધુમાં ફર્માવ્યું : મને મહાન ચિંતા હતી કે ક઼યામતના દિવસે જો અહકુમુલ હાકિમીને સવાલ કર્યો કે આલે રસૂલ ! તું મારા માટે શું લાવ્યો છે ? તો હું શું રજૂ કરીશ ! પણ ખુદાનો શુક્ર છે કે આજે એ ફિક્ર દૂર થઈ ગઈ. એ સમયે હું "અહમદ રઝા"ને રજૂ કરી દઈશ."

હિ.સ. ૧૨૯૪ માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઉમર ૨૨ વરસ હતી પરંતુ તેમનું દિલ મુબારક એવું રોશન તથા સાફ થઈ ચૂક્યું હતું કે એ ઉચ્ચ બારગાહમાં આ પ્રમાણે તેમનું સન્માન થયું. વિચારો ! જ્યારે શરૂઆતનો હાલ તથા કમાલ આ છે તો અંતની ઉચ્ચતાનો તથા દિલની સફાઈનો આલમ શો હશે ?

## ★ તક઼વો તે આનું નામ ! સાચા સૂફી આવા હોય છે ! ★

ઈમામ અહમદ રઝા ઈમામુસ્સૂફિયા رحمۃ اللہ علیہની જિંદગી શરીઅતે મુસ્તફા તથા સુન્નતે મુસ્તફા صلی اللہ علیہ وسلمની પાબંદીથી શણગારેલ છે. આપના તક઼વાની શાન અતિ ઉચ્ચતમ છે. અમુક પ્રસંગો રજૂ કરું છું જેનાથી અંદાઝો થશે કે આપ તક઼વા જ નહીં વરઅ (તક઼વાથી ઉચ્ચ)ની આ'લા મંઝિલે બિરાજમાન હતા અને

إِنْ أَوْلِيَاءُهُ إِلَّا الْمُتَّقُونَના મુતાબિક કામિલ મુત્તકી તથા આરિફ બિલ્લાહ હતા.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની જિંદગીનો આખરી રમઝાન હિ.સ. ૧૩૩૯માં હતો એ સમયે એક તો બરેલી શરીફમાં સખત ગરમી હતી, ઉમર મુબારકનો આખરી હિસ્સો અને કમજોરી તથા બીમારીની સખ્તી હતી. એવા સંજોગોમાં શરીઅત ઈજાઝત આપે છે કે શયખે ફાની (અતિ વૃદ્ધ ઝઈફ) રોઝા ન રાખી શકે તો ફિદિયો આપે અને કમજોર બીમારને ઈજાઝત આપે છે કે કઝા કરે, પરંતુ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ફત્વો પોતાના માટે કાંઈ ઓર જ હતો જે હકીકતમાં ફત્વો નહીં 'તકવો' હતો. તેમણે ફર્માવ્યું, **"બરેલી શરીફમાં સખત ગરમીના સબબે મારા માટે રોઝા રાખવા શક્ય નથી, પરંતુ પહાડ પર ઠંડક હોય છે, અહીંથી નૈનિતાલ નજીક છે, ભવાલી પહાડ પર રોઝો રાખી શકાય છે અને હું ત્યાં પહોંચવા શક્તિમાન છું જેથી મારા ઉપર ત્યાં જઈને રોઝા રાખવા ફર્ઝ છે.** જેથી રમઝાન ત્યાં પસાર કર્યો અને પૂરા રોઝા રાખ્યા.

આજના દૌરમાં કેટલાક બનાવટી પીર તથા સૂફી બનનારાઓને રોઝા, નમાઝ તથા તરાવીહ વગેરે ઈબાદતો ભારે પડે છે ! જેથી આપણે એમને એનાથી દૂર ભાગતા જોઈએ છીએ અને રમઝાનના મુબારક માસમાં પણ ફિલ્મો, રમતો, સીરીયલો વગેરે જોઈને સમય પસાર કરતા જોઈએ છીએ ! એમના માટે આ'લા હઝરતની જિંદગી અમલી નમૂનો છે કે સાચે જ સાચા પીર સૂફી થવું હોય તો શરીઅતના પાબંદ બને, ખુદાનો ખૌફ રાખે અને મોજ મજા ને મનોરંજનવાળી જિંદગીથી તૌબા કરે. પબ્લિકે પણ આવા ઢોંગી સૂફીઓને ઓળખી લઈ તેમની મોટી મોટી સૂફિયાણી વાતોથી છેતરાવું જાઈએ નહીં.

વળી આજે કેટલાક પીરોના ફોટા તો જાણે જાનદારનો ફોટો હલાલ થઈ ગયો હોય એ રીતે પડતા રહે છે તથા મુરીદોમાં વહેંચાય છે ! તથા ઘરોમાં હારતોરા કરી ટીંગાડવામાં આવે છે. એવા સૂફીઓ સબક લે કે શરીઅતની પાબંદીમાં સૂફીઓના ઈમામ આ'લા હઝરત رحمۃ اللہ علیہ જાનદારના ફોટાથી તો જીવનભર દૂર રહ્યા, ન ફોટો ઘરમાં ઘાલ્યો ન રાખ્યો, બલ્કે તકવાનો આલમ એ કે વિસાલ વેળા રૂપિયા સુદ્ધાં ઘરેથી કઢાવી નાખ્યા કે રહમતના ફરિશ્તાના આગમનમાં કોઈ જ રુકાવટની શંકા ન રહે.

## ★ ઘસડાતા ઘસડાતા મસ્જિદે પહોંચી જમાઅતમાં જોડાયા ! ★

૨૫ સફર હિ.સ. ૧૩૪૦ ના રોજ વિસાલ થાય છે. બીમારી મહિનાઓથી હતી અને એવી કે હરવા ફરવાની શક્તિ ન હતી, એવાને શરીઅત ઈજાઝત આપે છે કે આવો બીમાર ઘરમાં એકલો નમાઝ પઢી લે, છતાં ઈમામ અહમદ રઝા જમાઅતની પાબંદી કરતા અને ચાર માણસો ખુરશી પર બેસાડીને મસ્જિદ સુધી પહોંચતા. જ્યાં સુધી આ રીતે હાજરીની શક્તિ હતી જમાઅતમાં શરીક થતા રહ્યા.

એકવાર મસ્જિદે લઈ જનાર કોઈ ન હતું, જમાઅતનો સમય થઈ ગયો તો બેચૈન થવા લાગ્યા. જાતે જ જેમ તેમ ઘસેડાઈને મસ્જિદે હાજર થયા અને જમાઅતથી નમાઝ અદા કરી. આજે હટ્ટા કટ્ટા તથા શક્તિશાળી તથા સર્વ સહુલતો છતાં નમાઝનો તર્ક તથા જમાઅતનો તર્ક કરવાના માહોલમાં આ બનાવ એક મહાન બોધપાત્ર છે.

## ★ નમાઝથી બેપરવા કહેવાતા સૂફીઓ માટે બોધદાયક પ્રસંગ ★

એકવાર ઈમામ અહમદ રઝા رحمۃ اللہ પોતાની જમીનદારીમાં રોકાયેલા હતા. દર્દે કુલંજ (એક બીમારી)ના સખત દૌરા પડયા કરતા હતા. એક દિવસે એકલા હતા. ફર્માવે છે : "ઝહોરના સમયે દર્દ શરૂ થયું તો એ જ હાલતમાં જે રીતે બન્યું વુઝૂ કર્યું. હવે નમાઝ માટે ઉભા થઈ શકાતુ ન હતું. રબ عزوجل થી દુઆ કરી અને હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمથી મદદ માંગી. મૌલા عزوجل દુઃખીઓની પુકાર સાંભળે છે. મેં સુન્નતોની

નિય્યત બાંધી લીધી તો દર્દ તદ્દન ન હતું અને સલામ ફેરવી તો એ જ સખ્તીથી હતું ! તરત જ ઉઠીને ફર્ઝોની નિય્યત બાંધી તો દર્દ જતુ રહ્યું અને જ્યારે સલામ ફેરવી તો દર્દની એ જ હાલત હતી ! બાદની સુન્નતો પઢી તો દર્દ અટકી ગયું અને સલામ ફેરવ્યા બાદ રાબેતા મુજબ ચાલુ થઈ ગયું. મેં કહ્યું, હવે અસર સુધી થતુ રહે ! પલંગ પર આડો પડી પાસાં બદલતો રહ્યો કે દર્દથી કોઈ પાસા પર ચૈન ન હતું. *(મલ્ફૂઝાત, ૨/૭૯)*

ચાહે એવું કહો કે નમાઝની હાલતમાં દર્દ એકદમ ઉઠાવી લેવામાં આવતુ હતું અથવા એવું કહો કે અલ્લાહની પ્રતિ ધ્યાન કેન્દ્રિત થવાને કારણે તથા ઈબાદતમાં અતિ મશ્ગૂલ થઈ જવાને કારણે દર્દનો અહેસાસ થતો ન હતો. ગમે તેમ પણ ઈમામ અહમદ રઝાની ખુદાની બારગાહમાં મક઼બૂલિયત તથા ઈબાદતના શોખ સંબંધે દલીલ પૂરતી છે.

### ★ સાચા સૂફીઓ તથા વલીઓ આવા હોય છે ! ★

હનફીઓના ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ દિવસભર ઈલ્મી ક્ષેત્રે વ્યસ્તતા તથા ફિક઼્હના સંપાદન વગેરેમાં વ્યસ્ત રહેતા હતા. રાત્રે નફલો તથા ઈબાદત પણ કરતા રહેતા અને રાતના અમુક હિસ્સામાં આરામ પણ કરતા. એકવાર ક્યાંક જઈ રહ્યા હતા તો એમને જોઈને કોઈકે કહ્યું, આ તે જ છે જે રાતભર ઈબાદત કરે છે ! તો એ સમયથી આખી રાત ઈબાદત તથા શબ બેદારી અપનાવી લીધી.

એ જ પ્રમાણે કોઈકે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પત્ર લખ્યો તો એમાં અન્ય લક઼બો તથા વિશેષણો સાથે "હાફિઝ" લખી આપ્યું. એ વખતે આપ બાક઼ાયદા હાફિઝ ન હતા, જો કે લગભગ સર્વ આયતો હઝરતની જીભ તથા ક઼લમ પર રહ્યા કરતી હતી અને જરૂરત પ્રમાણે તેનાથી દલીલો તથા સાબિતી પણ કરતા. શેર બે શએ અહલે સુન્નત મૌલાના હશ્મત અલીખાં رحمۃ اللہ علیہ ૨૯ શાબાન હિ.સ. ૧૩૩૭ નો પોતાનો જાત અનુભવ વર્ણન કરે છે કે એક પત્રમાં આ'લા હઝરતે પોતાના લક઼બો સાથે "હાફિઝ" લખેલું જોયું તો આંખોમાં આંસૂ આવી ગયાં અને ખૌફે ખુદાથી દિલ કાંપી ઉઠયું અને ફર્માવ્યું, "હું એ વાતથી ડરુ છું કે મારો હશ્ર (હિસાબ કિતાબ) એ લોકોમાં ન થાય જેમના બારામાં કુર્આને અઝીમ ફર્માવે છે : يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا "તેઓ એને પસંદ કરે છે કે એમની એવી ખૂબીઓ વર્ણન કરવામાં આવે જે એમનામાં નથી."

આ પ્રસંગ પછી આપે કુર્આન હિફ્ઝ કરવાનો અટલ નિશ્ચય કરી લીધો અને દરરોજ ઈશાનું વુઝૂ કર્યા બાદ જમાઅત થતા સુધીમાં એ પ્રમાણે યાદ કરતા કે કોઈ એક પારો કે વધારે આપને સંભાળાવી દેતું, પછી આપ સંભળાવી દેતા ! ૨૯ શાબાન પછીથી શરૂ કર્યુ અને ૨૯ રમઝાન સુધીમાં આપે કુર્આન હિફ્ઝ કરી લીધું અને તરાવીહમાં સંભળાવી પણ આપ્યું. *(તર્જુમાને અહલે સુન્નત, પીલીભીત)*

આ પ્રસંગ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના પ્રસંગથી કેટલાક અંશે મળતાપણુ ધરાવે છે, એમાં પણ એવું બન્યુ કે કોઈકે કહી દીધું કે "પૂરી રાત ઈબાદત કરે છે" તો ઈમામે આઝમે આખી રાત ઈબાદત કરવા માંડી ! અને અહીં પણ એ છે કે કોઈકે 'હાફિઝ' લખી દીધું તો ખૌફે ખુદા રાખીને હાફિઝ બની ગયા ! ખુદાનો ડર હોય તો આવી મુશ્કેલ ચીજો મુશ્કેલ નથી રહેતી અને દિલ એવું થઈ જાય છે કે તે કામ કરીને જ જંપે છે.

**<u>ચેતવણી</u> :** આજે લાયક ન હોવા છતાં મહાન મહાન લક઼બો કિતાબોમાં લખવામાં તથા નારાબાજીમાં સ્ટેજો પર લગાડવામાં આવે છે તો કેટલીક હસ્તી મનમાં મલકાતી રહે છે, પણ પોતે તેવા લક઼બો કે નારા મારનારાઓને રોકતી નથી, તો તેવાઓએ આ પ્રસંગથી બોધ લેવો જોઈએ. બલ્કે અમે તો જોયું છે કે

ઈસ્તિક્બાલમાં નારા ન વાગતાં અમુક તો ગુસ્સે પણ થાય છે કે અમારી ઈજ્જત ન કરી ! અન્યના નારા લગાડયા અને અમારા નહીં ! તો એવાઓએ પણ બોધ લઈને ખૌફે ખુદામાં રહી આજીજી અપનાવવી જોઈએ અને પબ્લિકે પણ અક્રીદતમાં અતિશયોક્તિ કરી ગલત સલત વધારે પડતા નારા ન મારવા જોઈએ.

### ★ ઔરતોને બે પર્દા સામે ન બેસાડતા ! ★

પીલીભીતના મશ્હૂર બુઝુર્ગ શાહજી મુહમ્મદ શેર મિયાં رحمۃ اللہ علیہથી મળવા મુહદ્દિષે સૂરતીની સાથે તશરીફ લઈ ગયા. જોયું કે શાહ સાહબ પર્દા વિના ઔરતોને મુરીદ બનાવી રહ્યા છે. શરીઅતના હુકમો પર કમાલની ગૈરત (શરમ)ને કારણે આ'લા હઝરત તેમને મળ્યા વિના જ પાછા વળી ગયા ! જો કોઈ બીજુ હોત તો નારાજ થઈ જાત પણ શાહ સાહબની બેનફસી તથા હક્ક પસંદીનો કમાલ એ રીતે જાહેર થયો કે સાંજે સ્ટેશન સુધી વળાવવા તશરીફ લાવ્યા અને સવારના પ્રસંગ બાબતે અફસોસ દર્શાવતાં કહ્યું કે, મૌલાના ! **હવે પછી હું સ્ત્રીઓને પર્દા પાછળ બેસાડીને બયઅત લેતો રહીશ."** ત્યારબાદ તેમની સાથે મુસાફો તથા મુઆનિકો કર્યો. *(હયાતે આ'લા હઝરત, પેજ-૧૮૦)*

આજકાલના કહેવાતા કેટલાક પીરો શું કરે છે તે સૌ જાણે છે ! બેપર્દા ઔરતોની મેહફિલોમાં હસાહસ પણ થાય છે અને નામેહરમ સ્ત્રીઓને હાથ પણ પીરો ચૂમાડે છે અને માથે તથા પીઠ વગેરે પર હાથ પણ ફેરવી આપે છે ! તો એવા પીરો સહીહ અર્થમાં તસવ્વુફ શું છે તે આ'લા હઝરતથી શીખે ! અને સ્ત્રીઓ પણ પીરો સામે બેપર્દા ન બને, તેમના હાથો સ્ત્રીઓ ન ચૂમે કે એ શરીઅતમાં હરામ છે તથા મર્દો પણ પોતાની ઔરતોને એવાં હરામ કામોથી રોકે.

### ★ અહીં તાવીઝ વેચવામાં નથી આવતુ ! ★

તાવીઝ પર ઉઝરત (બદલો) આજકાલ નિયમ બની ચૂક્યો છે, પણ બિહમ્દિહી તઆલા ઈમામ અહમદ રઝાનો સાવચેતીપૂર્ણ દામન એ દાગથી પણ પાક છે. એક ભાઈ હાજર થયા બદાયૂની બનેલી હાંડલી પેશ કરી. ફર્માવ્યું, શા માટે આવવાનું થયું ? કહ્યું, સલામ માટે હાજર થયો છું. સલામનો જવાબ આપ્યો. ફરી પૂછયું, કાંઈ જરૂરત ?! બોલ્યો, બસ આમ જ આવી ગયો. થોડા સમય પછી તેને પૂછયું, કાંઈ હોય તો કહો ?! બોલ્યો, કાંઈ જ કામ નથી, ન્યાઝ હાંસલ કરવા માટે જ આવી ગયો હતો. ત્યારે હાંડલી અંદર મોકલી આપી. થોડીવાર પછી તે ભાઈએ એક તાવીઝ માંગ્યું. તાવીઝ લખીને આપ્યું અને સાથોસાથ હાંડલી પણ પાછી આપી દીધી. ફર્માવ્યું, મેં તમને ત્રણવાર પ્રથમ જ પુચ્છા કરી પણ તમે દરેકવાર (કામ બાબતે) ના પાડતા રહ્યા. આ હાંડલી લેતા જાવ ! અહીં તાવીઝ વેચવામાં નથી આવતું !" *(હયાતે આ'લા હઝરત-૨૯)*

આ પ્રસંગમાં તાવીઝોની દુકાનદારી કરી ગલત સલત તાવીઝો લખી દઈ મોં માંગ્યી રકમ માંગી પબ્લિકને ખોટા વહેમોમાં નાખનારા બનાવટી બેશરઅ બાપુઓ પણ સબક લે અને પબ્લિકે પણ સાચા ખોટાની પરખ કરીને શરીઅતના પાબંદ સૂફીઓ બાપુઓથી જ તાવીઝો મેળવવાં જોઈએ.

### ★ ઈમાન તથા યક્રીનમાં પુખ્તગીનો આલમ ! ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, "બિહમ્દિલ્લાહ બચપનથી જ મને અલ્લાહના દુશ્મનોથી નફરત છે અને મારાં બાળકોનાં બાળકોને પણ અલ્લાહ તઆલાના ફઝ્લથી અલ્લાહ તઆલાના દુશ્મનોની અદાવત ગળગુથીમાં જ પીવડાવી દેવામાં આવી છે અને અલ્લાહના ફઝ્લથી એ વાયદો પણ પૂર્ણ થયો : اولٓئك كتب فى قلوبهم الايمان

બિહમ્દિલ્લાહ જો દિલના બે ટુકડા કરવામાં આવે તો ખુદાની કસમ ! એક પર લખ્યું હશે : لا الٰہ الا اللہ
બીજા પર લખ્યું હશે : محمد رسول اللہ (صلی اللہ تعالٰی علیہ وسلم) *(વસાયા શરીફ તથા મલ્ફૂઝાત, ૨/૬૭)*

આરિફ બિલ્લાહ સિવાય કોણ છે જે આવો દાવો કરી શકે છે ?! આવો જ એક બીજો પ્રસંગ જોઈ લો : હદીષ શરીફમાં એક દુઆ છે તેને કોઈ નાવડી કે સ્ટીમરમાં સવાર થતી વખતે પઢી લેવામાં આવે તો ડૂબવાથી બચી જવાશે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ હજ્જના પ્રથમ સફરમાં સ્ટીમરમાં સવાર થતાં પહેલાં એ દુઆ પઢી લીધી હતી. આપની સાથે વાલિદૈન رحمۃ اللہ علیہما પણ હતાં. સમુદ્રમાં સખત તોફાન આવ્યું. લોકોએ કફન પહેરી લીધાં. વાલિદા ખૂબ જ પરેશાન થયાં. આ'લા હઝરત ફર્માવે છે કે તેમની બેચૈની જોઈને એકદમ મારી જીભેથી નીકળી ગયું કે, "તમો શાંતિ રાખો ! ખુદાની કસમ ! આ જહાઝ ડૂબશે નહીં !"

હું હદીષના સાચા વાયદા પર સંતુષ્ઠ હતો. અલ્લાહ તઆલા પ્રતિ રજૂઅ કરી સરકાર ﷺ થી મદદ માંગી. તો તે પવનનું તોફાન જે ત્રણ દિવસથી જોશભેર ચાલી રહ્યું હતું તે અલ્લાહના ફઝ્લથી ઘડીભરમાં શાંત પડી ગયું અને જહાઝ સલામત થઈ ગયું. એ જ પ્રમાણે કોઈ ભયંકર બીમારને જોઈને દુઆ પઢવા વિશે દુઆનો વાક્યો છે. એ હદીષે પાક પર આપના પુખ્તા યકીનને પુરવાર કરે છે કે જે આરિફ બિલ્લાહની તથા સાચા સૂફીની શાન છે.

### ★ આપની અમુક 'હિસ્સી' કરામતો ★

આપની કરામતો પણ પુષ્કળ છે અહીં સ્થળ સંકોચને કારણે કેવળ એકાદ બે રજૂ છે : એકવાર 'ઈસ્મે આ'ઝમ'ની ચર્ચા નીકળી ગઈ. ફર્માવ્યું, દરેક વ્યક્તિ માટે ઈસ્મે આ'ઝમ અલગ અલગ હોય છે. અને જેટલા હાજર હતા સૌના માટે ઈસ્મે આ'ઝમ અલગ અલગ તજવીઝ ફર્માવ્યું. સૈયદ કનાઅત અલી સાહબની વારી હતી એવામાં અસ્રની અઝાન થઈ ગઈ અને મેહફિલ બરખાસ્ત થઈ ગઈ. સૈયદ સાહબની તમન્ના દિલમાં રહી ગઈ ત્યાં સુધી કે મુકબ્બિરે તકબીર કહી. 'હય્ય અલલ ફલાહ' પર આ'લા હઝરત ઉઠયા અને મુસલ્લા પર જમણો કદમ રાખ્યો, એ વખતે સૈયદ સાહબ બિલકુલ નિરાશ થઈને દિલમાં કહેવા લાગ્યા કે આજે આ પ્રથમ પ્રસંગ છે કે હું મેહરૂમ રહી જાઉં છું ! આ'લા હઝરતે તુરત જ તેમના તરફ ફરીને ફર્માવ્યું, "આપના માટે ઈસ્મે આ'ઝમ 'યા ખાલિકુ, યા અલ્લાહ' છે પછી તકબીર કહી.

આ'લા હઝરતના એક મુખ્લિસ મુરીદ અમજદઅલી ખાં ભેંસૂડી શરીફના રહેવાસી હતા. કોઈ શિકારમાં નિશાન ચૂકતાં ભૂલથી એક માણસ મૃત્યુ પામ્યો. પોલીસે કેસ દાખલ કરી આપ્યો. ગુનો સાબિત થતાં ફાંસીની સજા સંભળાવી દેવામાં આવી. તેના ઘરવાળાં જેલમાં પહોંચ્યાં તો કહ્યું, શાંતિ રાખો ! હું સવારે ઘરે આવીને નાસ્તો કરીશ. મારા પીરો મુર્શિદે ફર્માવ્યું છે કે જાવ ! અમે તમને છોડી આપ્યા. હવે એમના યકીનની મજબૂતી તથા કમાલનો વિશ્વાસ પણ જુઓ, જલ્લાદોએ ફાંસીના માંચડે ઊભા કરી દીધા, અને પૂછયું, તમારી કોઈ ઈચ્છા હોય તો બતાવો ? તો તેમણે કહ્યું, હમણા મારો સમય નથી આવ્યો ! તો તેઓ આશ્ચર્યથી જોવા લાગ્યા કે અજબ દીવાનો છે ! એટલામાં લંડનથી તાર આવ્યો કે વિક્ટોરિયા રાણીની તાજપોશીની ખુશીમાં આટલા કેદી તથા આટલા ખૂની મુક્ત કરવામાં આવે, જેથી તેને ફાંસીના માચડેથી ઉતારી લેવામાં આવ્યો અને તેના ઘરે જઈને ઘરવાળા સાથે નાશતો કર્યો. સ્થળ સંકોચને કારણે વધુ નથી લખતો, નહીં તો આ'લા હઝરત એક કામિલ વલી તથા સૂફીઓના ઈમામ હોવાની સર્વ ખૂબીઓથી માલામાલ હતા. વધુ માટે વાંચો કિતાબ "સવાનેહે આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા"...વગેરે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

اَوْ كَالَّذِیْ مَرَّ
عَلٰى قَرْيَةٍ وَّهِیَ خَاوِيَةٌ عَلٰى عُرُوْشِهَا ۚ قَالَ اَنّٰى
يُحْیٖ هٰذِهِ اللّٰهُ بَعْدَ مَوْتِهَا ۚ فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ
عَامٍ ثُمَّ بَعَثَهٗ ؕ قَالَ كَمْ لَبِثْتَ ؕ قَالَ لَبِثْتُ يَوْمًا
اَوْ بَعْضَ يَوْمٍ ؕ قَالَ بَلْ لَّبِثْتَ مِائَةَ عَامٍ فَانْظُرْ
اِلٰى طَعَامِكَ وَ شَرَابِكَ لَمْ يَتَسَنَّهْ ۚ وَانْظُرْ اِلٰى
حِمَارِكَ ۫ وَلِنَجْعَلَكَ اٰيَةً لِّلنَّاسِ وَانْظُرْ اِلَى
الْعِظَامِ كَيْفَ نُنْشِزُهَا ثُمَّ نَكْسُوْهَا لَحْمًا ؕ فَلَمَّا
تَبَيَّنَ لَهٗ ۙ قَالَ اَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ
قَدِيْرٌ ﴿٢٥٩﴾

**ત.....ર્જુ.....મો.........**

અથવા (શું ન જોયો) એ શખ્સને[૩૪૭] જે પસાર થયો એક વસ્તી પર એ હાલતમાં કે તે ગબડી પડેલી હતી પોતાની છતોના ભેર. કહેવા લાગ્યો, કઈ રીતે જીવંત કરશે તેને અલ્લાહ તઆલા તેના તબાહ થઈ ગયા પછી ?! જેથી મુર્દા રાખ્યો તેને અલ્લાહ તઆલાએ સો વરસ સુધી પછી જીવતો કર્યો તેને[૩૪૮]. ફર્માવ્યું, કેટલો સમય તું અહીં રોકાયેલો રહ્યો ? તેણે અરજ કરી, હું રોકાયો હોઈશ એક દિવસ અથવા દિવસનો અમુક હિસ્સો. અલ્લાહે ફર્માવ્યું, નહીં ! બલ્કે રોકાયેલો રહ્યો છે તું સો વરસ. હવે (જરા) જો તારા ખાવા તથા પીવાના (સામાનની) તરફ એ વાસી નથી થયું, અને જો તારા ગધેડાને, અને આ સર્વ એટલા માટે કે અમે બનાવીએ તને નિશાન લોકોના માટે. અને જો આ હાડકાંને કે અમે કેવી રીતે જોડીએ છીએ તેને પછી (કેવી રીતે) અમે પહેરાવીએ છીએ તેને ગોશ્ત. પછી જ્યારે હક઼ીક઼ત રોશન થઈ ગઈ તેના માટે (તો) એણે કહ્યું, હું જાણી ગયો છું કે બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર શક્તિ ધરાવે છે.

**તફસીર...............**

**૩૪૭.** તે કોણ હતું જેનો કિસ્સો આ આયતમાં વર્ણન થઈ રહ્યો છે ? તેનું નિશ્ચિત વર્ણન ન કુર્આને કર્યું છે ન હદીષે. એટલા માટે તફસ્સીરવેત્તાઓનાં વિવિધ કથનો નક઼લ થયેલ છે. અમુકે એવું પણ કહ્યું છે કે તે કાફિર હતો જેને ક઼યામત પર ઈમાન ન હતું, અમુકે અરમિયા નબીનું અને મોટા ભાગનાએ હઝરત ઉઝૈર عليه السلام નું નામ લીધુ. પરંતુ અધિક બેહતર એ જ છે કે જેને અલ્લાહ વ રસૂલે નિશ્ચિત નથી ફર્માવ્યું એને નિશ્ચિત ન કરવામાં આવે. એ જ પ્રમાણે એ વસ્તી બાબતે પણ મતભેદ છે. મોટાભાગનાનો એ ખયાલ છે કે તે બયતુલ મુક઼દ્દસ હતું જેને બખ્ત નસરે હઝરત ઈસા عليه السلام ના જન્મથી ૫૮૬ વર્ષ પહેલાં તબાહ તથા બર્બાદ કરી હતી. તેના મોટા ભાગના રહેવાસીઓને મૌતને ઘાટ ઉતારી દીધા હતા અને બાકીનાને કૈદ કરીને પોતાના પાટનગર બાબિલમાં લઈ ગયો હતો. જ્યારે ઉજડેલા શહેર પાસેથી તેઓ પસાર થયા તો તેમના દિલમાં એવો ખયાલ પેદા થયો કે આ બર્બાદ તથા ઉજ્જડ શહેરને અલ્લાહ કઈ રીતે નવેસરથી આબાદ કરશે.

**૩૪૮.** અલ્લાહ તઆલાએ પોતાની કામિલ કુદરતનો અનુભવ કરાવવાના માટે તેમને મૌતની નિદ્રામાં સૂવડાવી દીધા અને એ હાલતમાં પૂરા સો વરસ ગુજરી ગયાં. ત્યારબાદ તેમને જીવંત કરવામાં આવ્યા અને તેમને પૂછવામાં આવ્યું કે આપ કેટલો સમય આ હાલતમાં રહ્યા ? તો તેમણે જવાબ આપ્યો કે એક દિવસ અથવા તેનો અમુક હિસ્સો ? તેમને બતાવવામાં આવ્યું કે, નહીં ! તમે તો પૂરી એક સદી અહીં રહ્યા, અને જુઓ મારી કુદરત કે તમારું ખાવા જે સામાન્યતઃ અમુક કલાકો પસાર થઈ ગયા પછી દુર્ગંધમય થઈ જાય છે તે જેવું હતું તેવું છે અને ગધેડાનો ગોશ્ત ચામડુ સડીને કહોવાઈ ગયું છે અને તેનાં હાડકાં વિખરાયેલાં પડયાં છે. હવે જુઓ એ વિખેરાયેલ માળખુ કેવી રીતે જોડાય છે અને ગોશ્ત ચામડુ કેવી રીતે તેના પર ક્ષણભરમાં જાહેર થઈ જાય છે. જ્યારે આ સર્વ બાબતોને તેમણે પોતાની આંખો વડે જોયી તો કહેવા લાગ્યા, મેં જોઈ લીધું કે અલ્લાહ તઆલા જે ચાહે તે કરી શકે છે. ઈલ્મ અહીં પણ રૂયત (જોવાના) અર્થમાં છે.

**હદીષ :** હઝરત અબૂ રાફેઅ[૧] رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈને પલંગ પર તકીયો લગાડેલ ન પામીશ[૨] કે એની પાસે અહકામ (હુકમો)માંથી જેનો મેં હુકમ આપ્યો અથવા જેનાથી મેં મના કર્યું, કોઈ હુકમ પહોંચે અને એ કહી આપે કે અમે નથી જાણતા ! જે કુર્આન શરીફમાં પામીશું અમે તો એનું અનુસરણ કરીશું.[૩] આ હદીષને અહમદ તથા અબૂ દાઊદ, તિર્મિઝી તથા ઈબ્ને માજહે રિવાયત કરી. અને બયહકીએ દલાઈલુન્નબુવ્વતમાં હઝરત મિક્દામ ઈબ્ને મઅદીકર્બથી[૪] રિવાયત કરી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જાણી લો ! કે મને કુર્આન પણ આપવામાં આવ્યું અને એની સાથે તેના મિષ્લ પણ.[૫] ખબરદાર ! નજીક છે કે એક પેટભરો પોતાના પલંગ પર કહે[૬] કે કેવળ કુર્આનને થામી લો, એમાં જે હલાલ પામો તેને હલાલ જાણો અને જે હરામ પામો તેને હરામ સમજો[૭] જ્યારે કે રસૂલુલ્લાહ ﷺનું હરામ ફર્માવેલું એવું જ હરામ છે જેવું કે અલ્લાહનું હરામ ફર્માવેલું છે.[૮] જુઓ તમારા માટે ન તો પાલતુ ગધેડો હલાલ છે અને ન નહોરવાળુ ફાડી ખાનાર જંગલી જાનવર ન કરારવાળા કાફિરની ગુમ થયેલી ચીજ, પણ જ્યારે તેનો માલિક તેનાથી લાપરવા થઈ જાય.[૯] અને જો કોઈ કૌમની પાસે મહેમાન જાય એના પર એની મહેમાની છે, જો મહેમાનદારી ન કરે તો તે પોતાની મહેમાનીના પ્રમાણમાં એમનાથી વસૂલ કરી લે. એને અબૂ દાઊદે રિવાયત કરી.

## સ....મ....જૂ....તી....

**૧.** આપનુ નામ ઈબ્રાહીમ અથવા અસ્લમ છે. આપ હુઝૂરના આઝાદ કરેલા ગુલામ છે. આપ નસલ (વંશ)ના એતબારથી કિબ્તી છે. હઝરત અબ્બાસની માલિકીમાં હતા. એમણે નઝરાણારૂપે હુઝૂરના માલિકીપણામાં આપી દીધા. જ્યારે હઝરત અબ્બાસ ઈસ્લામ લાવ્યા તો તેમણે જ હુઝૂરને આપના ઈસ્લામની ખબર આપી એ ખુશીમાં તેમને આઝાદ કરી આપ્યા. આપ જંગે બદર સિવાય બાકીના સર્વ ગઝવાઓમાં હુઝૂરની સાથે રહ્યા. હઝરત અલીના ખિલાફતકાળમાં વફાત પામ્યા. رضی اللہ عنہ *(મિર્કાત તથા અશિઅતુલ લમ્આત)*

**૨.** સુબ્હાનલ્લાહ ! આ છે મારા મહબૂબની નજરની શક્તિ. હદીષના ઈન્કારના પ્રસંગે આ બે શબ્દો હમેશાં કહેવામાં આવે છે. કુર્આની ફિર્કા (અહલે કુર્આન કહેવાતા)નો સ્થાપક અબ્દુલ્લાહ ચકળાલ્વી છે જે ચકળાલ જિ. મિયાનવાલી પંજાબમાં પેદા થયો, એ ખૂબ જ માલદાર તથા લંગડો હતો. مُتَّكِيًا ફર્માવીને તેના લંગડા હોવાની તરફ અને اَرِيْكَةٍ ફર્માવીને તેની માલદારીની તરફ નિર્દેશ કરી દેવામાં આવ્યો. અથવા એ મતલબ છે કે આ ફિર્કાનો સ્થાપક આરામનો ચાહક હશે. ઘરમાં રહેશે, ઈલ્મેદીન હાંસલ કરવાના માટે સફર કરશે નહીં. કેવળ કુર્આનના તર્જુમા જોઈને એવું કહેશે. જેમ કે અબ્દુલ્લાહ ચકળાલ્વી તથા તેના સર્વ અનુયાયીઓના એ જ હાલ છે. મતલબ એ કે અહીં ક્યાં તો જાહેરી અયબોનું વર્ણન છે ક્યાં તો આંત્રિક અયબોનું.

**૩.** ન જાણવાનો મકસદ છે નથી માનતા, એટલે કે અમે કુર્આન સિવાય હદીષ વગેરેને માનનારા નથી, કુર્આનમાં સર્વ કાંઈ છે પછી હદીષની શું જરૂરત છે ! અબ્દુલ્લાહ ચકળાલ્વી તથા તેના અનુયાયીઓના આ જ શબ્દો હોય છે. સુબ્હાનલ્લાહ ! مَاوَجَدْنَا ફર્માવીને કેટલો ઉમદા નિર્દેશ કર્યો કે ભલે કુર્આન કામિલ છે પણ માણસનું પામવું અપૂર્ણ છે, કુર્આનમાં સર્વ કાંઈ છે પણ મળશે તેને જેને હું કાઢીને આપું. દરેક શખ્સ સમુદ્રથી મોતી નથી કાઢી શક્તો. મોતી સમુદ્રથી જ નીકળે છે પણ ઝવેરીની દુકાને મળે છે. આ અફસહુલ ફુસહા

ﷺએ આ બે શબ્દોમાં તેમની દલીલો રદ સાથે બતાવી દીધી.

૪. આપ સહાબી છે. કબીલા બની કન્દાથી સંબંધ ધરાવે છે. કન્દી પ્રતિનિધિમંડળની સાથે હુઝૂર ﷺની સેવામાં હાજર થયા. ૯૧ વરસની વયે હિ.સ. ૮૭ માં શામ (સીરીયા)માં વફાત પામ્યા.

૫. એટલે કે હદીષ શરીફ જે કુર્આનની જેમ અલ્લાહની વહી છે અને એના જેમ જ અનુસરણ માટે વાજિબ છે. આ હદીષને સમર્થન કુર્આન શરીફની આ આયતથી છે : وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ કિતાબ તો કુર્આન હકીમ છે અને હિકમત હદીષ શરીફ છે. યાદ રાખશો કે કુર્આન શરીફનું લખાણ પણ વહી છે અને વિષયો પણ વહી છે, પણ હદીષ શરીફનું મઝમૂન (વિષય) વહી છે અને શબ્દો હુઝૂર ﷺના પોતાના છે. એટલા માટે હદીષના શબ્દો પર કુર્આનના હુકમો લાગુ નથી, કે એની તિલાવત નમાઝમાં નથી થઈ શક્તી, વુઝૂ વિના એને સ્પર્શી શકાય છે. એટલા માટે કુર્આનને 'વહીએ મતલૂ' કહે છે અને હદીષને 'ગૈર મતલૂ' મિર્કાતમાં છે કે જિબ્રઈલે અમીન હદીષને પણ લઈને ઉતરતા હતા. એની તેહકીકના માટે અમારી કિતાબ એક ઈસ્લામ જુઓ.

૬. આ أَلَا શબ્દ હદીષના મુન્કિરો પર ગઝબ પ્રદર્શિત કરવા માટે છે. એટલા માટે આપણા ઈમામે આ'ઝમ ફર્માવે છે કે ઝઈફ હદીષ હોવાની સ્થિતિમાં કયાસ જાઈઝ નથી. ઝઈફ હદીષને મજબૂત કયાસ પર અગ્રતા છે. ભલે આ હદીષના મુન્કિરનો જન્મ ૧૩૦૦ વરસ પછી થયો પણ હુઝૂર ﷺની નજરોથી નજીક હતો. એટલા માટે يُوْشَكُ ફર્માવ્યું. شَبْعَانٌ (પેટભરુ)માં એની માલદારી તથા પલંગમાં તેનું લંગડા હોવું બતાવવામાં આવ્યું.


૭. એટલે કે તમારા સંશોધન પર વિશ્વાસ કરો, સાહિબે કુર્આનથી અલગ થઈ જાવ. આ બકવાસ જ તમામ બેદીનોની જડ છે.

૮. એટલે કે કતઈ હરામ, ત્યજવું વાજિબ. એટલા માટે સહાબાએ કિરામ હુઝૂરના ફર્માન પર કુર્આનની જેમ અમલ કરતા હતા. આપણા પર જેવી રીતે નમાઝ ફર્ઝ છે એવી જ રીતે નમાઝની સંખ્યા તથા માત્રા એટલે પાંચ નમાઝો તથા દરેક નમાઝોમાં નિશ્ચિત રકાતો ફર્ઝ છે. આપણે જે કદીક હદીષને ઝન્ની કહીએ છીએ તેનું કારણ અસ્નાદો છે. જેમણે ખૂદ હુઝૂરથી હદીષો સાંભળી એમના માટે કુર્આનની જેમ કતઈ હતી. જુઓ સિદીકે અકબરે હદીષની બિના પર હુઝૂરનો વારસો વહેંચ્યો નથી, જ્યારે વારસાની વહેંચણી કરવી એ કુર્આની હુકમ છે.

૯. એટલે કે હદીષના મુન્કિરોએ જોઈએ કે ગધેડો પણ ખાય, કૂતરાં, બિલાડીઓ પર પણ હાથ સાફ કરે ! પડેલી ચીજ પણ કબજામાં કરી લીધા કરે. કેમ કે એને કુર્આને હરામ નથી કર્યા, બલ્કે હદીષે કર્યા છે. ઈન્શાઅલ્લાહ ! આનો જવાબ કયામત સુધી એમનાથી બનશે નહીં.

**મસ્અલા** : પડેલી ચીજ જે મળે તેના માલિકને શોધીને પહોંચાડી દેવામાં આવે, મુસલમાનની હોય કે કોઈ ઝિમ્મીવાળા કાફિરની. હર્બી કાફિરનો માલ જે ધોકો કર્યા વિના મળે તે હલાલ છે. જ્યારે માલિકના મળવાની આશા ન રહે તો ખયરાત કરી દેવામાં આવે, અને જો ઉઠાવનારો ગરીબ છે તો ખૂદ વાપરે. એના અધિક મસાઈલ ફિકહની કિતાબોમાં જુઓ.

૧૦. એટલે કે આ મસ્અલો પણ કુર્આનમાં નથી હદીષમાં છે. યાદ રાખશો કે એ જમાનામાં ગામડાના કાફિરોથી એ વાયદો (વચન) લેવામાં આવતો હતો કે જો ઈસ્લામી લશ્કર અથવા કોઈ મુસલમાન તમારા ગામ પર થઈને પસાર થાય તો તમે બે વખતનું રાશન (અનાજ) આપજો. આ કરાર હેઠળ ઈસ્લામી લશ્કરને પોતાનું રાશન એમનાથી વસૂલ કરવાનો હક્ક હતો હદીષમાં એનો ઉલ્લેખ છે. આજે પણ અમુક કામચલાઉ સંજોગોમાં લશ્કર અથવા પોલીસનો ખર્ચ શહેરવાસીઓ પર નાખી દેવામાં આવે છે. આ વાક્યની અન્ય તફસીર પણ કરવામાં આવી છે, પણ આ તફસીર અધિક કવી (મજબૂત) છે. એ સ્થિતિમાં આ હદીષ ગૈરમન્સૂખ છે, આજે પણ જો કાફિરો સાથે એ કરાર થઈ જાય તો તેમના પર એની પાબંદી લાઝમી થશે.



# શિફા શરીફ

વિભાગ : ૨

**મૂળ લેખક** : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝૂલ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક** : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## અલ્લાહ તઆલા સાથે પરસ્પર વાર્તાલાપ

મેઅરાજના બનાવમાં નબી કરીમ ﷺનું અલ્લાહ તઆલાથી મુનાજાત (દુઆ) અને વાતચીત કરવી પણ આવ્યું છે, જેવું કે બારી તઆલાનો ઈર્શાદ فَاَوْحٰیٓ اِلٰی عَبْدِہٖ مَآ اَوْحٰیથી જાહેર છે અને કેટલીય હદીષોમાં આ કાર્યનું ઝિક્ર છે. અધિક તફસીરકારો આ તરફ છે કે આ આયતમાં વહી મોકલવાવાળો અલ્લાહ તઆલા છે એટલે પ્રથમ તેણે હઝરત જિબ્રઈલ علیہ السلام પર વહી મોકલી અને હઝરત જિબ્રઈલ علیہ السلامને સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺને પહોંચાડી.

હઝરત ઈમામ જઅફર સાદિક્ رحمۃ اللہ علیہએ ઝિક્ર કરેલ છે કે અલ્લાહ તઆલાએ કોઈ વાસ્તા વિના વહી ફર્માવી અને તેને મળતો ખયાલ ઈમામ વાસિતી رحمۃ اللہ علیہએ જાહેર કર્યો છે. અને આ તરફ કેટલાક મુતકલ્લિમીન ગયા છે : તેઓ કહે છે, સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺએ મેઅરાજમાં પોતાના રબ્બથી વાતચીત કરી. અને ઈમામ અબુલ હસન અશ્અરી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૩૩૦ ઈ.સ. ૯૪૧)થી પણ આ કથનનું વર્ણન થયેલ છે અને તેમણે આ કથનને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી બયાન કરેલ છે, જ્યારે કે બીજા કેટલાય હઝરાતે આ વાતનો ઈન્કાર કર્યો છે.

હઝરત નકાશ رحمۃ اللہ علیہ મેઅરાજના બનાવના સંદર્ભમાં ثُمَّ دَنٰی فَتَدَلّٰیની તફસીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી ઝિક્ર કરેલ છે કે આપે ફર્માવ્યું, હઝરત જિબ્રઈલ علیہ السلامએ મને ઉપર ચઢાવ્યો ત્યાં સુધી કે અવાજો આવવાનું બંધ થઈ ગયું ત્યારે તે સમયે મેં પોતાના રબ્બના કલામ સાંભળ્યો. તે સમયે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અય મુહમ્મદ ! બેફિકર રહો અને મારા વધુ નજીક આવો, મારા વધુ નજીક આવી જાવ. અને હઝરત અનસ رضی اللہ عنہની હદીષ મેઅરાજ સંબંધમાં પણ આના જેવી જ છે અને આ હઝરતોએ આ બારી તઆલાનો ઈર્શાદ પોતાની ચર્ચાનો વિષય બનાવેલ છે : "અને કોઈ માનવીને એ (હક્ક) પહોંચતો નથી કે તેની સાથે અલ્લાહ વાત કરે પણ વહી મારફત અથવા એ રીતે કે તે માનવી મહાનતાના પરદાની પાછળ હોય અથવા કોઈ ફિરિતો મોકલે કે જે તેના હુકમથી વહી કરે જે તે ઈચ્છે છે." *(સૂરએ શૂરા આયત નં. ૫૧)*

તેઓ ફર્માવે છે, અહીં વહીના ત્રણ પ્રકાર વર્ણવામાં આવ્યા છે :–

**પ્રથમ પ્રકાર** : પડદાના પાછળથી વહી કરવી જેવી રીતે હઝરત મૂસા علیہ السلامથી વાતચીત કરવામાં આવી.

**બીજો પ્રકાર** : ફરિશ્તો મોકલી વહી કરવી. જેવું કે તમામ અંબિયાએ કિરામનો હાલ છે અને નબીએ કરીમ ﷺ પર પણ વધુ પ્રમાણમાં આવી જ વહી મોકલવામાં આવી છે.

**ત્રીજો પ્રકાર** : સીધે સીધી વાતચીત કરવી. કેમ કે સામસામી અને દીદારના સાથે વાતચીતનો કોઈ પ્રકાર (આ ત્રીજા પ્રકારના માટે) બાકી રહેતો નથી. એ પણ કહેવામાં આવ્યું છે કે આ જગ્યાએ વહી મોકલવાથી મુરાદ તે વાતો છે જે અલ્લાહ તઆલાએ કોઈ વાસ્તા વિના મુસ્તફાના દિલમાં ગૈબથી ફર્માવી હતી.

અબૂ બક્ર બઝ્ઝાઝ رحمۃ اللہ علیہએ મેઅરાજના બનાવના સંબંધે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની હદીષનું ઝિક્ર કરેલ છે, જે ઉપર લખેલ આયતથી પણ આ

પેજ નં. ૧૬ નું ચાલુ...

અર્થમાં સ્પષ્ટ છે કે નબી કરીમ ﷺએ અલ્લાહ તઆલાના કલામને સાંભળ્યો છે. એ માટે આ હદીષમાં જ્યારે ફરિશ્તાએ એ કહ્યું, "અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !" ત્યાર પછી પડદાથી મારાથી કહેવામાં આવ્યું કે મારા બંદાએ સાચું કહ્યું છે, વાસ્તવમાં હું ઘણો મહાન છું. અને અઝાનના તમામ શબ્દોનો એ રીતે જવાબ દેવામાં આવ્યો. આ બંને હદીષોની મુશ્કેલીઓનો આગળની હદીષમાં અને તે કાર્યો જેના સંબંધી તેનું ઝિક્ર આગળના પ્રકરણના પહેલા વિભાગમાં આવશે ઈન્શા અલ્લાહુ તઆલા !

અલ્લાહ ﷻએ નબી કરીમ ﷺથી વાતચીત કરવી અને અંબિયાઓથી જેને આ મહેરબાનોના માટે ખાસ કરેલુ એવું કૃત્ય છે જે બૌદ્ધિક રીતે જાઈઝ અને નિષેધ (મનાઈ) વિનાનું છે અને તેની મનાઈ પર કોઈ શરઈ દલીલ એવી નથી જે વાસ્તવિક (કૃતઈ) હોય. જો કોઈ ખબર (નિષેધની) સહીહ સાબિત થઈ જાય તો તેમાં શંકા થશે કેમ કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامથી વાતચીત કરવી વાસ્તવિક (કૃતઈ) છે. આ બરહક અને એવી કૃતઈ દલીલ છે જેને અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં આયત (નસ)ના રૂપે વર્ણન કરેલ છે અને ઉદ્‌ગમ (મસ્દર)ના સાથે તાકીદ કરી છે જેથી હક઼ીક઼ત પર દલીલો પૂરી પાડે છે. (અને વાસ્તવિક્તા સંબંધે શંકા આવે નહીં) આ માટે તેનું ઠેકાણુ સાતમા આસમાન પર મુકર્રર કરેલ છે જેવું કે હદીષમાં આવેલ છે. આ ઉચ્ચ કલામના કારણે છે અને સૈયદના મુહમ્મદ ﷺ તે તમામથી ઊંચે ઉઠાવવામાં આવ્યા ત્યાં સુધી કે આપ મુસ્તવા પર પહોંચ્યા જ્યાં ક઼લમોના ચાલવાની અવાજો સાંભળતા હતા. પછી આપના હકમાં 'કલામે ઈલાહી' સાંભળવામાં અશક્ય અને તેમાં દૂરી કેવી રીતે હોઈ શકે છે. વળી પાક છે તે ઝાત જેને ખાસ ફર્માવ્યા, જેને ઈચ્છયું અને કેટલાકને કેટલાક પર દરજ્જા બુલંદ કર્યા.

માણસ ઘણો જ ગુનેહગાર થાય છે. નમાઝીની આગળ થઈ પસાર થનારને ખબર હોય કે એનાથી કેવોક ગુનોહ થાય છે તો તે સો વર્ષ સુધી પોતાની જગ્યા ઉપર ઉભા રહેવાને બલ્કે જમીનમાં ધસી જવાને સારુ જાણત અને નમાઝીની આગળ થઈ પસાર ન થાત.

**મસ્અલો** : મેદાનમાં નમાઝ પઢનારની સામેથી ત્રણ ગજ જગ્યા છોડી આગળથી પસાર થાય તો વાંધો નથી પરંતુ ઘર અને મસ્જિદમાં આમ કરી શક્તો નથી. (ત્રણ ગજ જગ્યા એ ખરેખર એક આશરો છે નમાઝીના પગોથી લઈ તેની સજદાગાહ સુધી સજદાગાહથી મતલબ ત્યાં સુધીની જગ્યા સમજવાની છે કે નમાઝમાં ઉભા હોય તે વેળા સિજદાની જગ્યા છોડીને એ પછીની જગ્યાએથી પસાર થઈ શકે છે. જેવું કે આલમગીરીમાં પણ છે.)

**મસ્અલો** : નમાઝીની આગળ જો સુતરા (આડ) ગોઠવેલ હોય તો સુતરા (આડ)ની પાછળથી પસાર થવામાં કોઈ વાંધો નથી.

સુતરા એટલે એવી કોઈ ચીજ કે જેનાથી આડ થઈ જાય.

**મસ્અલો** : આડ માટે એક હાથ ઊંચી અને એક આંગળ જાડી વસ્તુ હોય તો બસ છે અને વધુમાં વધુ ત્રણ હાથ ઊંચી હોય. *(દુર્રે મુખ્તાર, દુર્રે મુહતાર)*

**મસ્અલો** : સુતરો (આડ) જમણી આંખના ભવાની સામે હોવો અફઝલ છે.

**મસ્અલો** : ઝાડ, માણસ, જાનવર વગેરેનો સુતરો (આડ) પણ થઈ શકે છે. *(ગુનિયા)*

ઈમામ માટેની આડ મુક્તદી માટેની પણ આડ છે. મુક્તદીઓ માટે અલગ આડ ગોઠવવા)ની જરૂરત નથી. માટે મસ્જિદમાં પણ મુક્તદીની આગળથી પસાર થઈ જાય જો ઈમામની પણ આગળ થઈને ન હોય તો વાંધો નથી. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : નમાઝી પોતાની આગળ થઈ પસાર થનારને રોકવા માંગે તો તે સુબ્હાનલ્લાહ અથવા જોરથી કિરાઅત પઢવા લાગે અથવા હાથથી ઈશારો કરી દે પરંતુ વારંવાર આવું ન કરે, નહીં તો અમલે કષીર થઈ જતાં નમાઝ તૂટી જશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક :** અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક :** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

### જેનાથી નમાઝ તૂટી જાય છે તે બાબતોનું બયાન

**મસ્અલો** : વાત કરવી કે બોલવાથી નમાઝ તૂટી જાય છે. પછી જાણી બુઝી બોલ્યા કે ભૂલથી, એકાદ શબ્દ બોલે કે વધારે.

**મસ્અલો** : બોલવામાં કે વાત કરવામાં ઓછામાં ઓછો એટલો અવાજ નીકળે કે અવાજ સાંભળવામાં કોઈક બાબત નડતર રૂપ ન હોય તો ઓછામાં ઓછું પોતે સાંભળી શકે. (અર્થાત એટલો કે એથી વધુ અવાજ નીકળે તો નમાઝ તૂટી જાય છે એથી ઓછો હોય તો નહીં)

**મસ્અલો** : કોઈને ભૂલથી પણ સલામ કરી તો નમાઝ તૂટી ગઈ, પછી ભલે ફક્ત "અસ્સલામ" એટલું જ બોલ્યો હોય અને "અલયકુમ" ન બોલવા પામ્યો હોય.

**મસ્અલો** : જીભથી સલામનો જવાબ આપ્યો તો નમાઝ તૂટી ગઈ અને હાથ કે માથાના ઈશારાથી આપ્યો તો નમાઝ મકરૂહ થઈ. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો** : નમાઝમાં છીંક આવે તો અલ્હમ્દુલિલ્લાહ ન કહેવું અને કહ્યું તો નમાઝ તૂટી નહીં. *(આલમગીરી)*

**મસ્અલો** : ખુશખબર સાંભળી જવાબમાં અલ્હમ્દુલિલ્લાહ કહ્યું અથવા બુરી ખબર સાંભળી ઈન્નલિલ્લાહ વ ઈન્ના ઈલયહિ રાજિઊન પઢયા અથવા આશ્ચર્યજનક ખબર સાંભળી સુબ્હાનલ્લાહ અથવા અલ્લાહુ અકબર કહ્યું તો નમાઝ તૂટી ગઈ, પરંતુ ખબર સાંભળી જવાબ આપવાના ઈરાદે નથી કહ્યું તો ન તૂટી.

**મસ્અલો** : ખંખારવામાં જ્યારે બે અક્ષર નીકળે જેમ કે અખ તો એથી નમાઝ તૂટી જાય છે, જો કોઈ ખાસ મજબૂરી કે ખરેખર કારણ ન હોય તો, અગર મજબૂરીના કારણે હોય જેમ કે તબિયતે મજબૂર કર્યો અથવા ખરેખર કારણ છે જેમ કે કિરાઅતમાં અવાજ સાફ કરવા માટે અથવા પોતે નમાઝમાં છે એવી બીજાને જાણ કરવા માટે છે, તો એનાથી નમાઝ તૂટશે નહીં.

**મસ્અલો** : મુક્તદીએ પોતાના ઈમામ સિવાય બીજાને ભૂલ બતાવી તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : ઈમામને પોતાના મુક્તદી સિવાય બીજાએ ભૂલ બતાવવાથી તે સુધારી તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : આહ, ઓહ, ઉફ, તુફ આ શબ્દો દર્દ કે મુસીબતના કારણે નીકળ્યા અથવા અવાજથી રડયો અને અક્ષરો નીકળ્યા, આ બધાય સંજોગોમાં નમાઝ તૂટી ગઈ અને રડવામાં ફક્ત આંસૂ નીકળ્યાં અને અવાજ શબ્દો કે અક્ષરો નીકળ્યા નહીં તો વાંધો નહીં. *(આલમગીરી, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : બીમારના મોઢામાંથી એકાએક ઈચ્છા વિના આહ, ઉહ વગેરે શબ્દો નીકળ્યા તો નમાઝ તૂટી નહીં. એ જ રીતે છીંક, ખાંસી, બગાસા વગેરેમાં જે પણ શબ્દો ઈચ્છા વિના લાચારીથી નીકળી જાય તો નમાઝ તૂટતી નથી. એ માફ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ફૂંકવામાં અવાજ નીકળે નહીં તો તે શ્વાસની જેમ ગણાશે. નમાઝ તૂટી નથી. પરંતુ જાણી બુઝીને કરવું મકરૂહ છે. જો ફૂંકવામાં બે અક્ષરો ઉપસ્થિત થતા હોય જેમ કે ઉફ, તુફ તો તેનાથી નમાઝ તૂટી જાય છે. *(ગુનિયા)*

**મસ્અલો** : નમાઝમાં કુર્આન શરીફને કુર્આન શરીફમાં જોઈને અથવા મેહરાબ વગેરેથી જોઈને પઢવાથી નમાઝ તૂટી જાય છે. હા ! પઢે છે પોતાની યાદીથી પરંતુ દ્રષ્ટિ લખાણ તરફ જતી રહે છે તો વાંધો નથી. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : અમલે કષીર (અર્થાત એક કામને વધુ વખત કરવુ) જો તે નમાઝની પ્રક્રિયામાંથી ન હોય

કે નમાઝની સુધારણા ખાતર ન હોય તો તેનાથી નમાઝ તૂટી જાય છે.

અમલે કલીલ (વધુ વખત ન થએલ કામ)થી નમાઝ તૂટતી નથી. શરીઅતની પરિભાષામાં અમલે કષીર તેને કહેવામાં આવે છે કે જે કામ કરનારને દૂરથી જોતાં તે નમાઝની હાલતમાં છે કે નથી એવી શંકા ન રહે બલ્કે એવું જાહેરમાં ચોક્કસ દેખાય કે નમાઝમાં નથી, જો દૂરથી જોનારને તે નમાઝમાં છે કે નથી એવી શંકા રહે તો તે અમલે કલીલ છે.

**મસ્અલો** : પહેરણ કે ઈજાર કે લુંગી બાંધી તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : નમાઝમાં ખાવું પીવું ચોક્કસ નમાઝને તોડી નાખે છે. જાણી બુઝીને હોય કે ભૂલથી, થોડુ હોય કે વધારે. ત્યાં સુધી કે તલ ચાવ્યા વિના ગળી ગયો અથવા કોઈક ટીપું મોમાં પડયું અને ગળી ગયો તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : મૃત્યુ, ગાંડપણ અને બેભાનપણાથી નમાઝ તૂટી જાય છે જો નમાઝના સમય દરમ્યાન જતું રહે તો ફરીથી અને સમય વિતી ગયા પછી આરામ થાય તો કઝા પઢે. જ્યારે કે ગાંડપણ, બેહોશી એક દિવસ અને રાતથી વધુ ન હોય અર્થાત નમાઝના છ પુરા ટાઈમો સુધી ન રહ્યું હોય. જો છ સમયો પૂરા પસાર થવા સુધી રહ્યું તો કઝા પઢવી વાજિબ નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જાણીબુઝી વૂઝુ તોડયું અથવા ગુસલ (નહાવા) માટેનું કોઈ કારણ જણાયું તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : નમાઝનો કોઈ રુકન છૂટી ગયો તો તેને એ જ નમાઝમાં અદા ન કરી લીધો હોય તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : મજબૂરી વિના નમાઝની કોઈક શરત (ફરજ)ને છોડી તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : છેલ્લા કાયદા પછી તિલાવતનો સિજદો કે નમાઝનો સિજદો યાદ આવ્યો અને તેને અદા કર્યો પછીથી ફરી કાયદો ન કર્યો તો નમાઝ ન થઈ.

**મસ્અલો** : કોઈક રુકનને ઊંઘમાં અદા કર્યો હતો તે જો ફરી બીજીવાર અદા ન કર્યો તો નમાઝ ન થઈ.

**મસ્અલો** : વીંછ, સાપ મારવાથી નમાઝ તૂટતી નથી જો મારવા માટે ત્રણ ડગલાં ચાલવું ન પડે કે ત્રણ ફટકા મારવાની જરૂરત ન પડે. અને જો મારવા માટે ત્રણ ડગલાં કે વધુ ચાલવું પડે કે ત્રણ ફટકા કે તેથી વધુ મારવા પડે તો નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : નમાઝમાં સાપ, વીંછી મારવાની છૂટ છે. ભલે નમાઝ તૂટી જાય.

**મસ્અલો** : સાપ, વીંછી નમાઝની હાલતમાં હોવા છતાં મારવાનું મુબાહ તે સંજોગોમાં છે જ્યારે કે સામેથી પસાર થાય અને તકલીફ પહોંચાડવાની બીક હોય અને જો તકલીફનો ડર ન હોય તો મકરૂહ છે. *(આલમગીરી)* (મુબાહનો અર્થ એ છે કે જાઈઝ અને હલાલ જેના ઉપર શરીઅત તરફથી કોઈ રૂકાવટ ન હોય.)

**મસ્અલો** : એક જ રૂકનમાં ત્રણ વખત ખજવાળ વાથી નમાઝ તૂટી જાય છે એટલે કે એ રીતે કે ખજવાળી હાથ હટાવી લીધો ફરી ખજવાળ્યું અને હાથ હટાવી લીધો, પછી ફરી ખજવાળ્યું અને હાથ હટાવી લીધો. પણ જો એક વખત હાથ મૂકી ગમે તેટલીવાર ખજવાળ્યું તો એક જ વાર ખજવાળેલું ગણાશે. એનાથી નમાઝ તૂટશે નહીં *(આલમગીરી, ગુનિયા)*

**મસ્અલો** : નમાઝમાં દરેક રુકનો વચ્ચે વચ્ચે પઢવામાં આવતી તકબીરો અર્થાત અલ્લાહુ અકબરમાં અલ્લાહના અલિફને અથવા અકબરના અલિફને ખેંચ્યો અને આ લ્લાહુ અથવા અ..કબર કહ્યું અથવા અકબરની બે માં અલિફનો વધારો કર્યો કે અકબા...ર થઈ ગયું તો આ બધાય સંજોગોમાં નમાઝ તૂટી ગઈ, અને તકબીરે તહરીમામાં આમ કર્યું તો નમાઝ શરૂ જ ન થઈ. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : કિરાઅત કે નમાઝમાં પઢવામાં આવતા ઝિક્ર અને તસ્બીહોમાં એવી ભૂલ થાય કે જેનાથી અર્થ બદલાય જાય તો નમાઝ તૂટી જાય છે.

**મસ્અલો** : નમાઝીની આગળથી માણસ કે જાનવર ગમે તે પસાર થાય તો પણ નમાઝ તૂટતી નથી પરંતુ પસાર થનાર વધુ પેજ નં. ૧૪.....પર

# સાદાતે કિરામની ફઝીલત તથા અન્ય જરૂરી મસાઈલ

✍ રજૂકર્તા : ખલીફા તાજુશ્શરીઅહ્ આલે રસૂલ હઝરત સૈયદ ઝયનુલ આબિદીન (નડિયાદ)

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! સૌ પ્રથમ તો અત્રે સાદાતે કિરામ જેઓ સાચે જ "સૈયદ" છે, ખરેખર "આલે રસૂલ" છે તેમની શું ફઝીલત છે તેને સમજવા **'ફતાવા અજમલિયા'**માંથી એક સવાલનો જવાબ નકલ કરીએ છીએ જેથી સમજી શકાય કે સાદાતે કિરામની તા'ઝીમ કેટલી જરૂરી છે, એને લક્ષમાં રાખીને ગમે તે સંજોગોમાં આપણાથી તા'ઝીમે સાદાતનો દામન હાથથી ન છૂટે. તેમજ બીજી વાત એ કે વર્તમાનકાળમાં તક જોઈને ઘણી વ્યક્તિઓ પોતે સૈયદ ન હોવા છતાં પોતાને 'સૈયદ' જાહેર કરી રહી છે અને લોકો પર સૈયદ હોવાનો રૂઆબ જમાવી શરીઅત વિરુદ્ધ વર્તીને બેઅમલ રહીને લોકોમાં જાત જાતની ગુમરાહીઓ ફેલાવી રહેલ છે. જેના કારણે દીન તથા સુન્નિયતને સીધુ નુકસાન થાય છે. તો એનો ખુલાસો અહલે સુન્નતના મહાન ઉલમાએ એઝામની કિતાબોની રોશનીમાં રજૂ કરીએ છીએ જેથી ગલતફહમીઓનાં વમળોમાં ગુંચવાઈને કોઈ ગલત માર્ગે ન વહી જાય કે જે તેની આખેરત માટે નુકસાનકર્તા સાબિત થાય.

## આલે રસૂલની મહોબ્બત ઈમાનની નિશાની

જે લોકો ખરેખર સાદાત તથા નબી ﷺની ઔલાદ તથા આલ છે તેમની મહોબ્બત ઈમાનની નિશાની છે. મવાહિબે લદુન્નિયામાં છે, હુઝૂર ﷺના તમામ અહલે બયત અને ઔલાદની મહોબ્બત ફર્ઝ કરવામાં આવી. પુષ્કળ હદીષો આલે રસૂલની મહોબ્બતમાં આવેલી છે, જો તેમને એકત્ર કરવામાં આવે તો એક મોટી કિતાબ તૈયાર થઈ જાય. તબર્રુકન એક હદીષ નકલ કરી દેવામાં આવે છે જે મુસલમાન માટે ખૂબ જ પૂરતી થશે.

તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે તેમણે કહ્યું, હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, "મારાથી અલ્લાહની મહોબ્બતના કારણે મહોબ્બત કરો અને મારી અહલે બયતથી મારી મહોબ્બતના લીધે મહોબ્બત કરો. *(મિશ્કાત શરીફ, પેજ–૫૭૩)*

જ્યારે એમની મહોબ્બત આટલી જરૂરી છે તો તેમની તૌહીન તથા ગુસ્તાખી કરવું અને ગાળો આપવું અને તેમને તકલીફ તથા નુકસાન પહોંચાડવું અને તેમની સાથે દિલી અદાવત તથા કીનો તથા હસદ રાખવાની વિરુદ્ધતા તો સાબિત થઈ જ ગઈ. પરંતુ અધિક સંતોષ પામવા માટે એક બે હદીષો પણ રજૂ કરી દઉં.

હઝરત ઈમામ અહમદે મરફુઅન રિવાયત કરી : "જેણે અહલે બયતથી અદાવત રાખી તે મુનાફિક્ છે." *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૦૪)*

એક હદીષમાં આ પ્રમાણે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું છે, **(અર્થ)** : જે આલે પાકથી અદાવત ધરાવવાની હાલતમાં મર્યો તો ક્યામતના દિવસે એ રીતે આવશે કે તેની બંને આંખોની વચ્ચે આ પ્રમાણે લખ્યું હશે : "અલ્લાહની રહમતથી માયૂસ થનાર." *(સવાઈક–૧૪૩)*

એટલા માટે અલ્લામા ઈબ્ને હજર મક્કીએ પુષ્કળ હદીષો નકલ કર્યા બાદ ફર્માવ્યું, "વર્ણન થયેલ હદીષોથી અહલે બયતની મહોબ્બતનું વાજિબ હોવું અને તેમની સાથે અદાવત રાખવું હરામ હોવું જાણી લેવામાં આવ્યું." *(સવાઈક–૧૦૪)*

એટલે સુધી કે અહલે બયતના ફાસિક઼ તથા ફાજિરના માટે પણ અલ્લામા લખે છે : "અહલે બયતના ફાસિક઼ના **'અમલો' જે શરીઅત વિરુદ્ધના છે તેનાથી જરૂર અદાવત રાખવામાં આવે** પણ તેની **જાતથી નહીં**, કેમ કે તેની જાત તો હુઝૂર સૈયદે આલમ ﷺના શરીર મુબારકનો એક ટુકડો છે, ભલે હુઝૂરના તથા તેના વચ્ચે કેટલાક વાસ્તા હોય. *(સવાઈક–૧૦૪)*

તિબ્રાની અને દારકુત્ની વગેરેમાં આ હદીષ શરીફ રિવાયત થયેલ છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "સૌ પ્રથમ હું મારી ઉમ્મતમાં મારા અહલે બયતની શફાઅત કરીશ, પછી ક્રમે ક્રમે નિકટવાળાઓની." *(સવાઈક–૧૪૦)*

સારાંશ એ કે સાદાતની અઝમત જરૂરી છે, તેમની મહોબ્બત લાઝમી છે. તેમની સાથે દુશ્મની તથા અદાવત કરવાથી, તેમની શાનમાં કોઈ પ્રકારની બેઅદબી તથા ગુસ્તાખીની સાથે પેશ આવવાથી ખૂબ જ પરહેઝ કરવું જોઈએ. **તેમના શરીઅત વિરુદ્ધનાં કામોને નાજાઈઝ સમજવામાં આવશે, તેમને એમાં પડવાથી રોકવામાં આવશે, એનાથી ચેતવવામાં આવશે. પરંતુ એમના અદબ તથા એહતેરામનો ખાસ લેહાઝ રાખવામાં આવશે.**

**આ જે કાંઈ વર્ણન થયું તો એ સાદાતનો હુકમ છે જેઓ ખરેખર અવલાદે રસૂલ ﷺ હોય,** ભલે તે અમલી રીતે ફાસિક઼ હોય. એનાથી રાફઝીઓ મુરાદ નથી, કેમ કે તેઓ અક઼ીદામાં કુફ્રની હદ સુધી પહોંચી ગયા જેથી તેઓ એહતેરામ તથા તા'ઝીમને લાયક નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ બિસ્સવાબ. *(હવાલો : ફતાવા અજમલિયા, ૪/૭, અઝ : અજમલુલ ઉલમા હઝરત અલ્લામા મુફતી શાહ મુહમ્મદ અજમલ સાહબ સંભલી)*

જાણવા મળ્યું કે :–

૧. સાદાતે કિરામની તા'ઝીમની હમેશાં કાળજી રાખવામાં આવે.

૨. તેમની સાથે અદાવત કે દુશ્મની કે તેમની ગુસ્તાખી બંને જહાનમાં બર્બાદીનો સબબ છે.

૩. સૈયદ ભલે બેઅમલ હોય, ફાસિક઼ હોય પણ જ્યાં સુધી કુફ્રની હદે ન પહોંચે ત્યાં સુધી તેની તા'ઝીમ કરવી લાઝિમ છે.

૪. સૈયદ શરીઅત વિરુદ્ધ કાર્યો કરે તો તેમને તે કામોથી હિકમતથી રોકવું જોઈએ તથા શરીઅતના હુકમો દર્શાવી ગુનાહિત કામોથી દૂર રહેવા ચેતવવું જોઈએ. અને સાચી મહોબ્બત એમાં જ છે કે ગલત કામોથી રોકવામાં આવે. કેટલાક જે એવું કહે છે કે, "તેમને કાંઈ ન કહેવાય !" તો એ માન્યતા ખોટી છે. સારા અંદાજમાં તેમનું માન સચવાય એ રીતે કહી શકાશે.

૫. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ના હુકમ વિરુદ્ધ, શરીઅત વિરુદ્ધ કામ કરવાનો હુકમ કોઈ પણ આપે તો તેની ફર્માંબરદારી કરવાની નથી, કારણ કે અલ્લાહની નાફર્માનીમાં કોઈની ફર્માબરદારી નથી, જેથી કોઈ સૈયદ પણ શરીઅત વિરુદ્ધ કામ કરવા કહે તો કરવામાં આવશે નહીં, બલ્કે એવાં ગલત કામોથી તેમને પણ દૂર રહેવા શરીઅતના હુકમો દર્શાવી ચેતવવામાં આવશે.

આવો ! હવે **હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہના ફત્વામાંથી અમુક જરૂરી ભલામણો વાંચકોની સેવામાં રજૂ કરીએ છીએ જેનાથી ઘણી ગલતફહમીઓ દૂર થઈ જશે.

## હુઝૂર ﷺના વંશમાં કોણ ગણાશે ?!

હઝરત અલી શેરેખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریمની એ ઓલાદ જે ખાતૂને જન્નત ફાતિમા ઝહરા رضی اللہ عنہاથી છે એને **સૈયદ** કહેવામાં આવે છે, અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمની બીજી પત્નીઓના પેટથી છે એમને **અલ્વી** કહેવામાં આવે છે, સૈયદ કહેવામાં નથી આવતી. જેમ કે મુહમ્મદ બિન હનફિયા વગેરે. આ સઘળી ફઝીલતો એ ઔલાદ શરીફની છે જે હઝરત

ફાતિમા ઝહરા ખાતૂને જન્નતના પેટથી હોય. કારણ કે નબીએ કરીમ ﷺના નસબ શરીફમાં આ જ હઝરાત દાખલ છે.

હુઝૂર ﷺની ઓલાદને સૈયદ બે કારણોથી કહેવામાં આવે છે. એક એ કે નબીએ કરીમ ﷺએ પોતાના બંને શેહઝાદા હઝરાતે હસનૈન رضی اللہ عنہما ના વિશે ફર્માવ્યું, મારા હસન અને હુસૈન જન્નતના જવાનોના સરદાર છે એટલે કે જવાનીમાં જેઓનું અવસાન થયું એમના આગેવાન છે. અને ઈમામે હસન رضی اللہ عنہની બાબત ફર્માવ્યું, મારો આ ફરઝંદ સૈયદ એટલે સરદાર છે, ઉમ્મીદ છે અલ્લાહ તઆલા એમના થકી મુસલમાનોની બે જમાઅતમાં સુલેહ કરશે.

કારણ કે આ શેહઝાદાઓને નબીએ કરીમ ﷺએ સૈયદ ફર્માવ્યું એટલે એમની ઓલાદને પણ સૈયદ કહેવામાં આવ્યું. બીજું એટલા માટે કે સૈયદનો અર્થ છે "સરદાર" અને નબીએ કરીમ ﷺનું ઉપનામ છે સૈય્યેદુલ મુરસલીન. આ હઝરાત એમની ઓલાદમાંથી છે તો રસૂલોના સરદારની ઓલાદ પણ મુસલમાનોની સરદાર કહેવામાં આવે છે. સુબ્હાનલ્લાહ ! હુઝૂર નબીઓના સરદાર, હઝરત અલી શેરેખુદા વલીઓના સરદાર, હઝરત ફાતિમા ઝહરા મુસલમાન સ્ત્રીઓની સરદાર, હઝરત હસનૈન શહીદોના સરદાર, સરદારી એમના પર આશિક છે !

અલ્લાહ તઆલા હઝરત યહ્યા માટે ફર્માવે છે એનો સારાંશ એ કે અલ્લાહના પ્રિયને રબ તઆલાએ પોતે સૈયદ ફર્માવ્યું. હુઝૂર ﷺને સૈયદ ફર્માવ્યું.

આ કેવળ હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاની જ વિશિષ્ટતા છે કે સૈયદનો વંશ આલે રસૂલનો વંશ તેમનાથી ચાલે છે, નહીં તો જગતભરમાં સર્વ વંશો પેઢીઓ બાપથી ચાલે છે, એની નોંધ લેવામાં આવે. બલ્કે હવે સૈયદ પણ જેનો બાપ સૈયદ હશે તે જ સૈયદ કહેવાશે. માં સૈયદા હશે તો તેની ઔલાદ સૈયદ ગણાશે નહીં. આજકાલ ઘણા એવા બની બેઠેલા સૈયદો આપણી નજરો સમક્ષ છે જેઓ પરાણે પોતાની તા'ઝીમ પણ કરાવે છે !! અને પોતે સૈયદ હોવાની જાહેરાત કરતા રહે છે. –*સંપાદક*

## સૈયદ તે કહેવાશે જેનો બાપ સૈયદ હોય

સૈયદ એ હશે જેનો બાપ સૈયદ હશે, જો માં સૈયદાની હોય અને **બાપ સૈયદ ન હોય તો એ સૈયદ થશે નહીં**. ન એના પર સૈયદના કાયદા લાગુ પડશે, એને ઝકાત ખાવી પણ જાઈઝ રહેશે, કારણ કે નસબ બાપથી હોય છે માંથી નહીં. અને જો બાપ સૈયદ છે અને માં સૈયદ નથી તો એ સૈયદ છે, અને બંને માતા પિતા સૈયદ હોય તો એ બંને તરફથી સૈયદ છે, જેમકે હુઝૂર ગૌષુષ્ષકલૈન رضی اللہ عنہ કે એમના પિતા હસની સૈયદ અને માતા હુસૈની સૈયદ, હઝરત ઈમામ મહદી رضی اللہ عنہ પણ હસની સૈયદ હશે. હાલ હસની સૈયદ ઓછા છે હુસૈની સૈયદ વધારે છે પરંતુ બંનેની ઈજ્જત જરૂરી છે.

## નકલી સૈયદ બનનાર પર જન્નત હરામ !

જેટલા સાદાતે કિરામની ફઝીલતોનું વર્ણન થયું એ એમના માટે છે જે નસબમાં સાચા અને ખાનદાની સૈયદ હોય. હઝરત ફાતિમા ઝહરાથી લઈને એમના સુધી એમની નસલમાં ગૈર સૈય્યદ ન આવ્યો હોય. વર્તમાનકાળમાં નકલી સૈયદ ઘણા થઈ ગયા છે, સૈયદ નથી છતાં સૈયદ કહેવડાવે છે. આ સખત હરામ અને મોટો ગુનો છે. નબીએ કરીમ ﷺએ એ ગુલામ પર લાનત કરી જે પોતાને બીજા માલિક તરફ સંબંધિત કરે, અને **એ વ્યક્તિ પર લાનત કરી જે પોતાને બીજા કુટુંબ સાથે સંબંધિત કરે. જે સૈયદ ન હોય અને સૈયદ બને એ નબીએ કરીમ ﷺ ની લાનતનો પણ હક્કદાર છે,** અને પર્દા પાછળ એ **પોતાની માતાને ગાળ આપી રહ્યો છે.** એનો નિકાહ ગૈર સૈયદથી થયો અને એ સૈયદને પોતાની માતાનો પતિ બનાવે છે. જુઓ હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ હારિષાના પુત્ર હતા એમને નબીએ કરીમ ﷺએ પોતાના મોઢાનો પુત્ર બનાવ્યા હતા. લોકો એને લઈને એમને ઝૈદ બિન મુહમ્મદ ﷺ કહેતા હતા, કુર્આને કરીમે એનાથી સખત મનાઈ કરી. ઈર્શાદ ફર્માવ્યો :–

**وَمَا جَعَلَ اللّٰهُ اَدْعِيَآئَكُمْ اَبْنَآئَكُمْ ذَالِكُمْ قَوْلُكُمْ بِاَفْوَاهِكُمْ**

''અલ્લાહે તમારા દત્તકોને તમારા પુત્રો ન બનાવ્યા, આ તમારું મોઢાનું કહેવું છે.'' પછી એનાથી પણ મનાઈ કરી. ઈર્શાદ ફર્માવ્યો :–

**اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ هُوَ اَقْسَطُ عِنْدَ اللّٰهِ فَاِنْ لَّمْ تَعْلَمُوْٓا اٰبَآءَهُمْ فَاِخْوَانُكُمْ فِى الدِّيْنِ**

''એમને એમના બાપનો જ કહીને બોલાવો, આ અલ્લાહ નિકટ સારું છે. જો તમે એમના બાપને નથી જાણતા તો તેઓ તમારા ધાર્મિક ભાઈ છે.''

જો હઝરત ઝૈદને નબીએ કરીમ ﷺના પુત્ર કહેવું હરામ છે, જ્યારે કે આપ હુઝૂરના પાલન પોષણમાં હતા અને દત્તક હતા, તો પછી કોઈ પોતાને સૈયદ કહીને હુઝૂરની ઔલાદ કહે જ્યારે કે એ સૈય્યદ નથી એ આ આયતના આધારે કેટલો મોટો ગુનેહગાર છે. અને જેઓ ગુસ્સામાં પોતાની પત્નીઓને માં કહી આપે એમના વિશે કુર્આન આમ ફર્માવે છે :–

**وَمَا جَعَلَ اَزْوَاجَكُمُ الّٰٓـئِىْ تُظٰهِرُوْنَ مِنْهُنَّ اُمَّهٰتِكُمْ**

''અને તમારી એ પત્નીઓ જેમને તમે પોતાની માતા બરાબર કહી આપો, રબે તમારી માં નથી બનાવી.'' બીજી જગાએ એ જ ઝિહાર કરવાવાળાઓ સંબંધિત કુર્આન ઈર્શાદ ફર્માવે છે :–

**اَلَّذِيْنَ يُظٰهِرُوْنَ مِنْكُمْ مِّنْ نِّسَآئِهِمْ مَّا هُنَّ اُمَّهٰتِهِمْ اِنْ اُمَّهٰتُهُمْ۔۔۔۔۔مُنْكَرًا مِّنَ الْقَوْلِ وَزُوْرًا**

''એ જે તમારામાંથી પોતાની પત્નીઓને પોતાની માતાની જગાએ કહી આપે એ એમની માતાઓ નથી, એમની માતાઓ તો એ છે જેમનાથી તેઓ પેદા થયા, અને બેશક ! આ લોકો ખરાબ અને તદ્દન જૂઠી વાત કહે છે.''

જ્યારે પોતાની પત્નીને માતાથી સરખામણી દેવાને કુર્આન બુરી વાત અને જૂઠ પુરવાર કર્યું અને એની સખત સજા નિયુક્ત કરી, તો પોતાના ગૈરબાપને બાપ કહેવાવાળો પણ કુર્આનના આ ફત્વાના આધારે પાકો જૂઠો અને દોઝખના અઝાબનો હક્કદાર છે. સારાંશ એ કે **જે સૈયદ ન હોય અને પોતાને સૈયદ કહે એ પોતાની માતાને ગાળ આપે છે (કે એ વ્યભિચારીણી છે) અને નબીએ પાક ﷺની બારગાહમાં લાનતી છે, રબના નિકટમાં જૂઠો, મક્કાર, ધોકાબાઝ અઝાબે દોઝખના લાયક છે.** મુસ્લિમ શરીફ કિતાબુલ ઈમાનમાં છે : ''જે પોતાને પોતાના ગૈર બાપ તરફ સંબંધિત કરે અને જાણતો હોય કે એ એનો બાપ નથી તો **એના પર જન્નત હરામ** છે.'' બીજી રિવાયત છે : ''જે જાણીને પોતાને ગૈર બાપ તરફ સંબંધિત કરે તો એના માટે જન્નત હરામ છે અને એ નાશુક્રો છે.''

## સૈયદે ફઝીલતને આધાર બનાવી અમલથી આઝાદ ન થવું !

મુફતી અહમદ યારખાં નઈમી અશ્રફી رحمۃ اللہ علیہ આગળ ફર્માવે છે કે, સૈયદ હઝરાતની જે ફઝીલતનું વર્ણન થયું એનો મતલબ એ નથી કે એ હઝરાત નેક કામો ન કરે, નમાઝ ન પઢે, માત્ર કુટુંબિક ઈજ્જતને લઈને તેઓ અમલથી અલગ થઈ જાય. આ ખયાલ ખોટો અને બેકાર છે. સૈયદોએ બીજા લોકોથી અધિક નેક કામ કરવાં જોઈએ જેથી તેઓ બીજા લોકો માટે દાખલો બને. ફર્સ્ટ કલાસવાળા મુસાફરે થર્ડ કલાસના મુસાફરથી વધારે રૂપિયા ખર્ચ કરવા પડે છે. એમના માટે જરૂરી છે કે તેઓ પોતાના પૂર્વજોનો નમૂનો બને, ઈમામ હુસૈને ભાલાની નીચે નમાઝ પઢી, જો એમની ઓલાદ કોઈ શરઈ કારણ વગર નમાઝ છોડી આપે તો ઘણા જ અફસોસની વાત છે.

## સૈયદ જો કુફ્રી અક઼ીદા અપનાવે તો ?!

સૈયદ કોમનો માણસ જો ઈસ્લામથી બહાર થઈ જાય હિંદુ, સીખ, મિર્ઝાઈ, રાફઝી, વહાબી બની જાય તો ન એ સૈયદ છે ન એની આ ફઝીલતો છે જે ઉપર બયાન કરવામાં આવી. કારણ કે કુફ્રને લઈને એનો નસબ નબીએ કરીમ ﷺથી તૂટી ગયો, એ શરીઅતમાં પોતાના બાપના કુટુંબથી જ ન રહ્યો. કુર્આને કરીમ નૂહ علیہ السلامના પુત્ર કનઆનની બાબત ફર્માવે છે :– **اِنَّهٗ لَيْسَ مِنْ اَهْلِكَ اِنَّهٗ عَمَلٌ غَيْرُ صَالِحٍ** ''અય નૂહ ! આ કનઆન તમારા ઘરવાળો નથી, એના અમલ ખરાબ છે.''

**જ્યારે નૂહ عليه السلام નો સગો પુત્ર કનઆન કુફ્રને લઈને એમનો પુત્ર ન રહ્યો તો હવે એ પ્રકારના બેદીન હુઝૂર ﷺ ની ઓલાદ કેમ કરી બની શકે છે,** અને કુર્આને કરીમ આસ બિન વાઈલ વિશે ફર્માવે છે : اِنَّ شَانِئَكَ هُوَ الْاَبْتَرُ "અય મહબૂબ ! તમારી બુરાઈ કરનારો અબતર (વાંઝીયો) છે." (જેનો છોકરો જીવંત ન રહે.) જુઓ આસ બિન વાઈલ ઓલાદવાળો હતો પરંતુ રબ તઆલાએ એને અબતર કહ્યો એટલે બેઓલાદ, કારણ કે એની સઘળી ઓલાદ મુસલમાન થઈ ગઈ અને એ કાફિર રહ્યો, એટલે એ તે ઓલાદનો બાપ ન માનવામાં આવ્યો અને ન તેમને એની ઓલાદ. જાણવા મળ્યું દીન અને ધર્મના બદલાવાથી નસબ ખત્મ થઈ જાય છે, નસબ માટે દીનનું એક હોવું શર્ત છે.

**કોઈ સાચા નસબનો સૈયદ હોય પણ જો એ બાતિલ ફિર્કામાં પહોંચી જાય અને અહલે સુન્નતથી હટીને માન્યતા રાખે તો એ સૈયદ જ રહેશે નહીં.** અને એની ઈજ્જત કરવામાં નહીં આવે. નબી સાથે એનો કોઈ સંબંધ રહી જતો નથી. જેમ દેવબંદી, વહાબી, કાદયાની, જમાઅતે ઈસ્લામી, શીઆ વગેરે... એમનામાં કોઈ વ્યક્તિ સૈયદ રહી જતો નથી. જેમ કે આજકાલ કેટલાક કહેવાતા સૈયદ વહાબી, દેવબંદી, શીઆ પણ થઈ ગયા છે. તો હવે ન એઓ સૈયદ છે, તેમની સૈયદ તરીકેની કોઈ તા'ઝીમ થશે, બલ્કે બદ્અકીદગીના કારણે તેઓ તૌહીનને પાત્ર છે. *(હવાલો : અલ્ કલામુલ્ મક્બૂલ ફી તહારતે નસબિર્રસૂલ, અઝ : મુફતી અહમદ યારખાં નઈમી અશ્રફી رحمۃ اللہ علیہ)*

## પીર થવા માટેની શરતો કઈ ?

અંતમાં, એ પણ જાણવું જોઈએ કે, સાચા સૈયદની તા'ઝીમ તેના સ્થાને યથાવત રહેશે ભલે તે બેઅમલ હોય, પણ **પીર થવા માટે સૈયદ કે ગૈર સૈયદમાં કમસે કમ આ ચાર શરતો હોવી અનિવાર્ય છે તો જ તે પીર થઈ શકે :–**

**૧.** સુન્ની સહીહુલ અકીદા હોવું. જેથી કોઈ વહાબી, દેવબંદી, શીઆ વગેરે પીર થઈ શકતો નથી. અથવા પોતાને ભલે સુન્ની કહે પણ દેવબંદી વહાબી વગેરેને બુરા ન કહેનાર પણ પીર ન થઈ શકે.

**૨.** એટલો દીની ઈલ્મ હોવો જરૂરી છે કે પોતાને જરૂરી મસાઈલ જાતે પોતે કોઈની મદદ વિના મેળવી શકે. જેથી કોઈ જાહિલ પીર થઈ શકતો નથી કે જેને હલાલ હરામનું ભાન ન હોય.


**૩.** ફાસિક તથા ફાજિર (ખુલ્લમ ખુલ્લા ગુના કરનાર) ન હોય. દાઢી મૂંડો કે મુટ્ઠીથી ઓછી કરાવનારો, ટી.વી., સીરીયલો વગેરેનો શોખિન તેમજ નમાઝ–રોઝાને ત્યજનાર તથા અન્ય ગુનાહો કરનાર પીર થઈ શકતો નથી.

**૪.** હુઝૂર ﷺ સુધી સિલસિલાનો ક્રમ જોડાયેલ હોય. મતલબ કે આગળના સર્વ પીરો ઉપરોક્ત ત્રણેવ શરતોવાળા હોવા જરૂરી છે જેમથી ખિલાફતનો ક્રમ હુઝૂર ﷺ સુધી ઉપર જતો હોય. *(આમ ફિક્હની કિતાબો)*

આ શરતો સિવાયનો કોઈ પણ શખ્સ પીર થશે નહીં. હા ! શરતો મુજબ હોય અને સૈયદ પણ હોય તો નૂરુન આ'લા નૂર ગણાશે.


## પીર, સૂફી, વલી શરીઅતના પાબંદને જ કહેવાશે

ઘણા લોકો અંધશ્રદ્ધામાં ગમે તેને 'વલી' તથા 'હસ્તી' કહી આપે છે ચાહે તે શરીઅતના પાબંદ હોય કે ન હોય, તો યાદ રાખશો કે જો કોઈ સૈયદ છે તથા તેમના ખાનદાનમાં મહાન બુઝુર્ગો થઈ ગયા છે તો તેમને **સૈયદ તરીકે, મહાન ખાનદાનવાળા તરીકે જે તેમની તા'ઝીમ છે તે જરૂર કરવામાં આવશે, પણ જો શરીઅતના પાબંદ નથી તો તેમને વલી કે હસ્તી કહેવું એ અતિશયોક્તિપણુ તથા અજ્ઞાનતા છે.** કારણ કે હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ તો સુન્નતને ત્યજનારને વલી માનવા તૈયાર નથી તો પછી શરીઅત છોડીને હરામ કાર્યો, ગુનાહિત કાર્યો કરનાર કઈ રીતે વલી થઈ શકે !




## નજદી વહાબીઓએ બનાવેલા

# નવા મસ્આ (સઈના સ્થાન)માં સઈનો હુકમ





**રજૂકર્તા**
**હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી જામિઆ અશ્રફિયા– મુબારકપુર–યુ.પી.)*

**અનુવાદક**
**મૌલાના યાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા)*


**હપ્તો : ૨ (છેલ્લો)**

હવે જ્યારે અસ્લાફ પૂર્વજ બુઝુર્ગો તથા ત્યાર બાદ આવનાર ઉમ્મતનો એ વાત ઉપર ઈજમાઅ (સર્વ સંમતિ) છે કે સઈનું સ્થાન એક ખાસ જાણીતી જગ્યા છે અને તેનાથી વિરૂધ્ધ કરવું જાઈઝ નથી, નહીં તો ઉમ્મતના ઈજમાઅને તોડવું (વિરૂધ્ધ કરવું) લાઝિમ થશે. તો આવશ્યક રીતે બે વાતોમાંથી એક વાત જરૂર સાબિત થાય છે : ક્યાં તો એ સાબિત થાય છે કે સફા તથા મરવા પહાડની પહોળાઈનો વિસ્તાર જ છે જે ખાસ જાણીતા સ્થાનનો છે. ક્યાં તો એ સાબિત થાય છે કે આ સહમતિ (સફા તથા મરવાની) દરમ્યાન હોવાની સાધારણતાને ખાસ તથા મુખ્ય રૂપમાં ફેરવનાર છે. તો આ પ્રમાણે પણ સઈ માત્ર જૂના સઈના સ્થાનમાં જ જાઈઝ છે.

બલ્કે સત્ય તો એ છે કે સફા તથા મરવા પહાડની પહોળાઈનો વિસ્તાર સઈના સ્થાનની પહોળાઈથી વધારે નથી. જેમ કે ઈમામ અબૂ ઝકરિયા મુહયુદ્દીન નવવી શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"સફા મસ્જિદે હરામના દરવાજા પાસે એક ઊંચી જગ્યા છે જ્યાંથી સઈ કરવાની શરૂઆત કરવામાં આવે છે. આ (સફા) અબૂ કુબૈસ પહાડના નાકની જેમ છે. અત્યારે તેમાં અગ્યાર પગથિયાં છે. તેના ટોચના ભાગમાં મહેલની જેમ એક લાબો વરંડો બનેલ છે જેની પહોળાઈ પચાસ ફૂટ છે. પરંતુ મરવા પહાડ ઘણો નીચો છે અને તે "કઈ કઆન" નામના પહાડના નાકની જેમ છે તેમાં બે પગથિયાં છે અને તેનો આશરે ચાલીસ ફૂટનો વરંડો બનેલ છે." *(તેહઝીબ)*

સફા ઉપર બનેલા વરંડા (ઓટલા)ની પહોળાઈ પચાસ ફૂટ છે અને સફા ઉપર ચઢવા માટે જે પગથિયાં બનાવવામાં આવ્યાં હતાં તેનાથી જાહેર તો એ છે કે પશ્ચિમ તથા દક્ષિણમાં હતી કેમ કે તે બે બાજુથી ચઢવા તથા ઉતરવાની જરૂરત હતી. રહી ગઈ પૂર્વ તથા ઉત્તર દિશા, તો તે બાજુથી ચઢવા ઉતરવાની જરૂરત ન હતી. એટલા માટે વધારે પડતું અનુમાન એ છે કે પૂર્વ દિશામાં પગથિયમાં નહીં હોય. આ ઉપરાંત જમીનથી લઈને ટોચનું અંતર આશરે દસ અગ્યાર હશે. પહાડના પગથિયાં લગભગ એક ફૂટનાં હોય છે. એટલા માટે આ હિસાબથી ઈમામ નવવીના યુગમાં સફાની જમીનની પહોળાઈ લગભગ એકસઠ ફૂટ થઈ, જે જૂના સઈના સ્થાન (૧૬ રમઝાન હિ.સ. ૧૪૨૯ અને ઈ.સ. ૨૦૦૯થી પહેલાં)ની પહોળાઈ મુજબ છે. કેમ કે આ સઈનું સ્થાન ૨૦ મીટરનું છે અને એક મીટર બરાબર ત્રણ ફૂટ, ત્રણ ઈંચ લગભગ થાય તો આ હિસાબથી તેના એકસઠ ફૂટ વીસ ઈંચ થયા.

રહી ગઈ 'મરવા'ની વાત તો અમારી દષ્ટિએ તેની પહોળાઈ આજે પણ સફાની બરાબર છે, અને કોઈ પણ વ્યક્તિ બીજા પહાડોને ઉપલક દષ્ટિએ જોઈને અનુભવ કરી શકે. ઈમામ નવવી رحمۃ اللہ علیہએ મરવા ઉપર બનેલા ઓટલાની પહોળાઈ ચાલીસ ફૂટ લગભગ દર્શાવી છે. મરવા પહાડની નહીં. અને તે હોઈ પણ નથી શકતું કે જાહેરના વિરૂધ્ધ છે તેનુ સમર્થન અલી બિન ખાલિદ બલ્વીના વર્ણનથી પણ થાય છે.

"સફાની પહોળાઈ સત્તર ખુતૂત છે, અને મરવાની પહોળાઈ પણ સફાની જેમ સત્તર ખુતૂત છે. અને (એક) ખુતૂત ત્રણ ફૂટનો હોય છે." *(તાજુલ્મુફર્રિક, પેજ–૬૫, ભા–૧)*

સફા ઉપર બનેલા એટલા વિશે આ રીતનો ફરક ન કરી શકાય કેમ કે આજે પણ સફાની પહોળાઈ લગભગ એટલી જ છે જે ઉપર અબ્બાસ નવવીના લખાણમાં સફા ઉપર બનેલા ઓટલાની બતાવવામાં આવી છે. આથી માલૂમ થયું કે આપણુ આ જૂનું સઈનું સ્થાન જેનું અંતર પહોળાઈમાં વીસ મીટર છે અને જેનું સઈ માટેનું સ્થાન હોવું શરીઅતથી તથા ઈજમાઅ (સર્વ સંમતિ) છે તે સફા તથા મરવાની પહોળાઈ મુજબ છે. બીજા શબ્દોમાં સફા મરવાનો વિસ્તાર પહોળાઈમાં શરઈ મસ્આ (સઈના સ્થાન)ની પહોળાઈથી વધારે નથી. એટલા માટે નવુ મસ્આ (નવુ સઈનું સ્થાન) સફા તથા મરવા દરમ્યાન નથી અને તેમાં સઈ જાઈઝ નથી.

**શરઈ એહકામ** : ઉપરોક્ત પુરાવાઓથી સ્પષ્ટ થાય છે કે સઈ સ્વયં પોતે ઈબાદત નથી. સઈના ઈબાદત હોવા માટે જરૂરી છે કે અલ્લાહના રસૂલ ﷺ તથા આપના સહાબાએ જે જગ્યાએ સઈ ફર્માવી છે ત્યાં સઈ કરવામાં આવે.

સઈનો રૂકન એ છે કે છે સફા, મરવા દરમ્યાન હોય, કેમ કે રસૂલુલ્લાહ ﷺ તથા આપના સહાબાએ આજ (બે) નિશાનીઓ દરમ્યાન સઈ ફર્માવી છે. અને તે સમયથી લઈને અત્યાર સુધી ઉમ્મતનો પણ તે જ અમલ રહ્યો છે. અને આજે પણ જો નજદી હુકૂમતનું દબાણ ન હોય તો લોકો તે જ રસૂલુલ્લાહ ﷺની સઈની જગ્યામાં સઈ કરશે.

વહાબી નજદી ગવર્મેન્ટે હિ.સ. ૧૪૨૯ ઈ.સ. ૨૦૦૮ના હજજના મહીનાથી મસ્આના (સઈના સ્થાન) નામ પર જે વરંડામાં સઈનો પ્રારંભ કરાવ્યો છે તે એક માત્ર બેકાર તથા ફાલતુ કામ છે, કેમ કે તે સઈ સફા તથા મરવા જે અલ્લાહની નિશાનીઓ છે તેના દરમ્યાન નથી હોતી.

એટલા માટે વહાબીઓ દ્વારા બાંધવામાં આવેલ નવા મસ્આ (નવા સઈના સ્થાન)માં સઈ કરવી જાઈઝ નથી, કેમ કે નવા સઈના સ્થાનમાં સઈ કરવી એક બેકાર કામમાં લાગવું છે. (માત્ર ફેરા ફરવા છે) તેને ઈબાદત સમજવું અને ઈબાદતની નિય્યતથી તે નવા મસ્આમાં ચક્કર લગાવવા પણ નાજાઈઝ તથા ગુનો છે, કેમ કે આ એક ફાસિદ (બાતિલ) અક્ીદો ધરાવવું છે.

સફાથી મરવા તરફ સઈ વાજિબ છે જેને છોડવી ગુનો છે. આ ઉપરાંત સફાથી મરવા તરફ સઈ નહી થાય તો વાજિબ છૂટી જશે જેથી તેના બદલામાં (દમ) જાનવરની કુર્બાની વાજિબ થશે, અને જો કુર્બાની નહીં કરે તો હજજ તથા ઉમરાહ અધૂરા રહેશે.

અને જે ફિક્હના મઝહબોમાં સઈ કરવું ફર્ઝ છે, અથવા તે હજજનો રૂકન છે, જેમ કે માલિકી મઝહબ તથા શાફઈ મઝહબમાં છે, તો તે મઝહબમાં હાજીની હજજ તથા ઉમરા કરનારના ઉમરા સહી નહીં થાય. કેમ કે નવા મસ્આમાં સઈ કરવાથી તે સઈ અદા નહીં થાય, જે સઈ માલિકી મઝહબમાં ફર્ઝ છે અને શાફઈ મઝહબમાં હજજનો રૂકન છે અને જ્યારે ફર્ઝ તથા રૂકન જ અદા નહીં થાય તો હજજ તથા ઉમરા પણ અદા નહીં થાય. અને આવા હાજીઓ તથા ઉમરા કરનારાઓ ક્યારે પણ હલાલ નહીં થાય. (એ હરામની હાલતમાં જ રહેશે)

પરંતુ આજે આ એહકામ ઉપર અમલ કરવો શક્ય નથી. એટલા માટે માલિકી તથા શાફઈ મઝહબના લોકો ઉપર જ્યાં સુધી આ સખત ઉઝર (મોટુ વિધ્ન) બાકી રહેશે ત્યાં સુધી હજજ ફર્ઝ ન હોવી જોઈએ અને હન્ફી મઝહબ ધરાવતા લોકોનો ફર્ઝ તો અદા થઈ જશે, પરંતુ દમ તેમની ઉપર વાજિબ રહેશે. એટલા માટે જે લોકો ફર્ઝ (હજજ) અદા કરી ચૂક્યા છે તેમણે બીજીવાર હજજ માટે (આવી પરિસ્થિતમાં) ન જવું જોઈએ. કેમ કે વિના કોઈ શરઈ કારણે જાણી જોઈને સઈને છોડવાના (જે વાજિબ છે) ગુનાહમાં સપડાવું બુરું છે.

**રૂખ્સતની તલાશ** : ઉપરોક્ત તમામ એહકામ પોતાની જગ્યાએ હક્ક઼ છે અને તેની ઉપર અમલ વાજિબ છે. પરંતુ શું નજદી હુકૂમત તથા હજજ ઉમરાહના શોખીનો, ઉમેદવારો આ અહકામ ઉપર અમલ તો છોડો ગંભીરતાથી તેની ઉપર વિચાર પણ કરી શકે છે. તેની પૃષ્ટિ ઘણી જરૂરી છે. જ્યાં સુધી નજદી હુકૂમતનો સવાલ છે તો તે ઘણી જિદ્દી હુકૂમત (ગવર્નમેન્ટ) છે તેવી હુકૂમતથી કોઈ આશા નથી કે તે એક સુન્નતને ઝિંદા કરશે. બલ્કે તેના વિરૂધ્ધ પોતાની શોધ કરેલ નવી બિદઅત ઉપર અમલ કરવા માટે મજબૂર કરશે અને તેના વિરૂધ્ધ કરવાના બદલામાં કેદ અથવા સજામાં ધકેલી શકે છે.

બીજી બાજુ હજજ તથા ઉમરાહના શોખીનોની એ

સ્થિતિ છે કે તેઓ હજ્જ ઉપર હજ્જ અને ઉમરાહ પર ઉમરાહ કર્યા હોવા છતાં નવા હજ્જ તથા ઉમરાહનો ઈરાદો ધરાવે છે અને સમય આવવા પર હજ્જ તથા ઉમરાહ માટે ઉપડી જાય છે. આ રીતે દર વર્ષે લાખો હાજીઓ તથા ઉમરાહ કરનારાઓ ઉપર સઈ (જેવી ઈબાદત)ને છોડવાના કારણે ગુનાહમાં સપડાવવું જરૂરી થઈ જશે. અને લાખો હાજીઓ તો એવા પણ હશે કે તેઓ માલિકી મઝહબ તથા શાફઈ મઝહબ મુજબ (માલિકીઓ તથા શાફઈઓ) હલાલ જ નહીં થાય અને હલાલ વ્યક્તિની જેમ એવા દરેક કામો કરશે જે એહરામની હાલતમાં હરામ છે. તો તેઓ (માલિકીઓ તથા શાફઈઓ) હરામ પર હરામ (કેટલાયે હરામ કામો)માં સપડાતા રહેશે, અને જો દમ આપે તો લાખો રૂપિયાનું ફોગટમાં ખર્ચ કરવું જરૂરી થઈ જશે, જે નિશ્ચિત રીતે એક મોટુ તથા ભારે નુકસાન છે.

અહિંયા એ ન વિચારવામાં આવે કે લોકો નવા સઈના સ્થાનમાં સઈ કરવા માટે મજબૂર છે એટલા માટે ગુનાહનો બોજ તેમની ઉપર ન હોવો જોઈએ. કેમ કે જ્યારે લોકોને ખબર છે કે શરઈ મસ્આમાં હુકૂમતની જબરદસ્તી તથા દબાણના કારણે સઈ નથી કરી શક્તા તો હજ્જ તથા ઉમરાહનો એહરામ બાંધવો સઈના છોડવા પ્રત્યે એક પગલું છે. (જેને સઈને છોડવા માટે આગળ વધવું કહેવાય) તો પછી શા માટે એવું કામ કરવામાં આવે કે જેનાથી સઈને છોડવાનો ગુનો જરૂરી થઈ જાય, અને આવા ગુનાહમાં એક મોટી સંખ્યાનું સપડાવવું પણ જરૂરી થઈ જાય. એટલા માટે રૂખ્સતની શોધ જરૂરી છે.

**જાઈઝ હોવાના માર્ગો** : આવી કપરી સ્થિતિ તથા મહાન નુકસાનની પરિસ્થિતિમાં હન્ફી, શાફઈ તથા માલિકી મઝહબ ધરાવનારાઓ માટે ઈમામ અહમદ ઈબ્ને હંબલના મઝહબમાં ગુનાહથી બચવાની ગુંજાઈશ છે, કેમ કે એક રિવાયત મુજબ તેઓ સઈને સુન્નત બતાવે છે. અને (સઈને) છોડવા ઉપર દમનો હુકમ નથી આપતા. મોટા ભાગના આલિમોએ આ જ રિવાયત નકલ કરી છે. ''તફસીરે ખાઝિન''માં છે :–

''હજ્જ તથા ઉમરાહમાં સફા મરવા દરમ્યાન સઈનો હુકમ શું છે ? ફર્ઝ છે, વાજિબ છે કે નફલ ? તે વિષયમાં ઓલમાનો મતભેદ છે. ઓલમાના એક ગૃપનો મઝહબ એ છે કે (સઈ) વાજિબ છે. એક ગૃપ કહે છે (સઈ) નફલ છે. આ જ કૌલ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો છે. અને ઈમામ ઈબ્ને સીરીને ફર્માવ્યું કે તે રૂકન નથી. અને હઝરત ઈબ્ને ઝુબૈર તથા મુજાહિદ અને અતાથી રિવાયત છે કે કોઈ સઈ છોડી દે તો તેમાં કશું વાજિબ નહીં થાય. અને ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہથી આ વિષયમાં અલગ અલગ રિવાયતો આવી. એક રિવાયત એ છે કે જે સફા મરવા દરમ્યાન સઈ છોડી દે તો તેની હજ્જ અદા નહીં થાય. અને બીજી રિવાયત એ છે કે તેમાં કશું નથી ભલે જાણી જોઈને (સઈ) છોડી હોય અથવા ભૂલથી છૂટી ગઈ હોય. હા (સઈને) છોડવી ન જોઈએ. અને જમહૂર (મોટા ભાગના) આલિમોએ તેમનો આ મઝહબ નકલ કર્યો છે કે સઈ નફલ છે. *(તફસીરે ખાઝિન, પેજ–૯૬, ભાગ–૧)*

અલ્લામા ઈબ્ને કુદામા હંબલી رحمۃ اللہ علیہએ ''અલ મુગ્ની''માં ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہથી બે કૌલ નકલ કર્યા છે. સઈના રૂકન હોવાનો અને બીજો સઈના સુન્નત હોવાનો, પરંતુ બંને કૌલને રિવાયતના શબ્દો સાથે વર્ણન કર્યો છે જેથી એ નક્કી નથી થતું કે હઝરત ઈમામ અહમદનો મઝહબ શું છે ?

પરંતુ આ ગુંજાઈશ (આવશ્યક્તા જાઈઝ હોવા વિશે) હોવા છતાં પણ અમે તેના ઉપર અમલ કરવાની ઈજાઝત નથી આપતા કેમ કે ''અલ્લામા ઈબ્ને કુદામા'' رحمۃ اللہ علیہએ આ વિષયમાં ઈમામે આ'ઝમના મઝહબને ''વહુવ અવ્લા'' (અને તે બેહતર છે) કહીને અગ્રતા આપી છે. ''અલ્ મુગ્નીમાં છે અર્થાત : અલ્લામા કાઝીએ ફર્માવ્યું કે સઈ વાજિબ છે, રૂકન નથી કોઈ છોડી દે તો દમ વાજિબ થશે. આ મઝહબ ઈમામ હસન, ઈમામ અબૂ હનીફા અને ઈમામ થૌરી رحمۃ اللہ علیہના છે, અને એ જ અવ્લા (બેહતર) છે.'' *(અલ્ મુગ્ની, પેજ–૩૮૯, ભા–૩)*

તો શક્ય છે કે હંબલી મઝહબ હવે આ જ હોય જે ઉપર દર્શાવ્યો છે. પછી બીજાની તક્લીદથી કોઈ ફાયદો નહીં થાય. અને ખાસ કરીને એવી સ્થિતિમાં જ્યારે કે પોતે હનફી મઝહબમાં મજબૂરીની હાલતમાં રૂખ્સતના દરવાજા ખુલ્લા હોય.

**(૨)** હનફી મઝહબમાં સફાથી સઈની શરૂઆત એક રિવાયતમાં સુન્નત છે જેથી મજબૂરીની હાલતમાં

મરવાથી સફાની સઈ કરવામાં આવે તો એ પણ ગણત્રીમાં આવશે.

રદ્દુલ મુહતારમાં છે : મરવાથી સઈ શરૂ કરી તો સહીહ મઝહબ પર ચક્કર ગણાશે નહીં, અને અલ્લામા કિર્માની ફર્માવે છે કે ગણના થશે પરંતુ સુન્નત ત્યજવાના કારણે એવું મકરૂહ અને એ ચક્કરને દોહરાવવું વાજિબ છે. *(રદ્દુલ મુહતાર)*

મજબૂરીના કારણે આ રિવાયત પર અમલની ઈજાઝત થશે. તો આ રીતે મરવાથી સફા સુધીની સઈ વિશ્વસનીય થશે, એટલે કે પરત થવાનો ચક્કર વિશ્વસનીય છે અને નજદી મસ્આ (સઈના સ્થાન)થી **જવાનો ચક્કર નિરર્થક તથા અવિશ્વસનીય** છે. જેથી **હાજીઓ તથા ઉમરા કરવાવાળા પર વાજિબ છે કે મરવાથી સફા સુધી સાત ચક્કર પૂરા કરે અથવા ચાર ચક્કર લગાડે અને બાકીના ત્રણ ચક્કરોને બદલે ત્રણ સદકા આપે.** એક સદકાની માત્રા ૨.૪૭ કિલો ગ્રામ ઘઉં છે. અથવા મરવાથી સફા સુધી પાંચ ચક્કર લગાડે તો બે સદકા આપે. આ સદકો ત્યાંના ફકીરોમાં જ વહેંચી આપે. ચાહે તો ઘઉંને બદલે રિયાલ વગેરેના રૂપે તેની કિંમત આપી દે. શરએ લુબાબમાં એની વિગત મૌજૂદ છે.

**(૩)** મજબૂરીના લીધે સઈ ત્યજવી પડે તો દમ લાઝિમ નથી થતો, જેમ કે લુબાબ તથા શરએ લુબાબ વગેરેમાં છે, પરંતુ હઝરત મુલ્લા અલી કારી રહમતુલ્લાહિ અલૈહિએ શરએ લુબાબમાં આ સ્થળે એ સ્પષ્ટતા કરી છે કે ઉઝરથી મુરાદ એવી મજબૂરી છે જે બંદાઓની તરફથી ન હોય, અને આપણા મસ્અલાના વર્તુળમાં મજબૂરી (ઉઝર) બંદાઓની જ તરફથી છે.

પરંતુ આ સ્પષ્ટતા વિચારણા પાત્ર છે. અલ્લામા ફાસી રહમતુલ્લાહિ અલૈહિએ એના પર કલામ (ટીપ્પણી) કરી છે. વિગત ઈર્શાદુસ્સારી, પેજ–૨૨૩માં છે.

આ ચર્ચાઓનો ખુલાસો એ છે કે સઈનો ત્યાગ જો કુદરતી મજબૂરીના કારણે હોય તો એકમતિએ દમ વાજિબ થશે નહીં, અને જો ઉઝર બંદાની તરફથી હોય, દા.ત. કોઈને સઈ છોડવા માટે મજબૂર કરી આપે તો અલ્લામા ફાસી રહમતુલ્લાહિ અલૈહિની દૃષ્ટિએ હજી પણ દમ વાજિબ ન થશે.

અહીંથી જાણવા મળ્યું કે બંદાના તરફથી જોવા મળતા ઉઝર (મજબૂરી)ના કારણે સઈનો ત્યાગ થાય તો એનાથી દમ વાજિબ થવા ન થવામાં મતભેદ છે. હવે જો બંનેવ કથનો સમાન કુવ્વત (મજબૂતી)નાં હોય તો બંનેવમાંથી કોઈ પણ એકને અપનાવવાની ઈજાઝત રહેશે ગુન્યહ શરહે મુન્યહમાં છે : " જે કૌલ પર ચાહો અમલ કરો અને સાવધાની બહેતર છે." *(બહષે ઝલ્કુલ કારી–૪૯૩)*

અને જો અલ્લામા ફાસીનું કથન ઝઈફ હોય તો લોકોને ગુનાહથી બચાવવાના માટે એને અપનાવવાની ઈજાઝત રહેશે અને એને અપનાવવું બીજા ઈમામની તકલીદ કરતાં બેહતર છે.

હાશિયા ફતાવા રઝવિય્યહમાં છે : "જરૂરતના સમયે મઝહબના ઝઈફ કૌલ પર અમલ કરવો એ બીજા મઝહબની તકલીદ કરતાં અફઝલ છે. *(જિલ્દ, પેજ–૬૩, અત્તારુઝુલ મુઅલિમ)*

વળી એ મતભેદ ત્યારે છે કે જ્યારે મજબૂરી બંદાઓ તરફથી એક અથવા અમુક વ્યક્તિઓના માટે હોય. અને જો અવામ તથા ખવાસ સ્ત્રી તથા પુરૂષ, જવાન તથા વૃધ્ધ દરેક પ્રકારના અસંખ્ય લોકોના માટે હોય એટલે ઉમૂમે બલવા મુહક્કક (નિશ્ચિત) થઈ જાય તો એ મતભેદ ન થવો જોઈએ કેમ કે ઉમૂમે બલ્વા જાતે પોતે ઘટાડાનો સબબ છે. ઈર્શાદે રબ્બાની છે :– **وما جعل عليكم فى الدين من حرج** "અને અલ્લાહે તમારા પર દીનમાં કોઈ તંગી ન રાખી."

આપણા મસ્અલાના વર્તુળમાં સ્થિતિ એ જ છે કે નજદી મસ્આ (સઈનુ સ્થાન) જે હકીકતમાં ગૈર મસ્આ છે એમાં પ્રથમ વરસે જ આમ લોકો સઈ કરી રહ્યા છે, વળી દર વર્ષે ઉમરાની સીઝન "રબીઉલ અવ્વલ તથા રમઝાનુલ મુબારક" અને હજ્જની સીઝન "ઝીલ કઅદ અને ઝીલ હજ્જ"માં માણસોનું મહાન પુર એમાં પડશે અને એવું થતુ રહેશે (એ રીતે સઈ કરતા રહેશે) એટલા માટે સખત જરૂરત નુકસાન તથા ઉમૂમે બલ્વા (મોટા ભાગના લોકો એમાં સપડાવાથી) અધિક્તર ગુમાન એ છે કે આ સઈનો ત્યાગ માફી પાત્ર હોવો જોઈએ.

**નોંધ** : મજલિસે શરઈ જામિઆ અશરફિયાના સેમીનારમાં આ મસ્અલા પર ચર્ચા થઈ અને ઉલમાએ કિરામે જાઈઝની બીજી સ્થિતિને અમલના માટે અપનાવી. –*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક, ઉર્દૂ, ઓકટો.–ડિસે. ૨૦૦૯)*

# તક઼લીદનો ઈન્કાર

## એટલે સવાદે આ'ઝમથી વિદ્રોહ !

:: રજૂકર્તા ::
મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી
(મુદર્રિસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)

ઈસ્લામ એક સંપૂર્ણ ક઼ાનૂને હયાત (જીવન બંધારણ) છે. દરેક યુગ માટે છે. ક઼યામત શરૂ થતા સુધી છે. એટલા માટે તેની હિફાઝતની જિમ્મેદારી અલ્લાહ તઆલાએ પોતાના કરમ પર લઈ લીધી છે. ઈલ્હાદ (ધર્મથી ચલિત કરનારાં) અને અધાર્મિક્તાનાં હજારો તોફાનો આવ્યાં, ઘણા તે જ વાવાઝોડાંઓ આવ્યાં, બદઅક઼ીદગીના ભયાનક ધરતીકંપો આવ્યા પરંતુ ઈસ્લામ પોતાની હક્ક઼ાનિયતની બુનિયાદ પર જેવો હતો તે જ સ્થિતિમાં મેહફૂઝ અને સલામત રહ્યો.

ઈસ્લામની હિફાઝતનો બંદોબસ્ત અલ્લાહ તઆલાએ એવી રીતે કર્યો કે પોતાના મહબૂબ આખરી નબી علیہ السلامને સંપૂર્ણ કુર્આનની તફસીર બનાવી મોકલ્યા. આપની પાકીઝા (પવિત્ર) જિંદગી કુર્આને પાકની સંપૂર્ણ તફસીર હતી.

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ તેના પર **كان خلقه القران** ફર્માવી સમર્થનની મોહર મારી દીધી. પછી આપની પાકીઝા જિંદગીના અમલી નમૂનાની હિફાઝત માટે અલ્લાહ તઆલાએ સહાબાએ કિરામની મુક઼દ્દસ જમાઅતને પેદા ફર્માવી જેમણે હુઝૂર ﷺના પવિત્ર જીવનના દરેક પાંસાની હિફાઝત ફર્માવી. તેઓ શા માટે હિફાઝત ન કરતા કેમ કે મહબૂબની દરેક વસ્તુ મહબૂબ હોય છે. બીજુ એ કે તેના વિશે કુર્આને પાકમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ પણ મૌજૂદ છે : **لقد كان لكم فى رسول الله اسوة حسنة** "તમારા માટે રસૂલુલ્લાહ ﷺના જીવનમાં સારો નમૂનો (આદર્શ) છે." (રસૂલુલ્લાહ ﷺનું જીવન તમારા માટે બેહતરીન આદર્શ છે.)

ગૈબ જાણનાર નબી મુખ્તારે કાઈનાત ﷺને અલ્લાહ તઆલાની અતાથી એ વાતનો ઈલ્મ હતો કે ઈસ્લામી હુકૂમતનું વર્તુળ ફેલાતુ જશે, વિવિધ ક઼ૌમો પોતાની અલગ અલગ સંસ્કૃતિ, રસ્મો, રિવાજો અને હાલાતની સાથે તેમાં પ્રવશશે. તિજારત અને ખેતિવાડીના મસ્અલાઓ, કામધંધા કારીગરીના મસ્અલાઓ, શાદીના મસ્અલાઓ, દીવાની અને ફોજદારી ક઼ાનૂનોના પ્રશ્નો અને એવા કેટલાય નવા નવા પ્રશ્નો દિવસે દિવસે ઉપસ્થિત થતા રહેશે. અને આલમે ઈસ્લામમાં નવા નવા ફિત્નાઓ, વિવિધ વિચારો તથા માન્યતાવાળી વ્યક્તિઓ જન્મ લેતી રહેશે જેના લીધે વાદવિવાદ, ખેંચાતાણીનો માહોલ ક઼ાયમ થઈ જશે, નફ્સની ખ્વાહિશની પેરવી કરનારા શરીઅતને છોડી પોતાની તબીઅતને લાગતા ક઼ાનૂનો બનાવી લોકોને ગુમરાહ કરવાની કોશિશ કરશે એટલા માટે આપ ﷺએ અમુક મહત્વના પાયાના સિદ્ધાંતો અને ક઼ાયદાઓ અર્પણ ફર્માવ્યા અને તેના પર અમલની તાકીદ પણ ફર્માવી :–

**(૧)** હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે, "હું તમારામાં બે વસ્તુઓ છોડુ છું : એક અલ્લાહની **કિતાબ** (એટલે કુર્આન શરીફ) બીજી તેના રસૂલની **સુન્નત.** જ્યાં સુધી આ બંનેવને મજબૂતીની સાથે પકડી રાખશો કદાપિ ગુમરાહ નહીં થાવ. *(હવાલા, મિશ્કાત શરીફ કિતાબુલ ઈમાન, બાબુલ એઅ્તેસામ બિલ્ કિતાબ વ સુન્નત, ભાગ–૧, પેજ–૮૩, પ્રકાશન, મિસ્ર)*

**(૨)** સવાદે આ'ઝમ (મોટી જમાઅત)ની પયરવી (અનુસરણ) કરો ! જે તેનાથી અલગ થયો તે અલગ જહન્નમમાં નાખવામાં આવશે. *(હવાલો : સુનને ઈબ્ને માજા, કિતાબુલ ફિતન, બાબુસ્સવાદિલ આ'ઝમ, પેજ–૩૦૩)* "સવાદે આ'ઝમ" એટલે "મોટી જમાઅત" જેને "અહલે સુન્નત વ જમાઅત" કહેવામાં આવે છે એટલે અહલે સુન્નતથી જે અલગ

થયો તે જહન્નમમાં પડશે.

**(૩)** જમાઅત ઉપર અલ્લાહનો હાથ છે. *(હવાલો: મિશ્કાત શરીફ, ભાગ-૧, પેજ-૮૦)*

હુઝૂર ﷺ એ પણ ન ચાહતા હતા કે મારી ઉમ્મત વિખવાદ અને વિભાજનની શિકાર થાય અથવા ગુમરાહી ઉપર ભેગી થાય, એટલા માટે આપ ﷺ ફર્માવે છે કે મેં દુઆ કરી કે મારી ઉમ્મત ગુમરાહી પર ભેગી ન થાય, અલ્લાહ તઆલાએ મારી આ દુઆ કૃબૂલ ફર્માવી. *(હવાલો : મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ભાગ-૬, પેજ-૩૯૬)*

એ જ કારણે સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم أجمعين એ ઈસ્લામની હિફાઝત માટે વિખ્વાદ અને વિભાજનથી બચીને કેવળ સુન્નતની પયરવી પ્રદર્શિત કરી. પછી હુઝૂર ﷺના વિસાલ બાદ સહાબાએ કિરામે પોતાના દરમ્યાન તફક્કોહ (ઈલ્મે ફિક્હના માહિર) અને ઈજતેહાદ પર (શક્તિમાન) સહાબાએ કિરામની તક્લીદ (અનુસરણ) કરી. પછી તાબઈનનો યુગ આવ્યો તો તાબઈઓએ પણ એ જ સહાબાની તક્લીદ કરી જેઓ ફકીહ અને મુજતહિદ હતા. પછી તબ્એ તાબઈનનો જમાનો આવ્યો તો તેઓએ પણ ઉચ્ચ કક્ષાના તાબઈન જેઓ ફકીહ અને મુજતહિદ હતા તેમની તક્લીદ કરી. પછી ત્યાર બાદ ચારેવ ઈમામોની તક્લીદનો યુગ શરૂ થયો અને આજ સુધી લગાતાર ચાલુ અને કાયમ છે, જેનો પુરાવો ઈતિહાસની ઘણી બધી કિતાબોમાં મૌજૂદ છે.

## ઈમામોની તક્લીદ અને ઉમ્મતનો ઈજમાઅ

ઈસ્લામી ઈતિહાસ ગવાહ છે કે ખૈરુલ કુરૂન (બેહતરીન યુગ) એટલે કે સહાબાએ કિરામના યુગથી જ એક મુજતહિદની તક્લીદ પર ઈજમાઅ (સર્વ સંમતિ) રહ્યો છે અને એક ખાસ મુદ્દત સુધી તેમની તક્લીદ થતી રહી. મશ્હૂર સંશોધનકાર ઈબ્ને કય્યિમ જૌઝી લખે છે, **તર્જુમો** : હઝરત અલી كرم الله تعالى وجهه الكريم જયારે યમનમાં હતા તો તેમની બારગાહમાં ત્રણ વ્યક્તિઓ એક બાળકના વિશે વિવાદ કરતા હાજર થયા અને દરેક વ્યક્તિ તે બાળકને પોતાનો છોકરો કહેતો હતો. તો આપે તેઓ વચ્ચે ચિટ્ટીઓ નાખી અને જેનું નામ નીકળ્યું બાળક તેના હવાલે કરી દીધું. અલ્બત્ત ! તેની પાસેથી દીયત (બદલા)નો ત્રીજો હિસ્સો લીધો અને પેલી બે વ્યક્તિઓને આપી દીધો. જયારે આ ફૈસલાની ખબર હુઝૂર ﷺ સુધી પહોંચી તો આપે ખુશી પ્રદર્શિત કરી. *(હવાલો : એઅ્લાઉલ મોકેઈન, ભાગ-૧, પેજ-૧૬૪)*

ઈબ્ને કૃય્યિમ જૌઝીના આ લખાણથી સાફ સ્પષ્ટ થાય છે કે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ જે મસ્અલામાં ફૈસલો ફર્માવ્યો તેના વિશે ન કોઈ આયત કુર્આનમાં છે, ન તેના વિશે કોઈ હદીષે પાક વર્ણન થયેલ છે, બલ્કે આપે પોતાના ઈજતેહાદ વડે ફૈસલો ફર્માવ્યો અને હુઝૂર ﷺએ તેનો ઈન્કાર (નકાર) ન કર્યો બલ્કે પોતાની રઝામંદી જાહેર કરી. ત્યાંથી આ વાત સ્પષ્ટ થાય છે કે હુઝૂરના જમાનામાં અમુક સહાબાએ કિરામ પોતાના ઈજતેહાદથી ફૈસલાઓ ફર્માવતા હતા અને તે સહાબાઓ જેઓ ઈજતેહાદની યોગ્યતા ધરાવતા ન હતા તેઓ તેમની તક્લીદ કરતા હતા. જયારે કે હુઝૂર ﷺ તેઓને ન ઈજતેહાદથી મના ફર્માવતા અને ન તક્લીદને હરામ ઠરાવતા.

## તક્લીદ વિશે ગૈર મુક્લ્લિદ પેશ્વાઓની રાય

અહમદ ઈબ્ને તયમિયા જમહૂર બહુમતિ ઉલ્માએ કિરામના દૃષ્ટિકોણને સ્પષ્ટ કરતાં લખે છે :-

"બહુમતિ ઉમ્મતના નજીક ઈજતેહાદ પણ જાઈઝ અને તક્લીદ પણ જાઈઝ છે. તેઓ ન તો દરેક વ્યક્તિ ઉપર ઈજતેહાદને વાજિબ કરે છે અને ન તક્લીદને હરામ કરે છે. અને ન દરેક વ્યક્તિ ઉપર તક્લીદને વાજિબ અને ઈજતિહાદને હરામ ઠરાવે છે, બલ્કે જે ઈજતેહાદની યોગ્યતા ધરાવે છે તેના માટે ઈજતેહાદ જાઈઝ છે અને જે ઈજતેહાદની યોગ્યતા નથી ધરાવતો તેના માટે તક્લીદ જાઈઝ છે. અને તક્લીદના જાઈઝ હોવા પર દરેક યુગમાં ઈજમાઅ રહ્યો છે. જેમ કે

અલ્લામા બુરહાનુદ્દીન ઈબ્રાહીમ બિન અલી માલિકી પોતાની કિતાબ ''અદ્દીબાજિલ્ મઝહબ''માં વિગતવાર વર્ણન કરે છે કે તક્લીદનો રિવાજ લગભગ દરેક સદીમાં રહ્યો છે. શામ અને ઉન્દુલસમાં ઈમામ અવજાઈનો મઝહબ ગાલિબ (સવાર) હતો અને બે સદીઓ પછી તેમનો મઝહબ ખત્મ થઈ ગયો અને ત્યાં ઈમામ માલિકનો મઝહબ ગાલિબ થઈ (છવાઈ) ગયો. ઈમામ હસન બસરી અને ઈમામ સુફયાન ષૌરીના માનવાવાળા વધારે ન હતા અને ન તેમની તક્લીદનો જમાનો લાંબો હતો બલ્કે થોડાક જ સમયમાં તેમનો મઝહબ ખત્મ થઈ ગયો, બાકી રહ્યા ઈમામ તબરી અને ઈમામ અબૂ ષૌરના મુક઼લ્લિદો, પરંતુ તે પણ વધારે ન હતા અને ન તેમની તક઼લીદનો યુગ લાંબો હતો. ઈમામ અબૂ ષૌરના મુક઼લ્લિદો, ત્રીજી સદીમાં અને ઈમામ તબરીના મુક઼લ્લિદો ચોથી સદી પછી ખત્મ થઈ ગયા. પછી ત્યાર બાદ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીના કથન અનુસાર ચાર મઝહબો સિવાય બધા મઝહબો ખત્મ થઈ ગયા ત્યારે આ ચાર મઝહબોની પૈરવી સવાદે આ'ઝમની ઈત્તેબાઅ ઠરાવવામાં આવી અને આ ચાર મઝહબોથી નીકળવાને સવાદે આ'ઝમ (મોટી જમાઅત)થી નીકળવા સમાન ઠર્યુ.

ચારેવ ઈમામોમાંથી કોઈ એક ઈમામની તક઼લીદ ઉપર ઉમ્મતની સર્વ સંમતિ (ઈજમાઅ)ની શહાદત આપતાં અલ્લામા શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''તમામ ઉમ્મતે અથવા ઉમ્મતના ભરોસાપાત્ર વ્યક્તિઓએ ખ્યાતિ પામેલ મઝહબોની તક઼લીદ જાઈઝ હોવા પર ઈજમાઅ (સર્વ સંમંતિ) કરી લીધો છે, જે આજ સુધી ચાલુ છે. *(હવાલો : હજ્જતુલ્લાહિલ બાલિગા, ભાગ–૧, પેજ–૨૩)*

તક઼લીદનો ઈન્કાર (નકાર) કરી કેવળ હદીષ પર અમલનો દાવો કરનારા પોતાના જેહાલતપણાના અંધારામાંથી નીકળીને મોટા મોટા મુહદ્દિષોના હાલાતનો અભ્યાસ કરે, નિઃશંક ! મોટાભાગના મુહદ્દિષો આ ચારેવ ઈમામોમાંથી કોઈ એક ઈમામનો મુક઼લ્લિદ જોવા મળે છે.

**ઈમામ બુખારી** رحمۃ اللہ علیہ : હઝરત અલ્લામા ઈમામ કસ્તલાની તાજુદ્દીન સુબકીના હવાલાથી લખે છે, ''અબૂ આસિમ ઈમામ બુખારીને શાફઈઓના તબકામાં ગણાય છે.) *(હવાલો : ઈર્શાદુસ્સાવી, ભાગ–૧, પેજ–૩૬)*

તથા અલ્લામા તાજુદ્દીન સુબકી લખે છે : ''ઈમામ બુખારી એ મક્કા મુકર્રમામાં હમીદીથી સમઅ કર્યો (હદીષ સાંભળી) અને તેમનાથી જ શાફઈ ફિક઼્હ પઢયો.

**ઈમામ મુસ્લિમ** رحمۃ اللہ علیہ : સહીહ મુસ્લિમ શરીફના (લેખક) હઝરત ઈમામ મુસ્લિમ પણ મુક઼લ્લિદ હતા. મોલ્વી મુહમ્મદ હનીફ ગંગોહી બયાન કરે છે કે નવાબ સિદ્દીક઼ હસન ખાન ભોપાલી ગૈર મુક઼લ્લિદે તેમને શાફઈ ગણ્યા છે. કશફુઝ્ઝુનૂનના કર્તા પણ એ જ પ્રમાણે જણાવે છે. *(હવાલો : અહવાલુલ મુસન્નિફીન, પેજ–૧૧૮)*

**ઈમામ અબૂ દાઊદ** رحمۃ اللہ علیہ : સુનને અબૂ દાઊદના કર્તા વિશે મોલ્વી મુહમ્મદ હનીફ ગંગોહી લખે છે : તારીખ ઈબ્ને ખલ્ક઼ાનમાં આવ્યું છે કે શૈખ અબૂ ઈસ્હાક શીરાઝીએ તેમને તબક઼ાતિલ ફુક઼હા નામી કિતાબમાં ઈમામ અહમદ બિન હંબલના અસ્હાબ (સાથી)માંથી ગણ્યા છે.

**ઈમામ ઈબ્ને માજહ** رحمۃ اللہ علیہ : હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીના કથન અનુસાર આપનું ધ્યાન ઈમામ અહમદ બિન હંબલના મસ્લક તરફ કેન્દ્રિત હતું એટલે કે આપ હંબલી હતા.

**ઈમામ નસઈ** رحمۃ اللہ علیہ : હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીના નજીક આ પણ શાફઈ મઝહબ હતા જેમ કે આપના મનાસિકથી (હજ્જ વિશે લખાણ) ખબર પડે છે.

**ઈમામ અબૂ જા'ફર તહાવી** رحمۃ اللہ علیہ : આપે પણ પોતાના પૂરાણા મઝહબ મઝહબે શાફઈને છોડીને મઝહબે હનફીને અપનાવ્યો.

**સાહિબે મસાબીહ** رحمۃ اللہ علیہ : મુહયુસ્સુન્નહ

અબૂ મુહમ્મદ હુસૈન બિન મસ્ઊદ ફરાઅ બગવી મસાબીહના કર્તા વિશે મૌલાના હનીફ ગંગોહી લખે છે : આપ પોતાના યુગના મશ્હૂર મુહદ્દિષ મુફસ્સિર અને મોટા પાયાના ક઼ારી હતા. ફિક઼્હમાં ક઼ાઝી હુસૈન બિન મુહમ્મદના શિષ્ય હતા અને તઅલીક઼ા કિતાબના લેખક અને બુલંદ પાયાના શાફઈઓમાંથી હતા.

**ઈમામ દારે કુતની** رحمۃ اللہ علیہ : અબુલ હસન અલી બિન ઉમર દારેકુતની શાફઈ હતા.

**ઈમામે બયહક઼ી** رحمۃ اللہ علیہ : સુનને બયહક઼ી શરીફના કર્તા આપ પણ શાફઈ મસ્લકના અનુયાયી હતા.

**યહયા બિન સઈદ ક઼તાન** رحمۃ اللہ علیہ : આપ અહાદીષે કરીમામાં જરહો તઅદીલ (પકડ–છાનબીન)ના ઈમામ અને જબરદસ્ત મોહદ્દિષ છે. પરંતુ આપ પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફાના અનુસાર ફત્વા આપતા હતા. જેમ કે તઝકેરતુલ હુફ્ફાઝમાં છે : "યહયા બિન સઈદ ક઼તાન પણ ઈમામે આ'ઝમના કથન પર ફત્વા આપતા હતા. *(હવાલો : તઝકેરતુલ હુફ્ફાઝ, પેજ–૩૦૭)*

આ તે મશ્હૂર મોહદ્દિષો છે જેમના પુસ્તકો પર ભરોસો કરવામાં આવે છે. ખાસ કરીને સિહાહ સિત્તહના બધા લેખકો મુક઼લ્લિદ છે. તો તક઼લીદ હરામ કઈ રીતે ?! એવી જ રીતે અસંખ્ય હદીષના હાફિઝોના જીવન ચરીત્રથી જાહેર થાય છે કે કોઈ હન્ફી છે, કોઈ શાફઈ છે, કોઈ માલિકી છે, કોઈ હંબલી છે. અમુકનાં નામો રજૂ કરીએ છીએ :–

હાફેઝ અબૂ બશીર દોલાબી હન્ફી, હાફિઝ અઝીઝુદ્દીન બિન સલામ શાફઈ, હાફિઝ ઈસ્હાક઼ બિન રાહવિયા હન્ફી, હાફિઝ ઈબ્ને દક઼ીકુલઈદ શાફઈ, હાફિઝ અબૂ જાઅફર તહાવી હન્ફી, હાફિઝ શમ્સુદ્દીન શાફઈ, હાફિઝ ઈબ્ને અબીલ અવાન સઅદી હન્ફી, હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની શાફઈ, હાફિઝ અબૂ મુહમ્મદ હારષી હન્ફી, હાફિઝ હુસૈન ઈબ્ને ઈસ્માઈલ માલિકી, હાફિઝ અબ્દુલબાક઼ી હન્ફી, હાફિઝ અબૂ બક્ર રાઝી હિસાસ હન્ફી, હાફિઝ અબૂ મુહમ્મદ સમરકંદી હન્ફી, હાફિઝ કુતબુદ્દીન હલ્બી હન્ફી, હાફિઝ બદરૂદ્દીન અયની હન્ફી.

આ તે મશ્હૂર સુવિખ્યાત મોહદ્દિષો છે જેઓને એક લાખથી વધુ હદીષો યાદ હતી છતાં છેવટે તેઓએ શા માટે તક઼લીદ કરી ? વાત અસલમાં એ છે કે તક઼લીદ ઉપર ઉમ્મતનો ઈજમાઅ થઈ ચૂક્યો છે, હવે તક઼લીદ થી ફરી જવું (ઈન્કાર કરવો) ઈજમાઅની ખિલાફ (વિરૂધ્ધ) અને સવાદે આઝમ (મોટા ગિરોહ)થી અલગ થવું છે, એટલા માટે જ તે બધા બુઝુર્ગ અને બુલંદ મર્તબા મોહદ્દિષોએ ચારેવ ઈમામોમાંથી કોઈ એકની તક઼લીદ કરી છે.

## સવાદે આ'ઝમ તક઼લીદના માનનારા છે

તક઼લીદના મુન્કિરો જેમને અમુક હદીષો યાદ થઈ ગઈ છે તે સમજે છે કે આપણને કોઈ ઈમામની તક઼લીદની શું જરૂર ?! ડાઈરેક્ટ હદીષ ઉપર અમલ કરીશું ! તે લોકો હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ના આ કથનને સાંભળે. આપ ફર્માવે છે : "કેવળ હદીષ ઉપર અમલ ફિક઼્હ છોડીને એ માત્ર ગુમરાહી છ." એટલે કે કોઈ જો ફુક઼હાએ કિરામના વિના કેવળ હદીષ સમજવા માંગે તો તે ગલત મફહૂમ (ભાવાર્થ) સમજી ગુમરાહીનો માર્ગ અપનાવી શકે છે, બલ્કે અનુભવ ગવાહ છે કે ઘણા બધા ગુમરાહ થઈ ચૂક્યા છે.

બીજી સદી હિજરીથી લઈ આજ સુધી ઈસ્લામી જગતના ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો આ હક઼ીક઼ત જાહેર થઈ જશે કે સમગ્ર દુનિયામાં વસવાટ ધરાવતા મુસ્લિમોમાં વધુ પડતી સંખ્યા મુક઼લ્લિદોની રહી છે અને આજે પણ છે.

એ વાતની શહાદત (ગવાહી) મશ્હૂર ઈતિહાસકાર અલ્લામા ઈબ્ને ખુલ્દૂને પોતાની કિતાબના મુક઼દ્દમા (પ્રસ્તાવના)માં વર્ણન કરેલ છે કે હઝરત ઈમામ અબૂ હનીફાના મુક઼લ્લિદો આ સમયે ઈરાક, હિન્દુસ્તાન, ચીન, માવરાઉન્નહર, અને અજમ (અરબ સિવાયના દેશો)નાં બધા શહેરોમાં ફેલાયેલા છે. વધુ એક ભરોસાપાત્ર ઈતિહાસકાર અલ્લામા ષક઼િબ અરસલાન લખે છે : મુસલમાનોની બહુમતિ હઝરત

ઈમામે આ'ઝમ અબૂ હનીફાની મુકલ્લિદ છે એટલે કે આખા તુર્કસ્તાન અને બલ્કાનના મુસ્લિમો, રશિયા અને અફઘાનિસ્તાનના મુસ્લિમો, ચીન અને ભારતના અને અરબસ્તાનના મોટા ભાગના મુસ્લિમો, શામ અને ઈરાક઼ના મોટા ભાગના મુસ્લિમો ફિક઼હ (દીની મસાઈલ)માં ઈમામે આ'ઝમના મુક઼લ્લિદ છે. અને શામના અમુક અને હિજાઝ અને યમન, હબ્શા, જાવા, ઈન્ડોનેશિયા અને કુર્દીસ્તાનના મુસ્લિમો ઈમામ શાફઈના મુક઼લ્લિદ છે અને પશ્ચિમના મુસલમાનો અને મધ્ય આફ્રિકાના મુસલમાનો અને શામના અમુક લોકો, એ જ રીતે નાબેલ્સ તથા રોમાના કેટલાક મુસ્લિમો હઝરત ઈમામ અહમદ બિન હંબલના મુક઼લ્લિદ છે. *(હવાલો : હાશિયા હસનુલ મસાઈ)*

ઉપર દર્શાવેલ દેશોના મુક઼લ્લિદો માત્ર સામાન્ય લોકો જ નથી, બલ્કે ઉચ્ચ કક્ષાના ઉલ્મા, ફુક઼હા, મોહદ્દિષો, ઈતિહાસકાર અને સૂફીઓ, અવલિયાએ કિરામ પણ મુક઼લ્લિદોની યાદીમાં નજરે પડે છે. ભારતનો ઈતિહાસ પણ ગવાહ છે કે અહિંયાના બધા મહાન મહાન ઉલ્મા, ફુક઼હા, મુફસ્સિરો અને મોહદ્દિષો જેઓએ ભારતના ખૂણે ખૂણે ઈસ્લામને ફેલાવ્યો, જેમના દામન સાથે લાખો મુસલમાનો વાબસ્તા (સંબંધિત) છે તેઓ પણ મુક઼લ્લિદ જ છે. કોઈએ પણ તક઼લીદનો ઈન્કાર (નકારવું) અથવા તેના માટે નથી ઉભાર્યા બલ્કે તક઼લીદ માટે તૈયાર કરવાની કોશિશ કરી છે. જેમ કે ઈલ્મે હદીષ અને તફસીરના ઉચ્ચ કક્ષાના મોહક્કિક઼ હઝરત અલ્લામા શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી જેમણે હક્ક઼ને સાબિત કરવા અને બાતિલને નષ્ટ કરવામાં પુસ્તક લેખન અને સંપાદનના માધ્યમથી અનોખુ કારનામુ અંજામ આપ્યું છે, તે પોતાની કિતાબ 'ફયૂઝુલ હરમૈન''માં ઈર્શાદ ફર્માવે છે : ''અલ્લાહના રસૂલ ﷺએ મને બતાવ્યું કે મઝહબે હન્ફીમાં એ ઉમદા તરીક઼ો છે જે મારી મશહૂર સુન્નતના મુજબ એકદમ છે જેને ઈમામ બુખારી અને તેમના સમકાલીન લોકોના યુગમાં જમા કરવામાં આવ્યો. એ જ કારણથી આપે હન્ફી મઝહબની તરફદારી ફર્માવી અને બધા મુસલમાનોને તેના પર અમલ કરવાની પણ તાકીદ ફર્માવી અને ગૈર મુક઼લ્લિદોના ફિત્નાથી ચેતવી તેમનાથી બચવાની પણ તાકીદ ફર્માવી.

તેના વિરૂધ્ધ તક઼લીદનો ઈન્કાર અને તેના વિરૂદ્ધ ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો એ હકીક઼ત જગજાહેર અને સ્પષ્ટ થાય છે કે માત્ર બે ચાર વ્યક્તિઓ જ છે જેમણે તક઼લીદનો ઈન્કાર કર્યો છે, દા.ત. દાઊદ ઝાહિરી, ઈબ્ને હઝમ, અહમદ બિન તૈમિયા, ક઼ાઝી શોકાફી અને થોડુ ધ્યાન ઈબ્ને કય્યિમ જૌઝીનું પણ એ તરફ છે. આ જ એ નામચીન આલિમો છે જેમણે તક઼લીદનો ઈન્કાર કર્યો છે, પરંતુ **આજકાલના ગૈરમુક઼લ્લિદો પર અફસોસ છે કે તેઓ આ ચારેવ ઈમામોની તક઼લીદનો તો વિરોધ કરે છે, પરંતુ ઉપર દર્શાવેલ ગૈર મુક઼લ્લિદ ઈમામોની તક઼લીદને અપનાવે છે !** જેમ કે ઐતિહાસિક પુરાવાઓથી સ્પષ્ટ થઈ ગયું કે સમગ્ર જગતના મુસ્લિમોની બહુમતિ એટલે કે સવાદે આઝમ (મોટી જમાઅત) મુજતહિદ ઈમામોની તક઼લીદને માનનારી છે અને જે લોકો તક઼લીદના વિરોધી છે તેઓ સવાદે આ'ઝમથી હટી ગયા છે, એટલા માટે જ મુખ્બિરે સાદિક઼ ﷺએ પહેલાં જ ફર્માવી દીધું હતું : ''સવાદે આ'ઝમ (મોટી જમાઅત)ની પેરવી કરો, જે તેનાથી અલગ થયો તે અલગથી જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.''

એટલા માટે તમામ મુસલમાનોથી અપીલ છે કે આજના ગૈર મુક઼લ્લિદો જે પોતાને ''એહલે હદીષ'' કહે છે તેઓ હકીક઼તમાં વહાબી નજદી વિચારો ધરાવનાર છે, સવાદે આ'ઝમથી દૂર અને અવલિયાએ કિરામ અને ઉલ્માએ કિરામના ગુસ્તાખ છે. તેમનાથી દૂર રહો અને તેમનાથી સખ્ત નફરત કરો. એટલા માટે જ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*દુશ્મને એહમદ પે શિદ્દત કિજીએ*
*મુલ્હિદોંકી ક્યા મુરવ્વત કિજીએ*
*તુઝસે ઔર જન્નત સે ક્યા મતલબ વહાબી દૂર હો*
*હમ રસૂલુલ્લાહ ﷺ કે જન્નત રસૂલુલ્લાહ ﷺ કી*

*(સુન્ની દાવતે ઈસ્લામી ત્રિ માસિક, ઓક્ટોબર થી ડિસેમ્બર ૨૦૦૯, અઝ : મુફતી મુહમ્મદ ઝુબેર મિસ્બાહી)*

# હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના પિતા 'આઝર' કે 'તારુખ' ?!

રજૂકર્તા : **મૌલાના સાદિક સાબરી દહેગામી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

સામાન્યતઃ કેટલાક બદ્અકીદાવાળા "આઝર" જે મૂર્તિપૂજક હતો તેને હઝરત ઈબ્રાહીમ علیہ السلام નો બાપ દર્શાવે છે. પણ અસલ હકીકત જોઈ લો :–

આ વાત સર્વમાન્ય છે કે મોમિન બંદો કાફિર અને મુશરિકથી હજારો દરજ્જા અફઝલ અને ઉચ્ચ છે. ખુદાએ પાકનું ફર્માન છે : وَلَعَبۡدٌ مُّؤۡمِنٌ خَيۡرٌ مِّن مُّشۡرِكٍ "અને નિઃશંક ! મુસલમાન ગુલામ, મુશરિક કરતાં સારો છે." *(કન્ઝુલ ઈમાન, સૂરએ બકરહ–૪, પારા–૨)*

જ્યારે સામાન્ય માણસ કાફિર અને મુશરિકથી બેહતર છે તેને આ ઈજ્જત અને ઉચ્ચતા ઈમાનના કારણે મળી, તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના બાપદાદા તો એથી ઉચ્ચ કક્ષાના મોમિન તથા મુવહહિદ (એક ખુદાને માનનાર) હશે, અને હુઝૂર ﷺ ના વાલિદૈન કરીમૈનના મોમિન તથા મુવહ્હિદ હોવા પર મજબૂત દલીલો તથા ઠોસ કતઈ સબૂતો મૌજૂદ છે. હુઝૂર ﷺ ફર્માવે છે : અલ્લાહ તઆલા મને હમેશાં પાક સાફ પીઠોમાં તબદીલ ફર્માવતો રહ્યો સાફ સુથરી સજાવેલ. જ્યારે બે શાખો પૈદા થઈ તો હું તેમાંની બેહતર શાખમાં હતો" *(દલાઈલુન્નુબુવ્વત, ૧/૧૧, પ્રિન્ટ–બૈરૂત)*

એક હદીષે પાકમાં રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, હું દરેક યુગ અને ક્ષેત્રમાં તમામ માનવના યુગોથી બેહતરમાં મોકલવામાં આવ્યો, અહિંયા સુધી કે આ યુગમાં થયો જેમાં પૈદા થયો. *(બુખારી શરીફ, ૧/૫૦૩)*

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની સહીહ હદીષમાં છે : "જમીન પર દરેક જમાનામાં ઓછામાં ઓછા સાત મુસલમાન જરૂર રહે છે, એવું ન હોત તો પૃથ્વી અને પૃથ્વીવાસીઓ સર્વ હલાક થઈ જતા. *(શર્હે ઝુર્કાની અલ્લ મવાહિબ, ૧/૨૦૪)*

હદીષ શરીફમાં છે : "હું હમેશાં પાક માણસોની પીઠોથી પાક બીબીઓનાં પેટોમાં સ્થળાંતર પામતો રહ્યો. *(હવાલો ઉપર મુજબ)*

આ મુસ્તનદ હદીષો નકલ કર્યા પછી મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે :

જ્યારે સહીહ હદીષોથી સાબિત છે કે દરેક યુગ અને જમાનામાં ઓછામાં ઓછા સાત મુસલમાન મકબૂલ બંદા જરૂર રહે છે અને સહીહ બુખારી શરીફની હદીષથી સાબિત છે કે હુઝૂર જેમનાથી પૈદા થયા તે લોકો દરેક યુગ અને જમાનામાં સૌથી સારા અને ઉત્તમ રહ્યા. અને કુર્આની આયત કહે છે કે કાફિર ભલે કેટલીય શરીફ કૌમ અને શરીફ પેઢીનો હોય તે કોઈ પણ ગુલામ મુસલમાનથી પણ સારો અને ઊંચો નથી થઈ શક્તો. તો વાજિબ થયું કે હુઝૂરના બાપદાદા અને માંઓ દરેક યુગ અને દૌરમાં તે જ નેક અને મકબૂલ બંદાઓમાંથી હોય, નહીં તો મઆઝલ્લાહ ! સહીહ બુખારીમાં નબી કરીમ ﷺ ના કથન તથા કુર્આને અઝીમમાં રબતઆલાના ઈર્શાદની વિરૂધ્ધ થશે. *(શુમુમુલ્ ઈસ્લામ, પેજ–૫)*

## ★ હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના વાલિદ (બાપ)નું નામ શું છે ? ★

હઝરત ઈમામ અબ્દુર્રહમાન બિન મુહમ્મદ ઈદ્રીસ રાઝી ઈબ્ને અબી હાતિમ પોતાની સનદ સાથે રિવાયત કરે છે :–

"ઝહાક હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઈબ્રાહીમના બાપનું નામ "આઝર" ન હતું, તેમના વાલિદનું નામ તારુખ હતુ." *(તફસીરે ઈમામ ઈબ્ને અબી હાતિમ, ૪/૧૩૨૫)*

ઈમામ ઈબ્ને અબી શૈબા, ઈમામ અબ્દ બિન હમીદ, ઈમામ ઈબ્ને જરીર, ઈમામ ઈબ્ને મુન્ઝિર અને ઈમામ ઈબ્ને અબી હાતિમે મુજાહિદથી રિવાયત કર્યું છે. તેમણે કહ્યું : "આઝર હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના વાલિદનું નામ નથી બલ્કે આ બુત (મૂર્તિ)નું નામ છે." *(દુર્રે મન્થૂર, ૩/૩૦૦)*

ખાતિમુલ હુફફાઝ હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી "આઝર" ને હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના

"અબ" (બાપ) કહેવાનું કારણ દર્શાવતાં લખે છે :

"ઈમામ ઈબ્ને મુન્ઝિરે સહીહ સનદ સાથે ઈબ્ને જુરૈજથી આયતે કરીમા واذ قال ابراهيم لابيه آزرની તફસીરમાં રિવાયત કર્યું છે કે "આઝર" હઝરત ઈબ્રાહીમનો બાપ નથી, તેઓ ઈબ્રાહીમ, બિન તારુખ, બિન નાહુર, બિન શારૂખ, બિન આબિર, બિન ફાલેઅ છે. કુર્આન મજીદમાં "આઝર"ને હઝરત ઈબ્રાહીમનો "અબ" (બાપ) કહેવામાં આવ્યો છે તેનું કારણ એ બતાવવામાં આવ્યું કે "અબ" (બાપ) અરબમાં "અમ" (કાકા) માટે ઘણીવાર ઉપયોગ થાય છે. જો કે આ "મજાઝ" (જે વાસ્તવિક ન હોય) છે. કુર્આને પાકમાં છે : "બલ્કે તમારામાંના ખૂદ મૌજૂદ હતા જ્યારે યાકૂબ عليه السلامને મૌત આવી જ્યારે કે તેમણે પોતાના બેટાઓને કહ્યું, મારા પછી કોની ઈબાદત કરશો ? બોલ્યા, અમે પૂજીશું તેને જે ખુદા છે આપનો અને આપના બાપ ઈબ્રાહીમ અને ઈસ્માઈલ તથા ઈસ્હાક઼નો." *(કન્ઝુલ ઈમાન, સૂરએ બકરહ–૧૩૩, પારા–૨)*

આ આયતમાં હઝરત ઈસ્માઈલને બાપ કહેવામાં આવ્યા છે, જ્યારે કે તેઓ હઝરત યાકૂબના બાપ નથી બલ્કે કાકા છે. અને ઈમામ અબુલ આલિયાએ આ આયતની તફસીરમાં કહ્યું કે, "મામા" બાપ છે અને "કાકા" બાપ છે, અને આ આયતની તિલાવત છે. *(અલ્‌હાવી લિલ્‌ફતાવા, ૨/૨૧૪)*

હઝરત હાફિઝ ઈમાદુદ્દીન ઈબ્ને કષીર શાફઈ લખે છે કે જમહૂર એહલે સુન્નત હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماના સહિત સર્વ એ વાત પર સંમત છે કે હઝરત ઈબ્રાહીમના બાપનું નામ "તારુખ" છે અને એહલે કિતાબ "તારુહ" કહે છે. *(અલબિદાયા વન્નિહાયા, ૧/૧૪૨)*

મોહક્કિ઼કે અલલ્ ઈતલાક઼ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી લખે છે : આલિમો આ વાતના કહેનાર છે કે રસૂલુલ્લાહના બધા બાપદાદા શિર્ક અને કુફ્રની ગંદકીથી પાક સાફ છે, તેમની નજીક "આઝર" હઝરત ઈબ્રાહીમ عليه السلامના કાકા છે, તેમને મજાઝન (અવાસ્તવિક) બાપ કહેવામાં આવ્યા છે અને તેમના બાપનું નામ "તારુખ" છે તે જ કારણે મુતલક઼ન નથી ફર્માવ્યું કે હઝરત ઈબ્રાહીમની પોતાના બાપથી મુલાકાત થશે જેથી તેમના સગા બાપ તરફ દિમાગ કેન્દ્રિત ન થાય અને તેમના વાલિદના સાથે "આઝર"નો ઉલ્લેખ કર્યો, જેથી માલૂમ પડે છે કે અહિંયા મજાઝી (ખરેખર નહીં) બાપ મુરાદ છે. *(અશિઅતુલ લમ્આત, ૪/૩૬૮)*

હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી, ઈમામ ઈબ્ને મુન્ઝિરના હવાલાથી લખે છે કે જ્યારે કાફિરોએ હઝરત ઈબ્રાહીમને આગમાં નાખવાની ઈચ્છા કરી તો લાકડીઓ ભેગી કરવા લાગ્યા એટલે કે વૃધ્ધ મહિલા પણ લાકડી ભેગી કરતી. તો જ્યારે ઈબ્રાહીમ عليه السلامને આગમાં નાખવા લાગ્યા, આપે حسبنا الله و نعم الوكيل કહ્યું, એટલે કે મને અલ્લાહ કાફી છે અને તે બેહતર કામ બનાવનાર છે. પછી જ્યારે આપને આગમાં નાખી દેવામાં આવ્યા તો અલ્લાહ પાકે હુકમ આપ્યો, હે આગ! ઈબ્રાહીમ عليه السلام પર ઠંડી અને સલામતીવાળી થઈ જા ! તો તેમનો કાકો બોલ્યો કે ઈબ્રાહીમ عليه السلامને ખુદાએ મારા કારણે બચાવી લીધા, તો અલ્લાહ તઆલાએ આગની એક ચિંગારી મોકલી જે તેના પગો પર પડી અને તેને બાળી નાખ્યો. તો આ "અષર" (હદીષ–કથન)માં હઝરત ઈબ્રાહીમના કાકાનું સ્પષ્ટીકરણ છે. અને એમાં એક બીજો ફાયદો છે કે આપનો કાકો તે વખતે હલાક થયો જ્યારે આપને આગમાં નાખવામાં આવ્યા હતા. અને કુર્આન મજીદે બતાવ્યું કે હઝરત ઈબ્રાહીમ عليه السلامએ તેના માટે દુઆએ મગફિરત છોડી દીધી હતી જ્યારે એમને તેનું દુશ્મને ખુદા હોવાનું પાકા પાયે માલૂમ થયું. અને રિવાયતોમાં આવ્યું છે કે તેનું સત્ય ત્યારે જાહેર થયું જ્યારે તે મુશરિક મર્યો અને એમણે તે પછી દુઆએ મગફિરત ન કરી અને પોતાના કાકાના મૃત્યુના લાંબા સમય પછી તેઓએ પોતાના વાલિદૈન માટે મગફિરતની દુઆ કરી. *(મસાલિકુલ હુનફા, પેજ–૩૪–૩૫)*

તાજુશ્શરીઆ હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ અખ્તર રઝા ક઼ાદરી અઝહરી બરેલ્વી مدظله العالي, હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતીનો સત્ય ક઼ૌલ નક઼લ કર્યા પછી લખે છે : " તો અહિંયાથી જાહેર થયું કે કુર્આનમાં જેના કુફ્ર તથા તેની દુઆએ મગફિરતથી અલગ થવાનું ઝિક્ર આવ્યું છે તે ઈબ્રાહીમનો કાકો હતો, તેમનો સગો બાપ ન હતો. અને "મુફરેદાત"નું લખાણ તો તે قيلથી શરૂ છે અને "قيل" થી ઝઈફ ક઼ૌલ મુરાદ લેવામાં આવે છે અને ક્યારેક મુજર્રદ ક઼ૌલની

શિકાયતનો મક઼સદ હોય છે, પરંતુ લગભગ ઝોઅફ (કમજોરપણા)ની તરફ ઈશારો કરવા માટે ઉપયોગ થાય છે તો ગાલિબના એતેબારથી ઈમામ રાગિબ અસ્ફહાનીની દષ્ટિએ પણ આ ક઼ૌલ ઝઈફ માલૂમ પડે છે અને ઓછામાં ઓછુ આ શંકા તો છે જ અને શંકાવાળ ાને ભરોસાપાત્ર બનાવવું સહીહ નથી. *(ઈસ્તિકામત કાનપુર, તહફ્ફુઝે અક઼ાઈદ નંબર, પેજ—૩૭૨)*

પ્યારા વાંચકો ! ફક઼ીહો તથા મોહદ્દિષોના કથનો અને અનુસંધાનોથી આ વાત સૂર્ય કરતાં વધારે પ્રકાશિત થઈ ગઈ કે **સરકાર صلی اللہ علیہ وسلمના પેઢીનામામાં કોઈ વ્યક્તિ કાફિર તથા મુશરિક ન હતો, બલ્કે બધા જ મુવહહિદ મોમિન હતા અને ''આઝર'' હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહનો કાકો હતો, બાપ નહીં.**

મુફસ્સિરે કુર્આન હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી આયતે કરીમા :—

**وَاِذۡ قَالَ اِبۡرَاهِيۡمُ لاَ بِيۡهِ اٰزَرَ اَتَتَّخِذُ اَصۡنَاماً اٰلِهَةً اِنِّىۡۤ اَرٰكَ وَقَوۡمَكَ فِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ۔**

''અને યાદ કરો જયારે ઈબ્રાહીમે પોતાના અબ (બાપ) આઝરને કહ્યું, શું તમે મૂર્તિઓને ખુદા બનાવો છો, નિઃશંક ! હું તમને અને તમારી ક઼ૌમને ખુલ્લી ગુમરાહીમાં જોઉં છુ.'' (કન્ઝુલ ઈમાન, સૂ. અન્આમ—૭૪, પારા—૬)ની તફસીરમાં અલ્લામા આલૂસી બગદાદીના હવાલાથી લખે છે : ''હઝરત ઈબ્રાહીમ علیہ السلامના વાલિદનું નામ ''આઝર'' હતું અથવા કાકાનું ? હઝરત ઈબ્રાહીમના વાલિદ મુસલમાન હતા કે કાફિર ? આ સ્થળે અલ્લામા આલૂસી બગદાદીએ પોતાની તફસીર રૂહુલ મઆનીમાં જે કાંઈ લખ્યું છે તેનો ખુલાસો વાંચકોની ભેટ ધરૂં છું અને આ વિવાદનો ફૈંસલો તેમના પર છોડુ છું. અલ્લામા આલૂસી લખે છે : ઉલમાએ એહલે સુન્નતની એક મોટી જમાઅતનો મત એ છે કે ''આઝર'' હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો વાલિદ ન હતો કેમ કે **હુઝૂર صلی اللہ علیہ وسلمના બાપદાદામાં કોઈ પણ કાફિર ન હતો.** હુઝૂર صلی اللہ علیہ وسلمનું ફર્માન છે, **''હું શરૂથી છેવટ સુધી પાક લોકોની પીઠોથી પાક ખાતૂનોના ગર્ભોમાં બદલાતો ચાલ્યો આવ્યો છું,** અને મુશરિક નાપાક છે.'' ઉલમાએ એહલે સુન્નતના વધુ પડતા લોકોનો ક઼ૌલ આ છે કે ''આઝર'' હઝરત ઈબ્રાહીમના કાકાનું નામ છે અને ''અબ''નો શબ્દ કાકાના અર્થમાં સામાન્ય ઉપયોગ થાય છે. પોતાના મસ્લકની તરફદારીમાં અલ્લામા આલૂસીએ ઘણા અષરો (હદીષો, કથનો) નક઼લ કરેલ છે. પરંતુ અહિંયા માત્ર એક વસ્તુનું વર્ણન કરવામાં આવે છે.

એ ખુલ્લી વાત છે કે જેનું મોત કુફ્ર અને શિર્ક પર થયું હોય તેના માટે મગફિરત નથી અને હઝરત ઈબ્રાહીમ પોતાના વાલિદના મૃત્યુના વર્ષો પછી જ્યારે બાબિલથી હિજરત કરીને મિસર (ઈજિપ્ત) ગયા, અને લાંબી મુદ્દત પછી હઝરત ઈસ્માઈલનું જન્મ થયું, ખુદાના હુકમથી આપ નાના ઈસ્માઈલ અને તેમનાં માં હઝરત હાજરાને વેરાન મૈદાનમાં છોડી આવ્યા જ્યાં કા'બાની તામીર થવાની હતી. આ વાક્યાના વર્ષો પછી જયારે ઈસ્માઈલ علیہ السلام જવાન થયા અને કા'બાનું બાંધકામ પૂર્ણ કર્યું તો તે વખતે આ દુઆ આપે માંગી : તર્જુમો : ''હે રબ ! મને બખ્શી દે અને મારા માં બાપ અને મુસલમાનોને પણ બખ્શી દે.'' જો હઝરત ઈબ્રાહીમના માં બાપ કાફિર હોત તો એક પયગમ્બર આ જાણવા છતાં કે કાફિરની બખ્શિશ નથી થઈ શક્તી કદાપિ તેમની મગફેરત માટે દુઆ ન કરતા. *(રૂહુલ મઆની)*

આ આયતે કરીમાની તફસીરમાં સદરૂલ અફાઝિલ અલ્લામા સૈયદ મુહમ્મદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ લખે છે : કામુસમાં છે કે આઝર હઝરત ઈબ્રાહીમ علیہ السلامના કાકાનું નામ છે, ઈમામ જલાલુદીન સુયૂતીએ મસાલિકુલ હુનફામાં પણ એવું જ લખેલ છે. કાકાને બાપ કહેવું દરેક દેશમાં રિવાજ છે, ખાસ કરીને અરબમાં. કુર્આને કરીમમાં છે :—

**نَعۡبُدُ اِلٰهَكَ وَاِلٰهَ اٰبَآئِكَ اِبۡرٰهِيۡمَ وَ اِسۡمٰعِيۡلَ وَاِسۡحٰقَ اِلٰهًا وَّاحِدًا**

એમાં હઝરત ઈસ્માઈલ علیہ السلامને હઝરત યાકૂબ علیہ السلامના બાપદાદામાં બતાવવામાં આવ્યા છે જયારે કે આપ અમ (કાકા) છે. હદીષ શરીફમાં પણ હઝરત સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ હઝરત અબ્બાસ رضی اللہ عنہને ''અબ'' (બાપ) ફર્માવ્યા, જેવું કે ફર્માવ્યું ''**ردوا علی ابی**'' અહિંયા **ابی**(મારા બાપ)થી મુરાદ હઝરત અબ્બાસ છે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ—૧૯૮)*

### ★ હુઝૂર صلی اللہ علیہ وسلمના સર્વ બાપદાદા મો'મિન હતા ★

મુતાખ્ખિરીન (પાછળના ઉલમા)માંથી અલ્લામા

નીશાપૂરી, ઈમામ જલાલુદ્દીન સિયૂતી અને અલ્લામા મુહમ્મદ અહમદ આલૂસી رحمۃ اللہ علیہ ની તહકીક (સંશોધન) એ છે કે અંબિયાએ કિરામ علیہم السلام ના બાપદાદા મુવહહિદ અને મોમિન હતા અને **આપણા નબી સૈયદેના મુહમ્મદે અરબી ﷺ ના પેઢીનામામાં બધા બાપદાદા અને માંઓ મોમિન હતાં,** જેવું કે હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી લખે છે :–

''અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما આ આયતના ખુલાસામાં ફર્માવે છે : અર્થ આપનો દોરો કરવો પાક પીઠોથી પાક ગર્ભોની તરફ પેઢી દર પેઢી, ત્યાં સુધી કે અલ્લાહે આપને નબી પૈદા કર્યા, તો નબુવ્વતનું નૂર આપના બાપદાદાઓમાં જાહેર હતું અને આપના જન્મમાં આપના વાલિદૈનની તરફથી આપના કોઈ ભાઈ તથા બહેન શરીક અને ભાગીદાર નથી, કેમ કે એ બંનેવની અસલિયત અને શ્રેષ્ઠતા રસૂલે ખુદાની તરફ પલટવાવાળી છે અને એ બંનેવના નસબ (પેઢી)ની ઉત્તમતાની અસલ રસૂલે અરબી પર જ અવલંબિત છે જેથી થઈ જાય તે રસૂલુલ્લાહ ખાસ એક એવા નસબની સાથે કે જેને ખુદાએ બનાવ્યો નબુવ્વત માટે પરિણામ સ્વરૂપ, અને તેનું અનોખાપણુ અને અજોડતાના કારણે અત્યંતપણે.'' *(મસાલિકુલ હુનફા, પેજ–૪૮)*

હઝરત ઈમામ જલાલુદ્દીન સુયૂતી વધુમાં લખે છે : નિઃશંક ! સહીહ હદીષો આ વાત પર દલીલો પૂરી પાડે છે કે રસૂલે અકરમ ﷺ ના મુબારક વંશમાં હઝરત આદમ علیہ السلام થી હઝરત અબ્દુલ્લાહ સુધી બધા જ પોતાના જમાનામાં બેહતર અને અફઝલ હતા, તેઓના યુગમાં કોઈ તેમનાથી અફઝલ અને બેહતર ન હતો. *(મસાલિકુલ હુનફા, પેજ–૨૪–૨૫)*

## ★ એક શંકા અને તેનું નિવારણ ★

જ્યારે આ વાત પાકી થઈ ગઈ કે સરકાર ﷺ ના નસબ અને સિલસિલામાં દરેક દૌરમાં બેહતર અને મોમિન લોકો જ રહ્યા છે તો હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام ના વાલિદ સાહબ મુશરિક કેવી રીતે હોય શકે છે ? અને કેવી રીતે શિર્કવાળા અકીદાઓથી પોતાના દામનને ગંદુ કરી શકે છે ? હા ! એટલી વાત જરૂર છે કે ''આઝર'' જે આપનો કાકો હતો તે જરૂર કાફિર અને મુશરિક મર્યો અને હઝરત ખલીલુલ્લાહે જે દુઆએ મગફિરત અને ઈસ્તેગફાર કર્યા છે તે પોતાના વાલિદ ''તારુખ'' (અથવા ''તારુહ'') માટે છે, આઝર માટે કદીયે નથી. આ લોકોની એક ગેર સમજ છે જેનું નિવારણ જરૂરી છે અને તે જ ભ્રમના શિકાર મોહક્કિકે અસ્ર હઝરત અલ્લામા શાહ સૈયદ હુસૈન ગરદેઝવી (કરાચી, પાકિસ્તાન) પણ થઈ ગયા અને પોતાનું સંશોધન અને ઈલ્મી કિતાબ ''લફ્ઝે ઝંબકી તેહકીક'' જે પોતાના વિષય અને તહકીકી ખજાનામાં વિશિષ્ટ છે, જેને જોઈને તથા વાંચીને આપણા બુઝુર્ગો અને ઉલમાએ એહલે સુન્નતની યાદ તાજી થઈ જાય છે. તેમાં કોઈ બેમત નથી કે અલ્લામા સાહેબનું આ મોટુ કારનામુ છે જેના તહકીકી તરીકાઓ, હકીકતો, દલીલો અને ષબૂતોના સામે 'ઝન્બી' મોલ્વીઓ મજબૂર અને લાચાર જોવા મળે છે. પોતાની આ જ કિતાબમાં એક જગ્યાએ લખે છે :–

હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના ''અબ'' શિર્ક કરવાવાળા હતા, તેમના ગુનાહનો બોજ ઘણો ભારી હતો, કેમ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ખુલ્લી રીતે કહી રહ્યા છે કે હું તમને અને તમારી કૌમને ખુલ્લી ગુમરાહીમાં જોઈ રહ્યો છે. *(સૂરએ અન્આમ, ૬/૭૪)* આ આયતે કરીમાથી જાણવા મળે છે કે તે પોતાની કૌમની આગેવાની પણ કરી રહ્યા હતા એટલા માટે તેમને પ્રથમ અને અલગથી બલ્કે મૂળ તેમને જ ખિતાબ કર્યો અને પછી સ્વભાવિકપણે કૌમથી ખિતાબ કર્યો જેવું કે તે પોતે શિર્કી અકીદાઓના ગુનાહના ભારની સાથે પોતાની કૌમના પણ ગુનાહોનો ભાર ઉઠાવેલ છે. *(લફ્ઝે ઝન્બકી તહકીક, પેજ–૮૫–૮૬)*

અલ્લામાની આ ગેરસમજ દૂર કરવા માટે આ લેખને ચુનવામાં આવ્યો જેથી એ વાત ખૂબ જાહેર થઈ જાય કે અહિંયા ''અબ'' (બાપ)થી મુરાદ ખલીલુલ્લાહનો કાકો ''આઝર'' છે, આપના વાલિદ ''તારુખ'' મુરાદ નથી, નહીં તો રસૂલુલ્લાહ ﷺ ના નસબ (પેઢી)માં એક કાફિર, મુશરિક સામેલ થઈ જશે, અને વાત ઘણી દૂર છે કે હુઝૂરના પેઢીનામામાં કોઈ પણ કાફિર સામેલ થાય. વળી હદીષ પાક કે ''હું પાક પીઠોથી પાક પેટોમાં તબ્દીલ થતો રહ્યો''નો સારાંશ અને મતલબ ખતમ જ થઈ જશે અને એવી રીતે રસૂલના નસબ (વંશ) પર મોટો ધબ્બો પડી જશે. જેથી જરૂરી અને યોગ્ય સમજ્યું કે આ ગેરસમજને દૂર કરવામાં આવે અને દલીલો અને

સબૂતોની રોશનીમાં સાબિત કરવામાં આવે કે **સરકાર ﷺનું નસબનામુ (પેઢીનામુ) હઝરત આદમ علیہ السلامથી હઝરત અબ્દુલ્લાહ સુધી ગુનાહોથી પાક અને સાફ રહ્યું, કુફ્રો શિર્કની ગંદકીથી પાક સાફ રહ્યું,** શરૂથી આખીર સુધી કોઈપણ કાફિર મુશરિક એમાં સામેલ નથી. આ જ મહાન ઉલમા તથા મોહદ્દિષો અને મહાન મુફસ્સિરો અને શારેહોનો કૌલ છે અને એના પર જ અમલ વધુ સહીહ તથા અફઝલ છે.

શેર બે શએ એહલે સુન્નત અલ્લામા મુફતી શાહ મુહમ્મદ હશ્મત અલીખાન પીલીભીતી رحمۃ اللہ علیہ લખે છે : સહીહ હદીષો અને મોઅતબર કિતાબોથી સાબિત છે કે હઝરત અબ્દુલ્લાહ અને હઝરત હવ્વા ઉમ્મુલ બશર સુધી જે મુકદ્દસ મર્દો અને મુબારક ઓરતોના પાક ગર્ભાશયોમાં હુઝૂર ﷺનું નૂર તબદીલ થતુ રહ્યું તેઓ બધા જ અલ્લાહના ફઝલથી મુવહહિદ, મોમિન, નાજી, જન્નતી થયાં છે, તેઓમાં કોઈપણ મુશરિક તથા કાફિર ન હતો. *(ઈસ્તિકામત કાનપુર તહફ્ફુઝે અકાઈદ નંબર, પેજ–૩૬૬)*

## ★ એક વાંધો અને તેનો જવાબ ★

''આઝર''ને હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બાપ કહેનારા તે હદીષને પણ દલીલ બનાવે છે જે બુખારી શરીફમાં મૌજૂદ છે. હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہ હુઝૂર ﷺથી રિવાયત ફર્માવે છે કે હઝરત ઈબ્રાહીમ કયામતના દિવસે પોતાના બાપ આઝરથી મુલાકાત કરશે અને આઝરના ચેહરા પર કાળાશ અને ધૂળ હશે, ઈબ્રાહીમ علیہ السلام તેને ફર્માવશે કે શું મેં તને ન કહ્યું હતું કે મારી નાફર્માની ન કર ?! તો આઝર કહેશે, આજે તારી નાફર્માની નહીં કરું. ઈબ્રાહીમ علیہ السلام અર્ઝ કરશે, અય રબ ! તેં વાયદો કર્યો હતો કે કયામતના દિવસે રૂસ્વા નહીં કરે. અલ્લાહની રહમતથી ઘણા જ દૂર રહેનાર બાપના મામલાથી વધારે કઈ રૂસ્વાઈ હશે ? તેના પર અલ્લાહ ફર્માવશે, મેં જન્નત કાફિરો પર હરામ કરી છે. પછી ફર્માવવામાં આવશે, અય ઈબ્રાહીમ ! તમારા પગ નીચે જુઓ શું છે ? તે જોશે તો ઘણા વાળ વાળો બિજ્જુ (વરૂ) છે જે લથડેલ છે, પછી તેના પગોને બાંધી જહન્નમમાં નાખી દેવામાં આવશે. આ હદીષ શરીફનો ખુલાસો અને અર્થઘટન કરતાં અને આ આશંકાનો જવાબ દેતાં નજીકના મહાન મુહક્કિક, શારેહે બુખારી અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ લખે છે, ''સહીહ એ છે કે આઝર હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો બાપ ન હતો પણ કાકો હતો. કાકાને બાપ કહેવું ઉર્ફમાં રિવાજ છે. ખૂદ કુર્આને કરીમમાં હઝરત ઈસ્માઈલ علیہ السلامને અવલાદે યાકૂબના બાપ કહેવામાં આવ્યા. અવલાદે યાકૂબે અર્ઝ કરી, (તર્જુમો) : ''અમે એની ઈબાદત કરીશું જે આપનો અને આપના બાપ ઈબ્રાહીમ, ઈસ્માઈલ અને ઈસ્હાકનો ખુદા છે.'' *(બકરહ–૧૩૩)*

જ્યારે હઝરત ઈબ્રાહીમે આ જાણ્યા પછી કે તે ખુદાના દુશ્મન છે તેનાથી જુદાઈ જાહેર કરી લીધી ત્યારે કયામતના દિવસે તેના વિશે વિનંતિ (ભલામણ) કરી ? તેના બે જવાબ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ આપ્યા :–

(૧) એ કે આ બેઝારી (અલિપ્તતા) કયામતના દિવસે જાહેર થશે.

(૨) એ કે આયતે કરીમામાં જે બેઝારીનું વર્ણન છે તે દુનિયામાં જ થઈ ચૂકી છે, પરંતુ કયામતના દિવસે તેમનાથી મુલાકાત થશે તો શફકતના કારણે તેના પર દયા ખાશે, પછી છેવટે બેઝાર થઈ જશે. *(નુઝહતુલ કારી, ૬/૫૦૪–૫૦૫)*

અંતમાં તાજુશ્શરીઆ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝા કાદરી અઝહરી બરેલ્વી دامت برکاتہم العالیہનો સત્ય કૌલ રજૂ કરું છું. લખે છે કે, હુઝૂર ﷺના મોહતરમ બાપદાદા બધા જ મુવહ્હિદ હતા, તેમનામાં કોઈ કાફિર ન હતો. અન્ય અંબિયાએ કિરામના વાલિદૈન પણ માશાઅલ્લાહ ! મો'મિન હતા અને કુફ્રની ગંદકીથી પાક હતા. અમુક ખરાબ દિમાગવાળા ગુસ્તાખ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બાપને ''આઝર'' બતાવી કુફ્રની બુનિયાદ બનાવે છે જ્યારે કે આ વાત બધી જ મોઅતબર કિતાબોથી સાબિત છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બાપનું નામ ''તારુખ'' હતું. આઝર હઝરત ઈબ્રાહીમનો કાકો હતો. ''મસાલિકુલ હુનફા ફી વાલિદઈલ મુસ્તફા''માં ઘણી જગ્યાઓ પર સ્પષ્ટતા મૌજૂદ છે. *[(તહફ્ફૂઝે અકાઈદ નંબર, પેજ–૩૭૦, ઈસ્તિકામત કાનપુર, ઈ.સ. ૧૯૯૬) અશ્રફિયા, નવેમ્બર–૨૦૦૯]*

**ઈસ્લામ ઝિંદા હોતા હૈ હર કર્બલા કે બાદ !**

# ચિંચનિયામાં નવી મસ્જિદો તથા નમાઝીઓની ભીડ !

*(કાર્યાલય)*

સ્વિત્ઝરલેન્ડમાં મસ્જિદના મીનારાઓ પર પાબંદીની ચર્ચા ચાલી રહી છે, એક ચિંતા સ્વીસ લોકોના દિલો દિમાગોમાં ઉઠી છે કે આ ઈસ્લામના પ્રભાવની નિશાની છે એનાથી લોકો ઈસ્લામ પ્રતિ આકર્ષાશે અને આજે ચાર લાખ મુસલમાન અને ૧૫૦ મસ્જિદો સ્વિત્ઝરલેન્ડમાં છે પણ અન્ય પશ્ચિમી દેશો જેમ ઈસ્લામ સ્વીકારનો પ્રવાહ વધશે અને મસ્જિદો વધી જશે તો ક્યાંક મુસલમાનો આ દેશ પર ગાલિબ (સવાર) ન થઈ જાય ! એક ભય અને ડર ઈસ્લામ દુશ્મનીમાં ઉઠયો અને આ ચર્ચા ચાલી નીકળી. પણ એઓ ભૂલી જાય છે કે રશિયાએ ચિંચનિયામાં શું શું નથી કર્યુ ? આવો ! એક નજર કરી લઈએ :–

***ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હૈ***
***જિતના હી દબાઓગે ઉતના હી યે ઉભરેગા***

ચિંચનિયાના મુસલમાનોની કત્લે આમ કર્યા પછી રૂસી ગવર્નમેન્ટે એવું સમજી લીધું હતું કે એણે મુસ્લિમ ઈલાકાથી ઈસ્લામને નેસ્તો ના'બૂદ કરી આપ્યો છે. દુનિયા સાક્ષી છે કે રશિયાની ફોજોએ ચિંચિનિયાના મુસલમાનો પર જુલ્મોની હદ કરી નાખી હતી. જંગલીપણાના તથા જાલિમપણાના ઈતિહાસમાં આવા જુલ્મોની દાસ્તાન જોવા મળતી નથી. જે પ્રકારના જુલ્મો રૂસી ફોજોએ ચિંચનિયાના મુસલમાનો પર વરસાવ્યા હતા. સ્ત્રીઓને રૂસી ફોજોએ ખાસ કરીને પોતાનું નિશાન બનાવી હતી. ખુલ્લા મેદાનોમાં કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા હતા જ્યાં મુસ્લિમ સ્ત્રીઓને કેદી બનાવીને રાખવામાં આવી હતી અને રૂસી સૈન્યના ફોજી પોતાની શારીરિક ભૂખ મિટાવવાના માટે તે કેમ્પોમાં કશાય સંકોચ વિના જતા હતા. આ ભયાનક જુલ્મ પર આખુ જગત ચીખવા માંડયુ હતું પણ રૂસી ગવર્નમેન્ટે દુનિયાના વિરોધની કોઈ નોંધ લીધી ન હતી. મુસલમાનોની આબાદીઓને આગની ભેટ ચઢાવી દેવામાં આવી હતી, તેમની મિલ્કતો લૂટી લેવામાં આવી હતી. નવયુવાન મુસલમાન મોટી સંખ્યામાં રૂસી ફોજનો સામનો કરવામાં શહીદ થઈ ગયા હતા. મુસલમાનોના ઈતિહાસને નષ્ટ કરવાના માટે ખાસ કરીને મસ્જિદોને નિશાન બનાવવામાં આવી હતી. ઈસ્લામના પ્રારંભથી જ મુસલમાનોના કાફલા ચિંચનિયામાં પહોંચવા લાગ્યા હતા. જ્યાં લોકો ઈસ્લામની તા'લીમાતથી પ્રભાવિત થઈને ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા હતા. તેમણે મસ્જિદોનું બાંધકામ કરીને ઈસ્લામની ઉચ્ચતાનું એલાન કરી આપ્યું હતું ચિંચનિયાના ઈલાકામાં જે સૈર કરનારાઓ પહોંચ્યા હતા તેમણે પોતાના સફરનામાઓમાં લખ્યું છે કે ત્યાં શાનદાર મસ્જિદો જોવા મળતી હતી અને મુસલમાન ઈસ્લામની તરક્કીના માટે પ્રયત્નશીલ રહેતા હતા.

પણ રશિયામાં સામ્યવાદી તંત્ર સ્થાપિત થયા બાદ મુસલમાનો પર જુલ્મો સિતમનો દૌર શરૂ થયો કેમ કે અધર્મી બંધારણનો સીધો ટકરાવ ઈસ્લામથી છે એટલા માટે જેથી પોતાને સફળ સાબિત કરવાના માટે સામ્યવાદના રક્ષકોએ પોતાના માટે જરૂરી જાણ્યું કે તેઓ ઈસ્લામ અને મુસલમાનોને કોઈપણ ભોગે નેસ્તો નાબૂદ કરી નાખે. જેથી ગવર્નમેન્ટના ઈશારા પર રૂસી ફોજીઓએ મસ્જિદોને પોતાનું નિશાન બનાવી અઝીમુશ્શાન ઐતિહાસિક મસ્જિદોને જમીનદોસ્ત કરી નાખવામાં આવી. મસ્જિદોના મીનારા તથા ગુંબદ જયારે પાડી ન શકાયા તો તેને ડાઈનામાઈટ વડે માટીના ઢગલામાં ફેરવી દેવામાં આવ્યા જેથી અઝાનના અવાજો અટકી ગયા. જયારે મસ્જિદ ન રહી તો નમાઝી ક્યાંથી આવે. મુસલમાનોએ પણ ખામોશી અપનાવી લીધી. જ્યાં સુધી તેમના વશમાં હતું તેમણે સામનો કર્યો.

ઈતિહાસના આ ભયાનક કત્લે આમ પછી સામ્યવાદી બંધારણના પ્રતિનિધિઓએ સંતોષનો શ્વાસ લીધો અને એવું સમજ્યા કે તેમણે મુસલમાનોને હરાવી નાખ્યા અને ચિંચનિયાના ઈલાકામાંથી મુસલમાનોનો સફાયો કરી નાખ્યો. પણ અધર્મી બંધારણના રક્ષકો એ ભૂલી ગયા કે ઈસ્લામના જાહેર થયા બાદ આજ સુધી ઈસ્લામને મિટાવી નથી શકાયો, બલ્કે એ તાકતો નષ્ટ થઈ ચૂકી જેમણે ઈસ્લામને મિટાવવાની કોશિશ કરી

છે. જેમ કે અધર્મી બંધારણની રક્ષા કરવાવાળા ડગલે ને પગલે નિષ્ફળ થતા રહ્યા છે. ઈસ્લામના બારામાં મૂળ ભૂત કાયદો એ છે કે એને જેટલો મિટાવવામાં આવે છે એ એટલો જ વધુ નવી શક્તિ સાથે ઉભરીને સામે આવે છે. ટેમ્પરરી ધોરણે ઈસ્લામના દુશ્મનો એવું સમજી રહ્યા છે કે એમણે જીત મેળવી લીધી છે અને ઈસ્લામને હરાવી દીધો છે, પરંતુ થાય છે એવું કે તેઓ ખૂદ હારને ભેટી પડે છે ! અને ઈસ્લામ એક નવા શક્તિસંચાર સાથે નવી ચમક દમક સાથે જીવતો તથા જગમગતો થઈને દુનિયાની સામે આવે છે. કર્બલામાં પણ એ જ થયું કે સત્તાની વાસનામાં આંધળા બનીને પોતાની સત્તા સાચવી રાખવા માટે જે લોકોએ હક્કવાળાઓનાં સર કલમ કર્યાં તેઓ પોતે જ નષ્ટ થઈ ગયા અને જે હક્ક કહેનાર લોકોએ પોતાની જાનો નિછાવર કરી હતી તેમણે અમર જિંદગી હાંસલ કરી લીધી. દુનિયા એ હક્કનું એલાન કરનાર લોકોને હમેશાં યાદ કરતી રહેશે.

ઈતિહાસની આ હકીકતને રૂસી જિમ્મેદારો ભૂલી ગયા. સંતોષનો □ાસ લઈને તેઓ ગાઢ નિદ્રામાં પોઢી ગયા. તેમણે ખુશીઓ મનાવી. પરંતુ એમને ગુમાન પણ ન હતું કે મુસલમાનોના જે કત્લેઆમને તેમણે પોતાની કામયાબી સમજી હતી તે તેમની હાર છે. આજે રશિયા હેરાન તથા પેરશાન છે, કારણ એ છે કે ચિંચનિયામાં આજે મુસલમાન પહેલાં કરતાં મોટી સંખ્યામાં જોવા મળે છે ! નાની નાની મસ્જિદો બનવા માંડી છે, એ મસ્જિદોથી અઝાનના અવાજો બુલંદ થવા માંડયા છે. રૂસીઓની સમજમાં નથી આવતું કે છેવટે આટલા નમાઝી ક્યાંથી પેદા થઈ ગયા ! મુસલમાનોને મિટાવતા પહેલાં તેમની આટલી મોટી સંખ્યા જોવા મળ તી ન હતી જેટલી મોટી સંખ્યા હવે જોવા મળે છે. મુસલમાન આબાદીઓથી પહેલાં અઝાનના આટલા અવાજો ઉઠતા ન હતા જેટલા અવાજો હવે ઉઠી રહ્યા છે. આ મુસલમાન ક્યાં છુપાયેલા હતા. ચિંચનિયાની આબાદીમાં છેવટે મુસલમાનોની સંખ્યા કેટલી છે ? શું ઈસ્લામને ફેલાવવાની કોઈ ભૂગર્ભ ચળવળ ચાલી રહી છે જેના કારણે મુસલમાનોની સંખ્યા દિન દુગની રાત ચોગુની થતી જઈ રહી છે. કેવળ એટલુ જ નહીં બલ્કે મુસલમાન આજે ધાર્મિક પહેરવેશ તથા દેખાવમાં દેખાદેવા લાગ્યા છે જે એ વાતની નિશાની છે કે તેમનામાં કોઈ ડરે કે ભય નથી, બલ્કે તેઓ અધિકથી અધિક સંખ્યામાં પોતાને જાહેર કરીને રૂસી ગવર્નમેન્ટને પ્રભાવિત કરવા ચાહે છે. અહીં એ વાત યાદ રાખવાની છે કે રૂસમાં ઈસ્લામની તબ્લીગ કરવાના માટે બહારની કોઈ સંસ્થા પ્રવેશી શકતી નથી, એટલા માટે રૂસી ગવર્નમેન્ટ એ આક્ષેપ પણ નથી લાગુ કરી શકતી કે ચિંચનિયાના મુસલમાનોને બહારથી કોઈ મદદ મળી રહી છે. એનો સાફ અર્થ એ છે કે જે કાંઈ પણ છે તે ચિંચનિયાના મુસલમાનોની પોતાની કોશિશોનું જ પરિણામ છે. કદાચ ચિંચનિયાના મુસલમાનોએ કુર્આન મજીદના આ પયગામને સમજી લીધો છે કે, "ખુદાએ આજ સુધી તે કૌમની હાલત નથી બદલી જ્યાં સુધી કૌમ ખૂદ પોતાની હાલતને બદલવાની કોશિશ ન કરે." જે ઝડપથી ચિંચનિયાના મુસલમાન ઈસ્લામની હિફાઝતના માટે કોશિશ કરતા જોવા મળે છે એના પરથી તેમના હોસલા તથા હિંમતનો અંદાજો આસાનીથી કરી શકાય છે.

દુનિયાના અનુભવી લોકો એ ખતરો મેહસૂસ કરી રહ્યા છે કે ચિંચનિયાના મુસલમાન ક્યાંક રૂસના જુલ્મો સિતમના શિકાર ન થઈ જાય. યાદ રાખશો કે ચિંચનિયા તથા હર્ઝેગોવીના રશિયાના એવા ઈલાકા છે જ્યાં મુસલમાન દરેક પ્રકારના જુલ્મો સિતમને વેઠીને માથે કફન બાંધીને રૂસથી પંજો અજમાવેલ હાલતમાં છે. મુસ્લિમ જગત તરફથી અહીંના મુસલમાનોને ઝબાની મદદ પણ નથી મળતી, પરંતુ તેમ છતાં તેઓએ પોતાની જદ્દો જેહદને ચાલુ રાખી છે. જો કે ચિંચનિયા તથા હર્ઝેગોવીનાના મુસલમાન રૂસીઓ સમક્ષ એ જાહેર કરી ચૂક્યા છે કે ગવર્નમેન્ટ સાથે તેમનો કોઈ ટકરાવ નથી, તેઓ શાંતિથી જીવવા ચાહે છે, તેમને સત્તા પ્રાપ્તિની કોઈ રૂચિ નથી, તેમ છતાં રૂસી ફોજ અહીંના મુસલમાનો પર જુલ્મો સિતમનો ક્રમ ચાલુ રાખે છે. રૂસી મીડિયાથી પ્રસિદ્ધ થનાર સમાચારોથી એ અંદાજો થઈ રહ્યો છે કે હવે રશિયામાં ખસિયાપણાની કૈફિયત છે, ઈસ્લામ તથા મુસલમાનોના સંબંધે શું રૂસી ગવર્નમેન્ટ ફરીથી જુલ્મો સિતમના કોઈ નવા મનસૂબાઓ પર અમલ કરે કે પોતાની પોલીસીમાં ફેરફાર કરે. આ એક સવાલ છે જેણે રૂસી સત્તાધીશોને પરેશાન કરી દીધા છે. ખૈર, જોવાનું એ છે કે આગામી થોડાક દિવસોમાં રૂસી ગવર્નમેન્ટ શું પગલાં ભરે છે.

*(નઈ દુન્યા–દિલ્હી, ૧૬ થી ૨૨ નવેમ્બર–૨૦૦૯)*

# આ'લા હઝરત શા માટે ?

ઈન્સાની પ્રકૃતિ પણ કેવી વિચિત્ર છે કે અન્યની આંખનું તણખલું તો લોકો જોઈ લે છે પણ સ્વયં પોતાની આંખનું તણખલું તેઓને દેખાતુ નથી. આ પ્રકારની ઘટના બરેલીની એક મહાન શખ્સિયતની સાથે પણ બનેલ. ખાનદાનના લોકો પરિચય અને તફાવતના ધોરણે બોલચાલમાં તેમને ''આ'લા હઝરત'' કહેતા હતા. પરિચય અને કમાલો તેમજ ફઝાઈલ અને બુઝુર્ગીઓમાં પોતાના સમકાલીનોની વચ્ચે મહાનતાને લીધે આ શબ્દ પોતાની પ્રસંશનીય શખ્સિયત પર એ પ્રકારે ફીટ આવી ગયો કે આજે દેશના ખાસ અને આમ લોકો જ નહીં બલ્કે આખી દુનિયાની જીભો પર ચડી ગયું અને લોકચાહના ત્યાં સુધી પહોંચી ગઈ કે તરફદારો તો શું વિરોધીઓના વર્તુળમાં પણ ''આ'લા હઝરત'' કહ્યા વગર એ મહાન શખ્સિયતની તાઅબીર પૂર્ણ થતી નથી. પણ ઘણા ઓછા લોકોને ખબર હશે કે આ'લા હઝરતના શબ્દ પર વિરોધીઓએ કેવા કેવા ગુબારા ચડાવ્યા છે અને લોકોને ગુમરાહ કરવા માટે કેટલી નીચી સપાટી પર ઉતરી આવે છે.

લગભગ હિ.સ. ૧૩૯૯ની આ વાત છે. ઓરિસ્સાના પાટનગર કટકમાં દેવબંદીઓ સાથે એક ઐતિહાસિક મુનાઝરો થયો હતો. મુનાઝિર તરીકે હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી સાહેબ (رحمة الله عليه), સરપરસ્ત અને આયોજક ઈમામુલ આશિકીન હઝરત મુજાહિદે મિલ્લત અલ્લામા શાહ મુહમ્મદ હબીબુર્રહમાન સાહબ ક઼ાદરી رحمة الله عليه સ્ટેજ પર બિરાજમાન હતા. એહલે સુન્નત તરફથી મુનાઝરાના સદર નાઈબે મુફ્તીએ આઝમે હિંદ હઝરત અલ્લામા શરીફુલ હક્ક઼ સાહેબ અમજદી رحمة الله عليهની નિમણૂક થઈ હતી. દેવબંદીઓએ પોતાના મુનાઝિર તરીકે ઈર્શાદ અહમદ ફૈઝાબાદી મુબલ્લિગ દારૂલ ઉલૂમ દેવબંદને રાખેલ.

મુનાઝરા દરમ્યાન દેવબંદી મુનાઝિરે આ'લા હઝરતના શબ્દ પર વાંધો પ્રદર્શિત કરતાં કહ્યું કે રસૂલે ખુદા ﷺને તો કેવળ 'હઝરત' કહેવામાં આવે છે અને આપ લોકો અહમદ રઝા સાહબને ''આલા હઝરત'' કહો ! તેનો મતલબ એ છે કે તમે લોકોએ પોતાના પેશ્વાને હુઝૂરથી પણ વધારી દીધા છે !

તેના જવાબમાં અલ્લામા અર્શદુલ ક઼ાદરી સાહબે એવો જડબાતોડ જવાબ આપ્યો કે દેવબંદીઓના સ્ટેજ પર સ્તબ્ધતા છવાઈ ગઈ.

અલ્લામાએ કહ્યું, ગુસ્તાખીએ રસૂલની નાપાક ભાવનામાં આપ લોકોના દિલો એટલી હદે બગડી ચૂકેલાં છે કે ગુસ્તાખીનો કોઈ મોક઼ો આપ લોકો હાથથી જવા દેતા નથી. આ વાતની શિકાયત તો પોતાની જગ્યા પર છે કે જેની દસેય આંગળીઓ ગુસ્તાખીએ રસૂલના રક્તમાં ડૂબેલી છે તેઓ અન્યોના સફેદ સ્વચ્છ પાલવ પર લાલ ધાબા શોધી રહ્યા છે ! અત્યારે આપથી શિકાયત એ છે કે આ બનાવથી તમો પણ બેખબર નથી કે પૂર્વજ બુઝુર્ગોથી લઈને અત્યાર સુધીના ઉમ્મતના મશ્હૂર હઝરાતને જે ઈલ્ક઼ાબથી યાદ કરેલ છે તેની વચ્ચે સરખામણી તેઓના કેવળ સમકાલીનની સાથે હતી, કોઈએ પણ ઈમામે આ'ઝમના શબ્દથી એ અર્થ નથી તારવ્યો કે તેઓને ઈમામે આ'ઝમ હુઝૂરે અકરમ ﷺ અથવા સહાબાએ કિરામની સરખામણીમાં બોલવામાં આવી રહેલ છે, પણ આપ લોકોના રોગી દિલોની કારીગરી છે આપ લોકો પૂર્વજ પ્રણાલિકાગત અને ઉર્ફના અનુસાર આ'લા હઝરતના શબ્દાર્થને તેમના સમકાલીન હઝરાત સુધી જ મર્યાદિત સમજત તેને બદલે બળજબરીપૂર્વક ખેંચી તાણીને આ શબ્દને રિસાલતકાળ સુધી વિસ્તૃત કરી દીધો, જેથી શબ્દ પોતાના ભાવાર્થને કારણે ગુસ્તાખી ભર્યો ન પણ હોય તો સરખામણીની દષ્ટિએ ગુસ્તાખીનો અર્થ ઉત્પન્ન કરી દેવામાં આવે.

ત્યારબાદ અલ્લામાએ ગરજદાર અવાજમાં દેવબંદી મુનાઝિરને સંબોધતાં કહ્યું કે, જ્યારે આપ લોકોને ત્યાં ઈલ્ક઼ાબના અર્થનું વર્તુળ એટલુ વિશાળ છે કે રિસાલતકાળ સુધીને આવરી લે છે, તો હવે તમો દેવબંદથી બરેલી આવો અને પોતાની બદબખ્તીની એ ભયાનક તસ્વીર જુઓ કે સ્વયં આપના જ ઘરમાં ગુસ્તાખીએ શાને રિસાલતની

............ રજૂકર્તા : અલીમુહમ્મદ અહમદ બાબી–પોરબંદર

કેવી કેવી સાધન સામાગ્રી મૌજૂદ છે !

જુઓ ! આ "મર્ષિયા" રશીદ અહમદ ગંગોહી છે, જે આપના શયખુલ હિંદ મોલ્વી મહમૂદ હસન સાહબની રચના છે. તેમણે મર્ષિયાના મથાળે ગંગોહી સાહેબને આ ઈલ્કાબ આપેલ છે :

*મખ્દૂમુલ કુલ, મુતાઉલ આલમ અર્થાત સર્વના મખ્દૂમ અને સમસ્ત જગતના મુતાઅ અને મુક્તદા (સરદાર–પેશ્વા જેની ફર્માબરદારી કરવામાં આવે, અનુસરણ કરવામાં આવે.)*

હવે તમો તમારા જ કાયદાના આધારે આ આરોપ સ્વીકારો કે તમો ગંગોહી સાહેબને હઝરત આદમ عليه السلامથી લઈને સૈયદુલ મુરસલીન ﷺ સુધી અને આપના બાદ કયામત સુધી પેદા થવાવાળા સમગ્ર ઈન્સાનોના "મખ્દૂમ" સમજો છો.

અલ્લામાએ કહ્યું, મખ્દૂમુલ કુલનો અર્થ આપની પેઠે મેં ખેંચી તાણીને બનાવ્યો નથી, બલ્કે 'કુલ' શબ્દનો પારિભાષિક અર્થ જ એ છે કે તેના વર્તુળથી એક પણ મનુષ્ય બહાર ન હોય. આ અર્થ મેં પોતે બનાવેલ નથી બલ્કે તેના અર્થના વર્તુળની વિસ્તૃતતા સ્વયં તે શબ્દની અંદર મૌજૂદ છે, જ્યારે કે 'આ''લા હઝરત''નો શબ્દ અર્થઘટનમાં વિસ્તૃત વર્તુળ ધરાવતો અર્થ રાખતો નથી, આપ લોકોએ બળજબરીપૂર્વક અર્થઘટન ખોટું કર્યું છે, એ આપની બદનિય્યતીનો પુરાવો છે.

એ જ પ્રમાણે "મુતાઉલ આલમ"માં "આલમ"નો શબ્દ એટલો વિશાળ અર્થસૂચક છે જેમાં ન તો કોઈ એક પણ વ્યક્તિ છોડી દેવામાં આવેલ છે, ન તો સમય, કાળને છોડી દેવામાં આવેલ છે. જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે સૈયદના આદમ عليه السلامથી લઈને હુઝૂર મુતાઉલ આલમીન ﷺ સુધી સર્વને મઆઝલ્લાહ ! ગંગોહી સાહબના સેવક અને અનુયાયી સમજો છો !

ત્યારબાદ અલ્લામાએ દેવબંદી મુનાઝિરને લલકારતાં કહ્યું કે "આ'લા હઝરત" શબ્દ પર આપના વાંધા પર મેં જવાબ સ્વરૂપે આટલી લાંબી ચર્ચા કરી.

હવે સ્વસ્થ થઈ જાવ ! આપે કરેલ વાંધો આપના પર જ પલ્ટી રહ્યો છે ! હવે પોતાની જ તલ્વારથી તમે પોતે લોહીલોહાણ થઈ જાવ તો મારા પર નાહક ખૂનનો આરોપ નહિ આવે !

બરેલીના એક "આ'લા હઝરત" પર તો આપને ત્યાં માતમ કરવામાં આવે છે, પણ સ્વયં દેવબંદના બુતખાનામાં કેટલાય "આ'લા હઝરત" આપ લોકોએ ઘડેલા છે, કદાચ તેનો અંદાજો આપ લોકોને નહિ હોય. સહન કરવાની શક્તિ આપનામાં જો હોય તો કપાળેથી પસીનો લૂછી પોતાની બુઝુર્ગપરસ્તીની આ ઈબ્રતનાક દાસ્તાન સાંભળો :–

આ જુઓ ! મારા હાથમાં આપની મુસ્તનદ કિતાબ "તઝકેરતુર્રશીદ" છે જેના લેખક આપની જમાઅતના મહાન પેશ્વા મોલ્વી આશિક ઈલાહી મેરઠી છે. તેના ભાગ બીજાના ચોથા પાનામાં પોતાના ખાનદાનના મુર્શિદે આ'ઝમ હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબને અગીયાર જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે ! પાન. નં–૨૩૭ પર ચાર જગ્યાએ, પાન. નં–૨૩૮ પર ચાર જગ્યાએ, પાન. નં–૨૩૯ પર એક જગ્યાએ અને પાના. નં–૨૪૧ પર બે જગ્યાએ. સ્વયં ગંગોહી સાહેબે પોતાના એક પત્રમાં જે "તઝકેરતુર્રશીદ" ભાગ પ્રથમના પાના. નં–૧૨૮ પર છપાયેલ છે, પોતાના પીરો મુર્શદ હાજી સાહેબને બે જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે. અને એ જ પ્રથમ ભાગના પાના. નં–૧૩૦,૧૩૨ અને ૧૩૬ પર આપના હકીમુલ ઉમ્મત જનાબ થાનવી સાહેબે ખાસ પોતાની કલમે હાજી સાહેબને ત્રણ જગ્યાએ "આ'લા હઝરત" લખેલ છે.

હવે બીજી કિતાબ જુઓ ! જે દેવબંદથી પ્રસિધ્ધ થઈ છે અને જેના લેખક મોલ્વી સૈફુલ્લાહ સાહેબ મુબલ્લિગ દારૂલ ઉલૂમ દેવબંદ છે, તે કિતાબનું નામ "તોહફતુલ કાદયાન" છે તેના પાના. નં–૯ પર લખે છે :

*"બ હુક્મે સૈયદી વ મૌલાઈ કુત્બે રબ્બાની હકીમુલ ઉમ્મત "આ'લા હઝરત" કારી તૈયબ સાહબ મુદીરે દારૂલ ઉલૂમ દેવબંદ."*

દેવબંદી મુનાઝિરને સંબોધતાં અલ્લામા અર્શદુલ કાદરી સાહેબે કહ્યું, આપે આપના ઘરના "આ'લા હઝરતો" વિશે સાંભળ્યું ! હવે જો કષ્ટ ન હોય તો જરા એ જ વાક્યો અને એ જ શબ્દો ઉચ્ચારો કે રસૂલે ખુદા ﷺને તો કેવળ હઝરત કહેવામાં આવે છે અને આશિક ઈલાહી મેરઠી, મૌલાના થાનવીએ પોતાના પીરો મુર્શિદને 'આ'લા હઝરત' કહેલ તેનો મતલબ એ છે કે, ....

રસૂલે ખુદા ﷺને તો કેવળ હઝરત કહેવામાં આવે છે અને દારૂલ ઉલૂમ દેવબંદના લોકો તેના સંચાલક સાહેબને આ'લા હઝરત કહેલ છે તેનો મતલબ એ છે કે,

***હમ ન કહેતે થે કે ઐ દાગ તૂ ઝુલ્ફોં કો ન છેળ***
***અબ વો બરહમ હૈ તો હૈ તુઝકો કલક યા હમ કો***

## રામ જેઠમલાનીના કથન

# ''વહાબી ચળવળ આતંકવાદી ચળવળ !''ની ભીતરમાં

કાર્યાલય

કહેવાય છે કે કોઈ પોતાની અસલિયતને છુપાવવા ગમે તેવા ડ્રામાઓ રચે પણ છેવટે તેની અસલિયત જાહેર થઈને જ રહે છે. તાલિબાનોના ત્રાસવાદે માઝા મૂકી દીધી તેમજ હિંદમાં પણ અમુક ત્રાસવાદીનો છેડો વહાબિયત દેવબંદિયતથી જઈને મળ્યો તો પોતાના દામનને પાક દર્શાવવા માટે દેવબંદમાં ત્રાસવાદ વિરોધી ફત્વો બહાર પાડવાનો મહાન શો રચાયો હતો. અને હાલમાં જ ''કૌમી એકતાના ચાહક'' તથા ''શાંતિના ચાહક'' હોવાની હવા ચલાવવા માટે દેવબંદમાં જાહેર જલસામાં જમિઅતુલ ઉલમાએ દેવબંદે હિંદુઓના રામદેવ સ્વામી તથા અન્ય સ્વામીઓનાં સ્વાગતો કરી સન્માનો કર્યાં. **મુસ્લિમો જો રસૂલે પાક ﷺની તા'ઝીમમાં ક઼યામ કરે (ઉભા રહી સલામ પઢે) તો ગૈરુલ્લાહની તા'ઝીમ નાજાઈઝ હોવાનું જણાવી શિર્કનો ફત્વો આપનારા આ દેવબંદીઓ સ્વામીઓના માનમાં અડધા અડધા થઈ ગયા ત્યારે તેમનો શિર્કનો ક઼ાયદો ભૂલી ગયા !** એટલું જ નહીં એ સંમેલનમાં એક વિસરાઈ ગયેલ વિવાદને વિના કારણે છેડયો તે એ કે સર્વ મુસ્લિમો જાણે છે, ''વંદે માતરમ''માં અમુક શિર્કિયા લખાણો હોવાથી તેને ગાવાનું આપણા ત્યાં જાઈઝ નથી, છતાં તેના વિશે નવેસરથી ઠરાવ કરી પેટ ચોળીને શૂળ ઉભુ કર્યું અને દેશભરની સર્વ કોમવાદી જમાઅતોને મુસ્લિમો વિરુદ્ધ અન્ય કૌમોને ઉશ્કેરવા માટેનું હથિયાર હાથમાં આપી દેશભરમાં મુસ્લિમ વિરોધી શોર ખડો કરાવ્યો. જ્યારે આપણે જાણીએ છીએ કે ક઼ોમવાદી જમાઅતો દેશના માહોલને ખરાબ કરવા અને હિંદુ મુસ્લિમોમાં નફરતોનું વાતાવરણ ખડુ કરવા માટેનો કોઈ મોકો જવા નથી દેતી, એના માટે અવનવા ષડયંત્રો રચે છે તો એવા સમયે હાથે કરીને ''વંદે મારતમ''ના ફત્વાને પોતાના એજન્ડામાં સામેલ કરવાની શું જરૂરત હતી ?! કે પછી એ ક઼ોમવાદી જમાઅતોના પોતે હાથા તો નથી બની ગયા ! હા, તો મૂળ વિષય પર આવીએ.

દેવબંદી જમાઅત ત્રાસવાદથી પોતાને પવિત્ર બતાવવા ગમે તેટલો દેખાવ કરે છતાં તેનો નિર્દેશ અવાર નવાર થતો જ રહે છે કે તેમનો છેડો ત્યાં જ જઈને મળે છે. જેમ કે ૨૧ નવેમ્બર ૨૦૦૯ના રોજ નવી દિલ્હીમાં મળેલ આંતર રાષ્ટ્રીય જ્યુરિસ્ટ કોન્ફરન્સમાં દેશના સીનિયર વકીલ અને માજી કાયદા મંત્રી રામ જેઠમલાનીએ વહાબી ચળવળને ''ત્રાસવાદી ચળવળ'' કહી અને ત્રાસવાદને મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજદીની પ્રતિ સંબંધિત કરતાં તેનો એનો જિમ્મેદાર ઠરાવ્યો. રામ જેઠમલાનીના આ નિવેદન પર વિવિધ સંસ્થાઓ તરફથી સખત પ્રત્યાઘાત રજૂ થયા. જમિઅતુલ ઉલમા દેવબંદના પ્રમુખ અર્શદ મદનીએ તેને ઐતિહાસિક હક઼ીક઼તની વિરુદ્ધ દર્શાવ્યું અને મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજદીનો બચાવ કરતાં કહ્યું કે હિજાઝ (અરબસ્તાન)માં મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજદીનો તે જ રોલ હતો જે હિંદુસ્તાનમાં અંગ્રેજ સત્તાના ખાત્મા માટે આપણા ત્યાં આઝાદીના મુજાહિદોનો હતો એટલા માટે તેની કોશિશોને આતંકવાદનું નામ નથી આપી શકાતું.

પરંતુ તમને એ જાણીને આશ્ચર્ય થશે કે આ જ મૌલાના અર્શદ મદનીના પિતા મૌલાના હુસૈન અહમદ ટાંડવી મદનીએ પોતાની કિતાબ ''શિહાબુષ્ષાક઼િબ''માં વહાબી ચળવળના બારામાં તદ્દન એ જ વાત કહી છે જે રામ જેઠમલાનીએ ૨૧ નવેમ્બર ૨૦૦૯ના રોજ એ કોન્ફરન્સમાં કહી ! બલ્કે મૌલાના હુસૈન અહમદ ટાંડવીએ મુહમ્મદ બિન

અબ્દુલ વહાબ તથા તેની વહાબી ચળવળના બારામાં રામ જેઠમલાનીથી પણ સખત રીમાર્ક રજૂ કરી છે. જેમ કે લખે છે : ''મુહમ્મદ બિન અબ્દુલ વહાબનો અક઼ીદો હતો કે સર્વ દુનિયાવાળાઓ તથા સર્વ જગતના મુસલમાનો કાફિર તથા મુશ્રિક છે અને તેમના સાથે લડાઈ તથા ક઼ત્લ કરવું અને તેમના માલોને તેમનાથી છીનવી લેવા હલાલ અને જાઈઝ બલ્કે વાજિબ છે.'' *(શિહાબુષ્ષાક઼િબ, પેજ–૫૫)*

વહાબી ચળવળના બારામાં કેટલી સ્પષ્ટતાપૂર્વક દેવબંદી મૌલાના અર્શદના પિતા મૌલાના હુસૈન અહમદ ટાંડવી (મદની)એ લખી આપ્યું કે તે ન કેવળ હિજાઝ મુક઼દસના મુસલમાનોને કાફિર તથા મુશ્રિક સમજીને તેમની માલ મિલ્કતોને લૂટવાને વાજિબ સમજતા હતા બલ્કે આખા જગતના મુસલમાન તેમની નજરમાં કાફિર મુશ્રિક હતા અને તેમને ક઼ત્લ કરવું જાઈઝ જાણતા હતા. એના પછી વહાબી ચળવળના સ્થાપકે અરબ દ્વિપના મુસલમાનો સાથે જે કર્યું તેની દર્દનાક તસવીર ખેંચતા એ જ મૌલાના અર્શદ મદનીના પિતા મૌલાના હુસૈન અહમદ ટાંડવી લખે છે :–

''ભાઈઓ ! મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજ્દી તેરમી સદી હિજરીના પ્રારંભમાં અરબના નજ્દ પ્રાંતથી જાહેર થયો, અને એ પોતે બાતિલ (ગલત) ખયાલો તથા ફાસિદ (ખોટા) અક઼ીદા ધરાવતો હતો એટલા માટે એણે ''અહલે સુન્નત વ જમાઅત''ની સાથે લડાઈ તથા ખૂનમારકી કરી, તેમને જબરદસ્તી પોતાના ખયાલો અપનાવવાની તકલીફ આપતો રહ્યો, તેમના માલોને ગનીમતનો માલ તથા હલાલ સમજવામાં આવ્યો. તેમને ક઼ત્લ કરવાને સવાબ તથા રહમતનો ઝરીયો ગણતો રહ્યો. હરમૈનવાળાઓને ખાસ અને હિજાઝવાસીઓને સામાન્ય રીતે એણે કઠિન તકલીફો પહોંચાડી. પૂર્વજ બુઝુર્ગોની શાનમાં અતિશય ગુસ્તાખી તથા બેઅદબીના શબ્દો વાપર્યા. ઘણા લોકોએ તેની અતિશય તકલીફોના કારણે મક્કા મુકર્રમા તથા મદીના મુનવ્વરા છોડવું પડયું અને હજારો આદમી તેના તથા તેની ફોજના હાથે શહીદ થઈ ગયા. સારાંશ કે તે એક **જાલિમ** તથા **બાગી** તથા **ખૂંખાર, ફાસિક઼**, શખ્સ હતો.'' *(શિહાબુષ્ષાક઼િબ, પેજ–૫૪)*

મુહમ્મદ બિન અબ્દુલ વહાબનો ત્રાસવાદ દર્શાવતા આ ચિતારની સામે રામ જેઠમલાનીનું કથન તો કેટલુ હલકુ છે ! મૌલાના અર્શદના પિતા મૌલાના હુસૈન અહમદ ટાંડવીએ તો મુહમ્મદ બિન અબ્દુલ વહાબના બાતિલ અક઼ીદા તથા ખયાલોની સાથે સાથે વહાબી ચળવળના જુલ્મોની વિગતે દાસ્તાન જ દર્શાવી દીધી ! અને છેવટે રીમાર્ક લગાડી કે ''સારાંશ કે તે (મુહમ્મદ બિન અબ્દુલ વહાબ) એક **જાલિમ** તથા **બાગી, ખૂંખાર, ફાસિક઼** શખ્સ હતો.'' **શું કોઈના ત્રાસવાદી હોવા માટે આટલા શબ્દો પૂરતા નથી ?** વળી ઉપરથી સિતમ તો એ કે આ સર્વ કાંઈ હરમૈન (મક્કા–મદીના)ના મુસલમાનોની સાથે કરવામાં આવ્યું જેઓ મુહમ્મદ બિન અબ્દુલ વહાબની તલ્વારથી કપાઈને શહીદના મર્તબે પહોંચી ગયા.

તેરમી સદી હિજરીના પ્રારંભમાં અરબની ભૂમિ પર વહાબી ચળવળે આતંકવાદનો જે ઈતિહાસ રચ્યો એના કારણે અરબોમાં એનાથી જે સખત નફરત પેદા થઈ ગઈ હતી તેની સખ્તીનું વર્ણન કરતાં આ જ મૌલાના હુસૈન અહમદ ટાંડવી મદની લખે છે :–

''એના કારણે અરબવાસીઓને ખાસ કરીને તેની તથા તેના અનુસરણથી સખત દિલી નફરત હતી અને તે એટલા પ્રમાણમાં કે એટલી ન યહૂદી ક઼ૌમથી, ન ઈસાઈથી, ન મજૂસી (અગ્નિપૂજક)થી, ન મુશ્રિકોથી હતી. સારાંશ કે તે ઉપરોક્ત તકલીફો આપવાના કારણે તેમની અતિશય અદાવતનો નિશાનો છે, અને બેશક ! જ્યારે એણે આવી આવી તકલીફો આપી છે તો જરૂર તેનાથી એવી જ નફરત હોવી જોઈએ.'' *(શિહાબુષ્ષાક઼િબ, પેજ–૫૪)*

વહાબી ચળવળના આતંકવાદ તથા ત્રાસવાદના પાયાના લઈને અરબોને તેનાથી જે નફરત તથા અદાવત થઈ ગઈ હતી એના પર મૌલાના ટાંડવીએ અરબોને કેટલા સ્પષ્ટ શબ્દોમાં હક્ક઼ના પક્ષે દર્શાવ્યા છે કે ''જરૂર તેનાથી (મુહમ્મદ બિન અબ્દુલ

વહાબથી) એવી જ નફરત હોવી જોઈએ."

અરબોની વાત જવા દો, એમના દિલમાં જે અદાવત હતી તે તો એ ત્રાસવાદી જુલ્મનું પરિણામ હતી જે એમના પર ગુજારાયો, પણ ખૂદ મૌલાના હુસૈન અહમદ ટાંડવી મદનીએ પોતાની કિતાબ "શિહાબુષ્ષાકિ઼બ"માં મુહમ્મદ બિન અબ્દુલ વહાબ અને તેની વહાબી ચળવળના માટે જે શબ્દો વાપર્યા છે તેના પરથી તેમના દિલમાં પણ આ લખતી વખતે વહાબી ચળવળથી કેટલા પ્રમાણમાં નફરત તથા અદાવત હતી એનો અંદાઝો સારી રીતે લગાડી શકાય છે.

આતંકવાદ જે તત્વોનો સમૂહ છે તે તત્વોમાંથી કોઈ એવું બાકી નથી જેને મૌલાના હુસૈન અહમદ ટાંડવી મદનીએ એ વહાબી ચળવળમાં સાબિત ન કર્યું હોય. રામ જેઠમલાનીએ મુસ્લિમ દુશ્મનીના જઝબામાં જો વાસ્તવિક ઈતિહાસના ચહેરાને વિકૃત કર્યો છે, (એવું જે અર્શદ મદનીએ કહ્યું) તો શું એ જ જુર્મમાં મૌલાના અર્શદ મદની દેવબંદીના વાલિદ પણ પડયા છે ?! શું ટાંડાને અલવિદા કહીને મદીનામાં જ સ્થાયી થનારા મૌલાના અર્શદ મદનીના પિતા હુસૈન અહમદ ટાંડવી પણ વહાબી ચળવળના ઈતિહાસથી અજ્ઞાન હતા ?!

રામ જેઠમલાની જેવા લોકો સામાન્યતઃ ઈસ્લામ પર આતંકવાદને ઉત્તેજન આપવાના આક્ષેપો લગાડતા રહે છે, પરંતુ એ આક્ષેપો એટલા પાયાહિન છે કે આપણે દુનિયાભરના લોકોને ચેલેંજ કરી શકીએ છીએ અને આ આક્ષેપ સંપૂર્ણ દલીલોની સાથે ગલત સાબિત કરી શકીએ છીએ, પરંતુ જણાવેલ કોન્ફરન્સમાં રામ જેઠમલાનીએ જે એક ખાસ ચળવળનો ઉલ્લેખ કર્યો છે, તો હવે અહીં ઈન્કાર સામે જો રામ જેઠમલાની "શિહાબુષ્ષાકિ઼બ"ના તમામ લખાણો જેમાં વહાબી ચળવળના જુલ્મો તથા આતંકવાદની દાસ્તાનો વર્ણન થયેલ છે તેને રજૂ કરી આપે તો તેનો જવાબ શું આપી શકાય છે ?! *(મુસ્લિમ ટાઈમ્સ–મુંબઈ, ૫ થી ૧૧, ડિસે. ૨૦૦૯ના આધારે)*

પેજ નં. ૦૨ નું ચાલુ...

### ★ સફર મહિનાના આખરી બુધની નમાઝ ★

સવાર પછી ગુસ્લ કરે અને ચાશતના સમયે બે રકાત નમાઝ પઢે. દરેક રકાતમાં **અલ્હમ્દુ શરીફ** પછી ૧૧–૧૧ વાર **કુલ્હુવલ્લાહ** શરીફ પઢે. સલામ ફેરવીને આ દુરૂદ શરીફ ૭૦ વાર પઢે :–

**اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِنِ النَّبِيِّ الْاُمِّيِّ وعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ وَبَارِكْ وَسَلَّمَ**

ત્યારબાદ આ દુઆ પઢે :–

**اَللّٰهُمَّ صَرِّفْ عَنِّىْ سُوْٓءَ هٰذَا الْيَوْمِ وَ اَعْصِمْنِىْ مِنْ سُوْئِهٖ وَجِّنِىْ عَمَّا اَصَابَ فِيْهِ مِنْ نَحُوْ سَاتِهٖ وَكَرَبَا تِهٖ بِفَضْلِكَ يَادَافِعَ الشُّدُوْرِ وَ مَلِكَ النُّشُوْرِ يَا اَرْحَمَ الرَّا حِمِيْنَ وَ صَلَّ اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِهٖ الْاَ مُجَادِ وَبَارِكْ وَ سَلِّمْ**

*–(રાહતુલ કુલૂબ, જવાહિરે ગયબી)*

એ ઉપરાંત બે રકાત નફલ બીજી પણ છે જેની દરેક રકાતમાં અલ્હમ્દુ શરીફ પછી ૩–૩ વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢે. સલામ પછી **અલમ નશ્રહ** તથા **વત્તીન** તથા **ઈઝાજાઅ નસ્રુલ્લાહ** તથા **કુલ્હુવલ્લાહ** શરીફ ૮૦–૮૦ વાર પઢે. તો અલ્લાહ તબારક વ તઆલા તેની બરકતની તેના દિલને ગની કરી આપશે.

*–(જવાહિરે ગયબ બ હવાલા બારા માહ કે ફઝાઈલ)*

## લેખ હરીફાઈમાં ભાગ લો !

## ખિદમતે દીનમાં મસ્જિદના ઈમામોનો શો રોલ હોવો જોઈએ ?!

**નોંધ** : વર્તમાનકાળમાં એહલે સુન્નત વ જમાઅતના ઉપર વિવિધ બાતિલ ફિર્કાઓ તરફથી થઈ રહેલા હુમ્લાઓ તેમજ પશ્ચિમી કલ્ચરની ગંદકીઓથી સમાજને પાક તથા પવિત્ર રાખવા માટે મસ્જિદના ઈમામો શું રોલ ભજવી શકે છે, એનાં અનુસંધાનમાં માર્ગદર્શન આપતું લખાણ બુઝુર્ગોની ખિદમતોના હવાલાથી લખવામાં આવે. મદ્રસાના ઉસ્તાદો તલ્બાને યોગ્ય માર્ગદર્શન આપે એવી વિનંતિ. *–તંત્રી*

**તા. ૧૦–૦૧–૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો**

# "બરકાતે ખ્વાજા"ના

## લેખના આઘાત પ્રત્યાઘાત

ર...જૂ...ક...તા...

**મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** (બોલ્ટન, યુ.કે)

મુજાહિદે અહલે સુન્નત અલ્હાજ શબ્બીર અલી રઝવી مدظلہ العالی, સલામ મસ્નૂન...

*ન મતાએ કારવાં લુટનેકા ગમ હૈ*
*ન એહસાસે ઝિયાં હૈ (ડો. ઈકબાલ)*

અત્યારે રાતના બાર થવા આવ્યા છે અને મારી નજરો સમક્ષ ડિસેમ્બર ૨૦૦૯ના "બરકાતે ખ્વાજા" માસિક અંકનો તંત્રી લેખ "કલમી ક્ષેત્રે ગુજરાતનો આલિમ તબકો આગળ આવે" તે છે. યકીનન ! તંત્રી લેખ હકીકતને જાહેર કરે છે અને એને વાંચીને એ અંદાજો થયો કે કલમી ક્ષેત્રે વર્તમાન કાળમાં બલ્કે પાછલાં ૫૦ વરસોમાં ગુજરાતી આલિમો ખાસ જોવા મળતા નથી. બિરાદરે અઝીઝ ! કેવળ એ નહીં કે ગુજરાતી આલિમ તબકો ગુજરાતી ભાષામાં કલમ ચલાવે, બલ્કે જરૂરત છે કે ગુજરાતી આલિમો ઉર્દૂ, અરબી ભાષામાં પોતાના કલમને હરકત આપે, એટલા માટે કે ભૂતકાળમાં આપણા બુઝુર્ગોએ જે ઈલ્મી ખજાનો આપણા માટે છોડયો છે તેને કોણ મન્ઝરે આમ પર લાવશે. આજે અહમદાબાદની હઝરત પીર મુહમ્મદ શાહ લાયબ્રેરીની અલ્મારીઓ ગુજરાતી તલબા તથા ઉલમાને તરસી રહી છે. આજે કેટલા ગુજરાતી ઉલમા છે જેઓ ગુજરાતના પૂર્વજ ઉલમા તથા મુહદ્દિષોની ખિદમતોથી વાકેફ છે ?! હિંદમાં ગુજરાતને જ એ મોભો હાંસલ છે કે જ્યાંથી પૂરા દેશમાં ઈલ્મે હદીષનાં કિરણો ફેલાયાં છે. આજે જરૂરત છે કે આપણા તલબા તથા આલિમો ગુજરાતના ઈતિહાસને વાંચે તેમજ ગુજરાતના ઉલમા તથા સૂફીઓનું એક સમૃધ્ધ વર્ણન તૈયાર કરવામાં આવે જેમાં 'શરૂથી આજ સુધી'ના આલિમો સૂફીઓનું વર્ણન હોય. એના અનુસંધાનમાં નાચીઝે કદમ ઉપાડયો છે, હવે જરૂરત છે કે ખાનકાહોના સજ્જાદા પોતાની લાયબ્રેરીઓ આપણા માટે ખુલ્લી કરી આપે અને આ માહિતીને જમા કરવા માટે જે કિતાબોની જરૂરત છે તે આપણને પૂરી પાડે જેથી આપણે આવનારી પેઢીના સુધી આપણા પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)નાં કારનામાઓ અને તેમના અકીદાઓને પહોંચાડી શકીએ.

બિરાદરે અઝીઝ ! "બરકાતે ખ્વાજા" માસિકે ગુજરાતી માસિકોમાં એક વિશિષ્ટ સ્થાન હાંસલ કરી લીધુ છે. યકીનન ! આ માસિક લોકોના અકીદાને મજબૂત કરે છે તથા અમલોને સંવારે છે. જેવી રીતે એમાં اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ (કાફિરો પર સખ્ત)ની કડકાઈ જોવા મળે છે તેવી રીતે رُحَمَآءُ بَيْنَهُمْ (આપસમાં રહમદિલ)ની નરમાશ પણ હોય છે. આ માસિક ગૈરોના માટે 'ઉઘાડી તલ્વાર' છે તો પોતીકાઓ માટે માંની ગોદ છે. આ માસિક બાતિલ માન્યતાઓના માટે તીર તથા ભાલાઓ સમાન છે તો પોતાનાઓ માટે એક હેતાળ ડોક્ટરની દવાનો કડવો ડોઝ છે. ડોક્ટર કડવો ડોઝ પીવડાવે તો લોકો તેનો શુક્રિયા અદા કરી તેને દૌલતથી નવાઝે છે, પરંતુ અફસોસ ! આ માસિક રૂહાની તબીબ છે જે રૂહાની બીમારીઓને ખત્મ કરવા માટે કદીક દવાનો કડવા ડોઝ આપે છે તો આપણા અમુક ભાઈઓ શુક્રિયા તો દૂર પણ ગાળો તથા ધમકીઓની વર્ષા કરે છે ! તે ડોક્ટર કેટલો ખતરનાક છે જે 'ડાયાબિટિશ'ના દર્દીને મીઠાઈનો નુસ્ખો તથા બ્લડ પ્રેશરના મરીઝને ઈંડાં તથા ગરમ ખોરાકનો નુસ્ખો તજવીઝ કરે. આ મીઠાઈ નથી ઝહેર છે ! આ ઈંડાં નથી પણ મૌતનો પયગામ છે. હે ગુજરાતી બંધુઓ ! આજે ઘણા લોકો બિદઅતો તથા ગલત રસ્મોના રૂહાની શુગર (ડાયાબિટિશ) તથા બ્લડ પ્રેશરના બીમાર છે, ઘણા દુનિયાપરસ્ત ખતીબ તથા આખેરતથી ચિંતાથી બેપરવા નામના મોલ્વીઓ તમને પોતાના મીઠી બોલી વડે તમારી બીમારીને વધારી રહ્યા છે અને તમે તેમને બીમારીનો ઈલાજ કરનાર તથા ડોક્ટર સમજી રહ્યા છે. નહીં ! હરગિઝ નહીં ! ખુદારા ! ગફલતની પટ્ટી આંખોથી હટાવો અને સહીહ ડોક્ટરની કડવી દવાનો ડોઝ પીઓ જેથી તંદુરસ્તી મળે.

આજે જુઓ બાતિલ અકીદા ધરાવનારા શું કરી

રહ્યા છે ? આજે આપણા મદ્રસા તલબાથી ખાલી જોવા મળે છે, ક્યાંક ૫૦ તો ક્યાંક ૧૦૦ ! શું આનાથી કૌમમાં ઈન્કિલાબ પેદા થશે ? નહીં ! હરગિઝ નહીં ! હે ખાનકાહોના ગાદી નશીનો ! જાગૃત થઈ જાવ ! જો તમારા બાપદાદાઓના વારસાગત અકીદાઓ તથા મામૂલોની ખૈર ચાહો છો તો મારું સાંભળો ! તમારાં બાળકો તથા બાળકીઓને આલિમ તથા આલિમા બનાવો, સાથોસાથ અંગ્રેજી પણ શીખવાડો. નહીં તો યાદ રાખો ! ક્યાંક બાતિલ તમારી ચાર દીવારી કૂદીને ઘરમાં ન પ્રવેશી જાય, પછી તમારા ખોળે ઉછરેલો તમારા જ પૂર્વજ બુઝુર્ગોની માન્યતાઓ પર શિર્ક, તથા બિદઅતના ફત્વા લગાડે ! આજથી ત્રીસ વરસો પહેલાં બદઅકીદગી (વહાબિયત દેવબંદિયત) નામ માત્રની હતી પણ તેઓના મદ્રસાઓની જાળે આજે શું ગુલ ખિલવ્યાં છે એ તમારી નજરો સમક્ષ જ છે. હે મારી કૌમના માલદારો ! ક્યાં સુધી દૌલતને દબાવીને રાખશો ? તે દૌલત શું કામની જે બીમારનો જીવ ન બચાવી શકે ? તમારી કૌમના યુવાન તબાહ થઈ રહ્યા છે અને તમે દૌલતને નાચ ગાન, બજારૂ કવ્વાલી તથા એશ તથા મોજમજામાં ખર્ચ કરી રહ્યા છો ! કાલે અલ્લાહ ﷻ ને શું મોઢું બતાવશો ?! આજે જરૂરત છે કે આપણે દીની તથા દુનિયવી તાલીમના માટે ઈન્ટિટયૂટ સ્થાપીએ જ્યાં બાળકો તથા બાળકીઓ આલિમ, આલિમા તથા ડોક્ટર, એંજિનિયર વગેરે બનીને નીકળે. ખૈર ! વાત દૂર ચાલી ગઈ. બુઝુર્ગોના મઝારો પર ગુંબદ બનાવો, પણ સાથોસાથ બુઝુર્ગોના નામે કોઈ ઈસ્લામી સ્કૂલ સ્થાપો અથવા તે બુઝુર્ગોની કિતાબોને નવા સ્વરૂપમાં છપાવી પ્રસિધ્ધ કરો. હે ગુજરાતના સુન્ની સહીહુલ અકીદા પ્યારા ભાઈઓ ! આજે ઈસ્લામ તથા આપણો હક્ક મસ્લક આપણાથી કુર્બાની ચાહે છે, શું તમે કુર્બાની પેશ કરવા તૈયાર છો ?! જો હા ! તો નીચે દર્શાવેલ વાતો માટે તૈયાર થઈ જાવ :

**(૧)** સમયની કુર્બાની **(૨)** માલની કુર્બાની **(૩)** કૌમના લાભ ખાતર અંગત તથા વ્યક્તિગત લાભોની કુર્બાની **(૪)** મસ્લકની રક્ષા ખાતર મશ્રબી (સિલસિલવાર) પૂર્વગ્રહની કુર્બાની. આ સિલસિલાઓ પ્યાર તથા મહોબ્બતના એક દરિયાની નહેરો છે, ન કે આપસમાં બાથ ભીડવાના ઝરીયા **(૫)** શાદી વગેરે પ્રસંગે ગલત રસ્મો રિવાજને છોડવાની કુર્બાની **(૬)** હસદ, કીનો, મુસ્લિમની અદાવત, પ્રશંસા તથા વાહ વાહની મહોબ્બત, ગીબત વગેરે બુરા અયબોનો ત્યાગ કરવાની કુર્બાની **(૭)** પોતાના એક બાળક તથા બાળકીને સાચા અર્થમાં આલિમ આલિમા બનાવવાની કુર્બાની. **(૮)** ગરીબ નિઃસ્વાર્થ મુદર્રિસોની ખિદમત (સહાય)ની કુર્બાની **(૯)** બદઅકીદા બદઅમલ લોકોથી દૂર રહેવાની કુર્બાની.

હે બિરાદરે અઝીઝ ! ખુદા ﷻ તેના હબીબ ﷺના સદકામાં તને સલામત રાખે ! અને કૌમ તારા દર્દ તથા પીડાને સમજી શકે. (આમીન)

***–મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી, બોલ્ટન, યુ.કે.***

★ ★ ★

મોહતરમ જનાબ, શબ્બીર અલી પટેલ સાહબ, તથા સર્વે સુન્ની બિરાદરોની ખિદમતમાં અસ્સલામુ અલયકુમ !

જનાબ શબ્બીર સાહબ, ''બરકાતે ખ્વાજા''માં આપના લેખ ખૂબ જ અસરકારક હોય છે. આજના જમાનાના પ્રમાણમાં કૌમે મુસ્લિમના દરેક વર્ગના અને દરેક ઉમરના લોકોને નસીહત અને સાચી રાહ ચીંધે છે. અને બદ્ અકીદાનો રદ, પ્રેસ મિડીયા, ઈલેક્ટ્રોનિક મિડીયાની અસલિયતનો આપ જે નીડરતાથી પર્દાફાશ કરીને રજૂ કરો છો તે ખરેખર મુબારકબાદીને લાયક છે.

અલ્લાહ તઆલા પાસે દુઆ છે કે, ''રબ્બે કરીમ આપના ઈલ્મમાં ખૂબ ખૂબ બરકત અતા ફર્માવે અને આપ દીને હક્ક અને ''મસ્લકે આ'લા હઝરત''ની ખિદમત અંજામ આપતા રહો.

જનાબ શબ્બીર સાહબ આપને ખાસ બે સવાલ રજૂ કરું છું અને ઉમ્મીદ છે કે જેનો વિગતવાર જવાબ ''બરકાતે ખ્વાજા''ના અંકમાં આપવા મહેરબાની કરશો.

***–ડો. અનીસ એ. મુન્શી (નવાબંદર–ઉના)***

(ડો. અનીસ સાહબ, સલામ મસ્નૂન, સવાલોના જવાબ આગામી અંકમાં આવશે. ઈન્શાઅલ્લાહ ! પત્ર બદલ આભાર ! જઝાકલ્લાહ !)

***–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

## ★ શાદીમાં મેહફિલે નઅત ★

**હલદરવા** : (તા. કરજણ, જિ. વડોદરા) મુકામે જનાબ ખલીલભાઈ ઈસા જોહાની નેક દુખ્તર આલિમા રઝીના (તંત્રી "બરકાતે ખ્વાજા" માસિકની ભાણકી)ની શાદી બુધવાર તા. ૧૬–૧૨–૨૦૦૯ના રોજ જનાબ ઈસ્માઈલભાઈ બોરીવાલાના નેક ફરઝંદ સોહાગ આલમ સાથે રાખવામાં આવી જે નિમિત્તે તા. ૧૫–૧૨–૨૦૦૯ના રોજ રાત્રે મેહફિલે સમાએ નઅતનો શાનદાર પ્રોગ્રામ બોરીવાલા સ્ટ્રીટમાં રાખવામાં આવ્યો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે આ'લા હઝરત તેમજ તાજુશ્શરીઅહ્ હુઝૂર અખ્તર રઝા અઝહરી સાહબ તેમજ મૌલાના શાકિર નૂરી વગેરેની લખેલ હમ્દો નઅતનાં તરાનાંઓ પેશ કરી મજમાને ફયઝયાબ કર્યો હતો. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોને બંને જહાનમાં આબાદ રાખે, બંને જહાનની નેઅમતોથી માલામાલ કરે. (આમીન) *–તંત્રી*

## ★ શાદી મુબારક થજો ! ★

**બરોડા** : થી ઉસ્માનગનીભાઈ (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી) જણાવે છે કે જનાબ યૂસુફખાન (જેતલસર–વડોદરા)ની નેક દુખ્તર યાસ્મિનબાનુના નિકાહ તા. ૫–૧૦–૨૦૦૯ સોમવારના રોજ "આસિફ મિયાં") (S/o. ઈકબાલમિયાં શેખ–તાંદલજા) સાથે થયા તેની ખુશીમાં રૂા. ૧૦૧/– બરકાતે ખ્વાજા (માસિક)ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી*

**હલદરવા** : (તા. કરજણ) હાજી ગુલામ હાજી આદમ મહેરબાનની નેક દુખ્તર "અસ્મા"ની નિકાહખ્વાની સાંસરોદ નિવાસી અહમદ ઈબ્રાહીમ ટાઢા શેઠના નેક ફરઝંદ "ઈમરાન" સાથે તા. ૧૨–૧૨–૨૦૦૯ના રોજ શનિવારે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**સૂરત** : (બેગમપુરા)થી ગુલામ અહમદ હાજી મિયાં શેખ (મુન્નાભાઈ શેખ)ની નેક દુખ્તર મસર્રતજહાંની શાદી મુહમ્મદ ઝકરિયા સાથે તા. ૫–૧૨–૨૦૦૯ના રોજ રાખવામાં આવી તેની ખુશીમાં રૂા. ૧૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી*

**કાવી** : (તા. જંબુસર) સૈયદ મુશ્તાકઅલી કરમઅલી સાહબની નેક દુખ્તર "સકફનાઝ"ની શાદી ભરૂચવાસી સૈયદ હઝરત અલીના નેક ફરઝંદ "અઝીમુદ્દીન" સાથે તા. ૩–૧૨–૨૦૦૯ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**દયાદરા** : યાકૂબ અલી માસ્તર કુલ્ફીવાલાના નેક ફરઝંદ "સલીમ"ની શાદી અબ્દુલ મજીદ કુલ્ફીવાલાની નેક દુખ્તર "સાજિદાબાનુ" સાથે તા. ૧૩–૧૨–૨૦૦૯ના રોજ અકુજી કોમ્યુનિટિ હોલ (દયાદરા)માં રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી*

**ભરૂચ** : જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલાની નેક દુખ્તર "આલિમા મુમ્તાઝબાનુ"ની શાદી તા. ૫–૧૨–૨૦૦૯ના રોજ જનાબ દાઊદ આદમ ઝંઘારવાલાના નેક ફરઝંદ "મૌલાના ઈમરાન" સાથે મીમ મેન્સન (અમન સોસાયટી) દહેજ બાયપાસ રોડ ભરૂચ મુકામે શાનો શૌકતથી રાખવામાં આવી. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તઆલા બંને જહાનમાં ખુશ તથા આબાદ રાખે. *–તંત્રી*

## ★ દાદને પાત્ર દીની ખિદમત ! ★

**ભૂજ** : સુન્ની મુસ્લિમ લાયબ્રેરી (ભુજ–કચ્છ)થી "બરકાતે ખ્વાજા" માસિકના લવાજમ વસૂલ કરનાર માજોઠી ઉષ્માન સિદીક (કંડલાવાળા) લખી જણાવે છે કે અમારા ગરીબ એરીયામાં સુન્ની મુસ્લિમ લાયબ્રેરીની શરૂઆત માહે મુબારક રમઝાન શરીફથી શરૂ કરેલ છે અને કોઈપણ જાતની ફી લીધા વગર મફત વાંચવા માટે શરૂ કરેલ છે. જેમા રૂા. ૧૫૧/– નાની મોટી કિતાબો વસાવેલ છે. શહેરના તમામ સુન્નીભાઈઓને તેનો લાભ લેવા વિનંતિ છે. બીજુ એમણે "બરકાતે ખ્વાજા" માસિકના ૨૧ ગ્રાહકો બનાવી આપેલ છે. તેઓ નાબીના હોવા છતાં અને સીત્તેર વરસની બુઝુર્ગ અવસ્થામાં જે ધગશ અને જોશથી દીની કામ અંજામ આપી રહ્યા છે.

અને સુન્નિયતના પ્રચાર અને પ્રસાર માટે જેહમત ઉઠાવી રહ્યા છે તે ખરેખર દાદને પાત્ર છે. (અલ્લાહ તઆલા જઝાએ ખૈર આપે) –તંત્રી

**બોલ્ટન** : થી અખ્તર હુસૈન (નબીપૂરી)ના દુઆ સલામ વાંચશો. હું છેલ્લા ત્રણથી ચાર વર્ષથી આપનું "બરકાતે ખ્વાજા" માસિક દર માસે નિયમિત વાંચુ છું. અને "બરકાતે ખ્વાજા" માસિકના તંત્રી તરીકે તમારી લેખન શૈલી, દીન પ્રત્યે મહોબ્બત, દીની કિતાબો દ્વારા પુરાવા, વિવિધ આંકડાકીય માહિતી, દેશ વિદેશની સરકારોનું ઈસ્લામ પ્રત્યે વલણ, ચાલુ જમાનામાં મુસ્લિમ કલ્ચરની બદીઓ પ્રત્યે આપની બારીક દૃષ્ટિ, બદીઓ રોકવાના ઉપાય ઈસ્લામી શરીઅતના હુકમો....વગેરે વાંચી ઘણો જ પ્રભાવિત થયો છું. ખરેખર તમો દીનના મુજાહિદની જેમ ખિદમાત આપી રહ્યા છો. અત્યાર સુધી આવી ખિદમાત વિશે ઈસ્લામી કિતાબોમાં વાંચવામાં આવતુ હતું પરંતુ આજે હું આપની ખિદમાત જોઈ રહ્યો છું જે ખરેખર પ્રશંસનીય છે. ખુદાપાક પાસે આ નાચીઝ ગુનેહગારની દુઆ છે કે આ ખિદમાતને આપની નજાતનો ઝરીયો બનાવે અને આપ અમારા માટે પણ દુઆ કરશો. વધુમાં આપના "બરકાતે ખ્વાજા" માસિકમાં "તિબ્બે નબવી ﷺ" તથા "વિર્દ વઝાઈફ"નો લેખ દર માસે આપવામાં આવે તો મારું માનવું છે કે આપના "બરકાતે ખ્વાજા" માસિકનો વાંચક વર્ગ કાયમી વધી જશે.

***–અખ્તર હુસૈન રોકડ (બોલ્ટન)***

## ★ જશ્ને ઈફ્તેતાહ ★

હલદરવા (તા. કરજણ, જિ. વડોદરા)થી જનાબ હાફેઝ આદમ વોરાસમનીવાળાની યાદી જણાવે છે કે દારુલ ઉલૂમ નસીરીયાહ મદ્રસતુલ બનાત–હલદરવાની શરૂઆત હાલ કામચલાઉ મકાનમાં કરી દીધી છે જેમાં કૌમની બચ્ચીઓ દાખલો લઈ રહી છે એના નિમિત્તે તા. ૫–૧૨–૨૦૦૯ના રોજ મદ્રસાની જગ્યા પર હઝરત પીર સૈયદ કમરૂદ્દીનબાવા સાહબ કારંટવીની સરપરસ્તીમાં એક શાનદાર જલસાનું આયોજન કર્યું હતું. જેની સદારત નાસિરે મસ્લકે આ'લા હઝરત મૌલાના ઈસ્માઈલ ખોજબલવાળા (બોલ્ટન) સાહબે નિભાવી હતી, જેમણે જનાબ ઉસ્માનગની બાપુ તથા જનાબ હાફેઝ આદમની કારકિર્દી પેશ કરી હતી તથા આ મદ્રસાના બાંધકામમાં ભરપૂર સહાયની અપીલ કરી હતી. તથા ખોજબલ મદ્રસાની બાળકીઓએ નઅતો પેશ કરી હતી તેમજ હઝરત મૌલાના મોહસિન રઝા વગેરેના બયાનો બાદ મેહફિલે નઅતમાં તુતીએ કાઠિયાવાડ મૌલાના ગુલામ મુસ્તફા સાહબ તથા જનાબ ફારૂક દલ્લુ સાહબ વગેરેએ નઅતો પેશ કરી હતી.

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**કહાન** : (તા. જિ. ભરૂચ) જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલાના વાલિદ માજિદ હાજી આદમ મૂસા ધારીયાનો તા. ૧૦–૧૨–૨૦૦૯ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે તેમની દફનવિધિ કહાન મુકામે ઈશા બાદ રાખવામાં આવી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં તેમને આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) –તંત્રી

**દયાદરા** : જનાબ ઈસ્માઈલ ગુલામ તેલ્યાના વાલિદા બીબી બહેન તા. ૭–૧૨–૦૯ના રોજ ઈન્તેકાલ કરી ગયાં છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત કરે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*


## કચ્છ–ભૂજમાં સંપર્ક કરો

**'બરકાતે ખ્વાજા' (માસિક)**ના ગ્રાહક થવા કે રિન્યુ કરાવવા તથા બહારે શરીઅત (સેટ) માટે તથા **'અજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'**ના મેમ્બર થવા કે ડોનેશન (લિલ્લાહ, ઝકાત, સદકા) તથા **'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'** તથા **'દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ'**ને સહાય પહોંચાડવા સંપર્ક કરો :–

★ **ઈમ્તિયાઝભાઈ લુહાર**, K.G.N. ઈલેક્ટ્રોનિક, બસ સ્ટેન્ડ પાસે–ભૂજ, મો. ૯૯૭૯૯ ૬૫૧૧૫

★ **મુહમ્મદ રોશન અલી નક્શબંદી**, મુ. નાગલપુર, અંજાર, મો. ૯૭૨૩૧ ૫૬૭૮૬

## એક અણમોલ કિતાબ

**શરહુસ્સુદૂર એટલે મૌત તથા ક઼બ્રના હાલાત** (પેજીસ : ૩૭૨)

મૂળ લેખક : **હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી** رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : આલિમા ક઼ારીઆ અનીસા મુહયુદ્દીન (હલદરવા, તા. કરજણ)

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન. ૩૯૨૦૨૦ , મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

કિંમત : રૂા. ૧૦૦/– (રૂા. ૩૦૦/– ભરી અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાના મેમ્બર બનનાર તથા ડોનરને એક કોપી ફ્રીમાં ઘરબેઠાં આવશે.)

પ્રસ્તુત કિતાબનું મહત્વ લેખકના નામ પરથી જ જાહેર થઈ જાય છે કે જે પોતાના સમયના ''ઈમામ'' તથા ''મુજદિદ' પણ છે અને મહાન કિતાબોના લેખક પણ છે. આ કિતાબમાં દુનિયાની પાછળ આંધળી દોટ મૂકનારાઓની શાન ઠેકાણે કરી આપે તેવી હદીષો, રિવાયતો રજૂ કરી છે જેમાં મૌત વખતની શું સ્થિતિ હોય છે ? તથા ક઼બ્રમાં શું શું થશે ? તેના સંબંધે ખૂબ જ બોધદાયક તથા રસપ્રદ માહિતી છે. આજકાલ લોકો ભડકાવનારાં નામોવાળી બજારમાં મળતી કેટલીક અનસ્ટાન્ડર્ડ રિવાયતોવાળી કિતાબો ખરીદવાનો ખૂબ મોહ રાખે છે તેને બદલે આ મહાન બુઝુર્ગની લખેલી સ્ટાન્ડર્ડ કિતાબ ''મૌત તથા ક઼બ્રના હાલાત'' (શરહુસ્સુદૂર) જરૂરથી મંગાવે અને વાંચી વંચાવી પોતાની આખેરતનો સામાન કરે. અનુવાદક, પ્રકાશકને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ ★ ★

## સહીહ નમાઝ પઢવા મંગાવો

**સજદએ સહ્‌વના મસાઈલ** (પેજીસ : ૧૪૪, કિંમત : રૂા. ૩૦/–)

લેખક : **મુફતીએ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ** مدظلہ العالی (ખલીફએ મુફતીએ આ'ઝમે હિંદ)

અનુવાદકો : મુહમ્મદ રઉફ યાકૂબ (પાલેજ), ઉસ્માનગની (કોલવણા) તથા અન્ય તલબા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન. ૩૯૨૦૨૦ , મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

પ્રસ્તુત કિતાબ દરેક મુસ્લિમના ઘરમાં હોવી જોઈએ જે ભાઈઓ તથા બહેનો દરેકને માટે જરૂરી છે કે નમાઝમાં ક્યાં ભૂલ થાય તો શું કરવું ? તકબીરે તહરીમાથી સલામ ફેરવતા સુધી ક઼યામ, ક઼િરાઅત રુકૂઅ, સજદા, કાયદા.....વગેરેમાં કેવી ભૂલ થઈ શકે અને ત્યારે શું કરવું તે જાણવું દરેક માટે ફર્ઝ છે. ઈમામોએ તો ખાસ આ કિતાબને સતત અભ્યાસમાં રાખવી જોઈએ કે જેમના માથે સૌની નમાઝની ક઼બૂલિયત આધારિત છે. (રૂા. ૩૦૦/– ભરી 'અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'ના મેમ્બર થનાર તથા ડોનરને એક કોપી ફ્રીમાં ઘર બેઠાં મળશે.) લેખક, અનુવાદકો, પ્રકાશક, સહાયકો સર્વેને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ ★ ★

## મુબારક કિતાબ મંગાવો

**કસીદા બુર્દહ શરીફ** (ગુજરાતી અનુવાદ સાથે)

રચયિતા : **અલ્લામા મુહમ્મદ સઈદ બિન હમ્માદ શરફુદ્દીન બુસૈરી** رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક તથા પ્રકાશક : **મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી)**, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧ ૦૦૧ (કિંમત લખી નથી : સંપર્ક કરો (મો.) ૯૮૨૪૮ ૩૬૫૦૦)

## અમારું અવલોકન

કિતાબ : **'કુર્બાની કી ખાલ મસ્જિદો કો હલાલ'** (પેજીસ–૨૪)

લેખક : મુનાઝિરે અહલે સુન્નત **હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી 'મસ્રૂફ' બરકાતી નૂરી**

પ્રકાશક : મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા, ઈમામ અહમદ રઝા રોડ–પોરબંદર

દુનિયાને ઊંધા ચશ્મા દેખાડનાર, અંગ્રેજોની પેદાશ, વહાબી દેવબંદીઓ તેમના જન્મના મૂળભૂત સિદ્ધાંત કે ''મુસ્લિમોમાં વિવાદ વિખવાદ ઉભો કરતા રહેવું'' પર નિયમિત અમલ કરતા રહ્યા છે એ જગજાહેર વાત છે. એવો જ એક મામલો અત્રેની કિતાબમાં રજૂ થયો છે. વહાબીઓનું અક્કલકૂવા (મહારાષ્ટ્ર)થી બહાર પડતુ માસિક અવાર નવાર કાંઈ ન કાંઈ છબરડા વાળતુ આવે છે જેના વિશે ''બરકાતે ખ્વાજા'' માસિકમાં પણ અમે રદિયો અવાર નવાર આપતા રહીએ છીએ. એ જ અક્કલકૂવાના માસિક બનામે ''બયાને મુસ્તફા'' ડિસે.–૨૦૦૮, પેજ–૨૩ ઉપર ''આધુનિક (Latest) મસાઈલ''ના શિર્ષક હેઠળ ''કુર્બાનીની ખાલ (ચામડા) મસ્જિદમાં આપવી જાઈઝ નથી.'' તેવો મનઘડત ફત્વો આધુનિક્તાના આવેશમાં લખી માર્યો છે ! જેના જવાબમાં હઝરત અલ્લામા હમદાણી સાહબે બાલની ખાલ કાઢી નાખી છે અને દરેક ઈન્સાફપ્રિય દિમાગે સ્વીકારવું પડે કે, ''કુર્બાનીની ખાલ મસ્જિદમાં આપવી જાઈઝ છે'' તે સમજાવ્યું છે. અને વહાબીઓ દેવબંદીઓ અજ્ઞાનતાના અંધારામાં કેવાં ગલોટીયાં ખાઈ રહ્યા છે તે કુર્આન, હદીષ તથા ફિક્હના પુષ્કળ હવાલાથી સ્પષ્ટ કરી ઈમાનો ઈર્ફાનની રોશની ફેલાવી છે. લેખક, પ્રકાશકને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખવાજા (માસિક)*

## હિસ્સાવાળી કુર્બાનીની યાદી

ચાલુ સાલે ઈદે અદહાના પ્રસંગે હિસ્સાવાળી કુર્બાનીઓ **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** તથા **સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શાખા** થકી રાખવામાં આવી જેમાં મૌલાના મોહસિન હવેલીવાલા થકી મળેલ યાદીનાં ૫૩ મોટાં જાનવરો તથા મુહમ્મદભાઈ મોજી સીતપોણવાળા, શમ્સુદ્દીનભાઈ ભગત હલરદવી–૩ તથા યૂસુફભાઈ શેઠ દયાદરાવાળા થકી તેમજ ડાયરેક્ટ કમિટીની ઓફીસે નોંધાયેલ યાદી પરથી ૧૦૨ મોટાં જાનવરોની કુર્બાની વિવિધ નાના મોટા ગામડાં તથા જ્યાં કુર્બાનીઓ થતી નથી કે ઓછી થાય છે ત્યાં કરાવવામાં આવી તથા મટન વહેંચી દેવામાં આવ્યું હતું. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સૌની કુર્બાનીઓને કબૂલ ફર્માવે. (આમીન) જે સુન્ની ભાઈઓ બહેનો હિસ્સાવાળી કુર્બાનીમાં આવતા વર્ષે જોડાવવા માંગતા હોય તેમને વિનંતિ કે સમયસર નામોની નોંધણી મહિના અગાઉથી કરાવી લે જેથી વ્યવસ્થામાં સરળતા રહે.

**ચેતવણી : કોઈ વહાબી દેવબંદી વગેરે બાતિલ ફિક્રાવાળાનું નામ હિસ્સાઓમાં લખાવવું નહીં.**

*–(વ્યવસ્થાપાક)* ***પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***


**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

**વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ**

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨, મો. ૯૮૯૮૧ ૦૪૯૯૫


## વિરમગામમાં લવાજમ નોંધવવા

**બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહક થવા કે રિન્યુ કરાવવા તથા **અજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ના મેમ્બર થવા કે ડોનેશન (લિલ્લાહ, ઝકાત, સદકા) તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**ને સહાય પહોંચાડવા સંપર્ક કરો :–

**મૌલાના મુલ્તાની મુહમ્મદ હુસૈન અલ્લારખા,**
ઠે. કંસારા બજાર, ઘાંચીની મસ્જિદ, મુ. વિરમગામ
મો. ૯૬૦૧૦૭૦૬૩૧

# લુત્ફે ઝિંદગી

જો યાદે મુસ્તફા સે દિલ કો બેહલાયા નહીં કરતે
હક઼ીક઼ત મેં વોહ લુત્ફે ઝિંદગી પાયા નહીં કરતે

ઝબાં પર શિકવાએ રંજો–અલમ લાયા નહીં કરતે
નબી કે નામ લેવા ગમસે ગભરાયા નહીં કરતે

યેહ દરબારે મુહમ્મદ હય, યહાં મિલતા હય બિન માંગે
અરે નાદાં, યહાં દામન કો ફેલાયા નહીં કરતે

સજા લે દિલ કી દુનિયા દાગહાએ ઈશ્ક઼ે અહમદ સે
યેહ ઐસે ફૂલ હંય જો ખિલ કે મુરઝાયા નહીં કરતે

જિન્હોંને સૈયદે કૌનેન કે ક઼દમોંકો ચૂમા હંય
વો ઝર્રે ચાંદ તારોં સે ભી શરમાયા નહીં કરતે

મુહમ્મદ મુસ્તફા કે બાગ કે સબ ફૂલ હંય ઐસે
જો બિન પાની કે તર રહેતે હંય કુમલાયા નહીં કરતે

અગર બૂજેહલ બહરે ઈમ્તેહાં આએ, તો આને દો
રસૂલુલ્લાહ ઈન બાતોંસે ગભરાયા નહીં કરતે

જગહ પાયી હય કિસ્મતસે જિન્હોંને કૂએ તયબાહ મેં
વોહ ઝર્રે ચાંદ તારોંસે ભી શરમાયા નહીં કરતે

યેહ હય દરબાર આક઼ા કા, યહાં અપનોં કા ક્યા કેહના
યહાં સે હાથ ખાલી ગૈર ભી જાયા નહીં કરતે

અરે નાસમઝ કુર્બાન હોજા ઉન્કે રૌઝે પર
યે લમ્હેં ઝિંદગીમેં બાર બાર આયા નહીં કરતે

હબીબે કિબ્રિયાકી શાને રહમત તો ઝરા દેખો
સિતમ સેહતે તો હંય લેકિન, સિતમ ઢાયા નહીં કરતે

મઝા મિલતા હય જિનકો સરવરે ક઼ૌનેન કે ગમ મેં
વોહ અપની દાસ્તાને ગમ કો દોહરાયા નહીં કરતે

જો ઉન્કે દામને રહમતસે વાબસ્તા હંય અય **'હામિદ'** !
કિસી કે સામને વોહ હાથ ફેલાયા નહીં કરતે

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને

## સહાય કર્તાઓની યાદી

**ન્યાઝ કરવાવાળા તથા મટન વગેરે આપનારા સખીદાતા**

| | |
|---|---|
| બશીરભાઈ ઘાંચી–જંબુસર | ૧૫ Kg મટન |
| મુહમ્મદ ખુંદીયા–મછાસરા | ૩૨ Kg મટન |
| અબ્દુલ્લાહ મૂસા ભાણા–દયાદરા | ૧–ન્યાઝ |
| હાફેઝ ઐયૂબ મોટલી–દયાદરા | ૨–ન્યાઝ |
| હાફેઝ ઈસ્માઈલ માંગરોલી–બોલ્ટન | ૧–ન્યાઝ |
| હાફેઝ અલ્તાફ વોરાસમનીવાળા | ૧–ન્યાઝ |
| અબ્દુલ મજીદ ધીરજ–દયાદરા | ૨૫ Kg મટન |
| ખત્રી ઉસ્માનજી મૂસાજી–આમોદ | ૧–ન્યાઝ |
| હાફેઝ ઐયૂબ માટલી–દયાદરા | ૧–બકરો |
| સિકંદરભાઈ મલેક–આમોદ | ૧–બકરો |
| હાફેઝ મુહમ્મદ ગાજરાવાલા–દયાદરા | ૧–બકરો |
| હનીફભાઈ અરગામાવાળા–અરગામા | ૧–બકરો |
| એક મુસ્લિમભાઈ તરફથી–ભરૂચ | ૧–બકરો |
| મેહબૂબ હસન ઈસે–સાંસરોદ | ૧–બકરો |
| મીનાવાલા ફેમેલી તરફથી–દયાદરા | ૧–બકરો |
| રાબીયાબેન નાથા–બોલ્ટન | ૧–બકરો |
| એક મુસ્લિમભાઈ તરફથી–ભરૂચ | ૧–બકરો |
| ગુલામભાઈ કારપેટવાલા–હલદરવા | ૧–બકરો |
| બાબુભાઈ મછાસરાવાલા–વાગરા | ૨૦ ડબ્બા તેલ |
| હાજી મુબારક હાજી ઈસા–કંબોલી | ૩૨ ડબ્બા તેલ |
| હાજી મુબારક હાજી ઈસા–કંબોલી | ૬ ક્વિ. ચોખા |
| હાજી મુબારક હાજી ઈસા–કંબોલી | ૧ ક્વિ. દાળ |
| હાજી મુબારક હાજી ઈસા–કંબોલી | ૧ ક્વિ. ખાંડ |
| સરસવણી ગામના મુસ્લિમો | ૫ થેલી ઘઉં |

**★ કુર્બાનીની ખાલો (ચામડાં) આપનાર ★**

| | |
|---|---|
| હજીયાણી એમણબેન સુલેમાન–દયાદરા | ૨ મોટાનાં |
| ઈસ્માઈલ મુહમ્મદ ઈસા–દયાદરા | ૧ મોટાનું |
| હાજી યાકુબ ઈબ્રાહીમ કદમ–સાંસરોદ | ૧ મોટાનું |
| અબ્દુલ્લાહ મૂસા ભાણા–દયાદરા | ૨ મોટાનાં |
| સીરાજ ઈબ્રાહીમ લુહાર–આમોદ | ૧ બકરાનું |
| રણજીત મનહરસિંહ–આમોદ | ૨ બકરાનું |
| નાસિર હુસૈન મુનીરઅલી રાણા–આમોદ | ૧ બકરાનું |
| રાણા સરફરાઝ આઈ.–આમોદ | ૧ બકરાનું |
| અઝીઝ હમીદખાન–આમોદ | ૧ બકરાનું |
| દીલીપભાઈ રાણા–આમોદ | ૧ બકરાનું |
| હાફિઝ મુહમ્મદ સાદિક–આમોદ | ૧ મોટાનું |
| ઈકબાલ અહમદ મુલ્તાની–આમોદ | ૨ બકરાનાં |
| ઈબ્રાહીમભાઈ રાણા–આમોદ | ૧ બકરાનું |
| સુહેલભાઈ–આમોદ | ૧ બકરાનું |
| હાફેઝ વલી ટેલર–આમોદ | ૧ બકરાનું |
| કાલુ અલ્લારખા–આમોદ | ૧ બકરાનું |
| મુહમ્મદ આદમ પટેલ–આમોદ | ૧ ઘેટાનું |
| હાજી હારૂન મૂસા પટેલ–આમોદ | ૧ ઘેટાનું |
| ગુલામભાઈ ખત્રી–આમોદ | ૧ બકરાનું |
| અકબરભાઈ રાહી ટેલર–આમોદ | ૧ બકરાનું |
| મસ્તુભાઈ–આમોદ | ૧ બકરાનું |
| ઈકબાલભાઈ રાઝ–આમોદ | ૧ બકરાનું |
| જાફરભાઈ રાણા–આમોદ | ૧ બકરાનું |
| અબ્દુલહમીદ રાણા–આમોદ | ૧ બકરાનું |
| નસ્રૂ રાઝ–આમોદ | ૧ બકરાનું |
| અબ્દુલહમીદ હેલ્પર–આમોદ | ૧ બકરાનું |
| સાદિકભાઈ રાણા–આમોદ | ૧ ઘેટાનું |
| મનહરભાઈ રાણા–આમોદ | ૧ બકરાનું |
| સાદિકભાઈ રાણા–આમોદ | ૧ બકરાનું |
| આદમભાઈ સેલાર–વલણ | ૧ મોટાનું |
| ધીરજ અબ્દુલમજીદ–દયાદરા | ૧ મોટાનું |
| ઝહીરભાઈ ઓમીન–ભરૂચ | ૩ મોટાનાં |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના સહાયકોને બંને જહાનમાં બેહતરીન બદલો આપે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે, તેમને તેમની ઔલાદને ઈમાન પર રાખે અને સૌનો ખાત્મો ઈમાન પર કરે. (આમીન)** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*